CMYK CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ નવેમ્બર ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક વદ ચોથ | અંક : ૧૩૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## કોંગ્રેસ પ્રમુખ ખડગેએ ભાજપ-RSSને ઝેરી સાપ ગણાવ્યા

### ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સેવા સંઘની સરખામણી ઝેર સાથે કરતાં મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, આવા ઝેરી સાપને મારી નાખવો જોઈએ

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી ૨૦ નવેમ્બરના રોજ યોજાશે ત્યારે આજે ચૂંટણી પ્રચારનો છેલ્લો દિવસ છે. ચૂંટણી પ્રચાર દરમિયાન આરોપ-પ્રત્યારોપ પણ ચરમસીમાએ છે. રવિવારે એક ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભાજપ-આરએસએસ વિશે એવી વાત કરી કે હંગામો થઈ ગયો. એટલું જ નહીં ખડગેએ પીએમ મોદી માટે વાંધાજનક ભાષાનો પણ ઉપયોગ કર્યો હતો. આ નિવેદન પછી સ્વાભાવિક રીતે જ હોબાળો થઈ ગયો છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ રવિવારે સાંગલીમાં એક જનસભાનું સંબોધન કરતી વખતે ભારતીય જનતા પ ાર્ટી અને રાષ્ટ્રીય સેવા સંઘની સરખામણી ઝેર સાથે કરતાં કહ્યું હતું કે, આવા ઝેરી સાપને મારી નાખવો જોઈએ. એટલું જ નહીં, પરંતુ ખડગેએ ભાજપ અને આરએસએસને રાજનૈતિક રૂપે સૌથી ખતરનાક પણ ગણાવ્યા હતા. મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, 'દેશમાં જો કોઈ રાજકીય રીતે સૌથી ખતરનાક છે તો તે ભાજપ-આરએસએસ છે. આ બંને ઝેર સમાન છે. જો કોઈ વ્યક્તિને સાપ કરડે તો તે મૃત્યુ પામે છે. આવી સ્થિતિમાં ઝેરી સાપને મારી નાખવો જોઈએ.'



વડાપ્રધાન મોદી પર નિશાન સાધતાં ખડગેએ કહ્યું કે, મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી છે, આ દેશના વડાપ્રધાનને પસંદ કરવાની ચૂંટણી નથી, પરંતુ પીએમ મોદીની સત્તાની ભૂખ હજુ સંતોષાઈ નથી. હવે કોંગ્રેસ અધ્યક્ષના નિવેદન પર રાજકીય જંગ છેડાઈ ગયો છે.

ભાજપ પર કટાક્ષ કરતાં કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, મહારાષ્ટ્ર ચૂંટણીમાં પ્રચાર કરનારા નેતાઓની સંખ્યા તેના ઉમેદવારોની સંખ્યા કરતાં વધારે છે. પીએમ મોદી સંઘર્ષ સામે ઝઝૂમી રહેલા મણિપુરની મુલાકાત ન લેતા વિદેશ યાત્રા કરવામાં વધુ વ્યસ્ત છે. પીએમ મોદી ગઈકાલ સુધી અહીં હતા. આજે તેઓ વિદેશમાં છે. મણિપુર સળગી રહ્યું છે, લોકો મરી રહ્યા છે, આદિવાસી મહિલાઓનું અપમાન થઈ રહ્યું છે અને મહિલાઓ પર બળાત્કાર થઈ રહ્યો છે, પરંતુ મોદીજીએ ક્યારેય મણિપુરની મુલાકાત લીધી નથી.

આ દરમિયાન ખડગેએ વધુમાં કહ્યું કે, આજે પણ તેઓ એક દેશની મુલાકાતે છે. હું તેમને કહેવા માંગુ છું કે તેઓ પ હેલાં તેમના ઘરની સંભાળ રાખે. પહેલાં દેશને મજબૂત બનાવો પછી અન્ય દેશોની મુલાકાતે જાઓ. ભારતના દૃષ્ટિકોણથી, ખડગેએ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયા અને ચીનના રાષ્ટ્રપતિ સાથેની વડાપ્રધાનની બેઠકના પરિણામો પર પણ સવાલો ઉઠાવ્યા હતા. એટલું જ નહીં, કોંગ્રેસ અધ્યક્ષે ઉત્તર પ્રદેશના ઝાંસીની હૉસ્પિ ટલમાં આગની ઘટનાને લઈને પણ સીએમ યોગી પર પણ નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે હૉસ્પિટલમાં આગમાં ૧૦ બાળકોના મોત થયા છે. આમ છતાં મહારાષ્ટ્રમાં તેમની જાહેરસભાઓ બંધ થઈ ન હતી. આ દરમિયાન ખડગેએ વધુમાં કહ્યું કે, આજે પણ તેઓ એક દેશની મુલાકાતે છે. હું તેમને કહેવા માંગુ છું કે તેઓ પ હેલાં તેમના ઘરની સંભાળ રાખે. પહેલાં દેશને મજબૂત બનાવો પછી અન્ય દેશોની મુલાકાતે જાઓ. ભારતના દૃષ્ટિકોણથી, ખડગેએ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયા અને ચીનના રાષ્ટ્રપતિ સાથેની વડાપ્રધાનની બેઠકના પરિણામો પર પણ સવાલો ઉઠાવ્યા હતા. એટલું જ નહીં, કોંગ્રેસ અધ્યક્ષે ઉત્તર પ્રદેશના ઝાંસીની હૉસ્પિ ટલમાં આગની ઘટનાને લઈને પણ સીએમ યોગી પર પણ નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે હૉસ્પિટલમાં આગમાં ૧૦ બાળકોના મોત થયા છે. આમ છતાં મહારાષ્ટ્રમાં તેમની જાહેરસભાઓ બંધ થઈ ન હતી.

### ન્યૂઝ બ્રિફ

## પ્રદૂષણ મામલે SCએ દિલ્હી સરકારને લગાવી ફટકાર

। નવી દિલ્હી, તા. ૧૮ ।

દિલ્હીમાં વાયુ પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચી ગયું છે. દિલ્હી-NCRમાં વધી રહેલા આ વાયુ પ્રદૂષણ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં આજે સોમવારે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકાર પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. સર્વોચ્ચ અદાલતે દિલ્હી સરકારને ફટકાર લગાવતા પૂછ્યું કે, GRAP ...હેલા કેમ લાગુ ન કરવામાં આવ્યું? એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) સ્તર ૩૦૦થી ઉપર હતું ત્યારે GRAP-3 શા માટે લાગુ કરવામાં ન આવ્યું? સુપ્રીમ કોર્ટે પૂછ્યું કે, ૧૩ નવેમ્બરે AQI ૪૦૧ને પાર કરી ગયો, પ રંતુ ત્રણ દિવસ પછી કેમ GRAP-3 લાગુ કરવામાં આવ્યું?

જસ્ટિસ અભય એસ ઓક અને જસ્ટિસ ઑગસ્ટિન જ્યોર્જ મસીહની બેંચે સુનાવણી હાથ ધરી હતી. ૧૪ નવેમ્બરે દિલ્હીમાં ખતરનાક પ્રદૂષણ અંગે સુપ્રીમ કોર્ટ પાસે વહેલી સુનાવણીની માગણી કરતા એમાઈકસે કહ્યું કે, આજે આપણે ગંભીર પરિસ્થિતિમાં છીએ. સરકારે હજુ સુધી કોઈ નક્કર પગલાં લીધા નથી. આપ ણે દિલ્હીને વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર ન બનવા દેવું જોઈએ. ગત સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે વધતા પ્રદૂષણ પર રાજ્ય સરકારોને ફટકાર લગાવી હતી અને કહ્યું હતું કે, જ્યાં સુધી પ્રદૂષણ સંબંધિત મામલામાં કડક નિર્ણય નહીં લેવામાં આવે ત્યાં સુધી કંઈ થશે નહીં. મહત્ત્વપૂર્ણ છે કે, દિલ્હીમાં વાયુ પ્રદૂષણ ખતરનાક સ્તરે પ હોંચી ગયું છે. સોમવારે AQI ૪૮૧ નોંધાયું હતું. તેને જોતા આજથી દિલ્હીમાં GRAP-4 લાગુ કરવામાં આવ્યું છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઔર અદાણી એક હૈ, તો સૈફ હૈ

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે હવે માત્ર બે દિવસનો સમય રહ્યો છે. રાજ્યમાં ૨૦ નવેમ્બરના રોજ મતદાન થશે અને ૨૩ નવેમ્બરના રોજ ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવશે. આજે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પ્રચાર પ ડઘમ શાંત થઈ જશે. રાહુલ ગાંધી આજે મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો. આ દરમિયાન મીડિયા સાથે વાત કરતાં તેમણે અદાણી અને પીએમ મોદી પર નિશાન સાધ્યું છે.

રાહુલ ગાંધીએ રાજ્યની મહાયુતિ તથા કેન્દ્રની દ્વહ્છ સરકાર પર આરોપ લગાવતાં કહ્યું હતું, કે 'મહારાષ્ટ્રની વર્તમાન સરકારે ફોક્સકોન, એરબસ જેવા સાત લાખ કરોડ રૂપિયાના રોકાણ મહારાષ્ટ્રથી ઝૂંટવીને ગુજરાત ટ્રાન્સફર કર્યા. જેના કારણે મહારાષ્ટ્રના લોકોની નોકરી છીનવાઈ ગઈ છે.'

રાહુલ ગાંધીએ આ દરમિયાન અદાણી અને પીએમ મોદી પર નિશાન સાધતાં કહ્યું કે, 'પીએમ મોદીએ ચૂંટણીનો નારો આપ્યો છે. તેમણે કહ્યું છે કે, એક હૈ તો સૈફ હૈ. તેમના આ નારાથી માત્ર એક જ વ્યક્તિ સાથે મતલબ છે.'



આટલું બોલીને તેમણે પીએમ મોદી અને અદાણીનું પોસ્ટર બતાવ્યું હતું. આમ ફરી એક વખત કોંગ્રેસે વડાપ્રધાન મોદીના 'હમ એક હૈ, તો સેફ હૈ' નિવેદનને યાદ કરી ભાજપને આડે હાથ લીધી હતી.

ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ મુદ્દે પણ રાહુલ ગાંધીએ વડાપ્રદાન મોદી પર નિશાન સાધતાં કહ્યું કે, 'ભાજપ મુંબઈમાં ધારાવીની જમીન માત્ર એક જ વ્યક્તિને આપવા માગે છે. આ જ કારણોસર તે આ પ્રોજેક્ટને લઈને આવી રહી છે. ભાજપ અહીં સ્થિત નાના ઉદ્યોગોને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે. તેઓ બધું માત્ર એક જ વ્યક્તિના હાથમાં આપવા માગે છે.'

ધારાવીના વિકાસને લઈને રાહુલ ગાંધીએ કહ્યું કે, 'અમારી પાસે ધારાવીના વિકાસને લઈને યોજના છે. અમે અહીંના લોકોને ધ્યાનમાં રાખીને પ્લાન બનાવીશું. અમે માત્ર કોઈ એક વ્યક્તિના કહેવા પર પ્લાન નહીં બનાવીએ. અહીં પૂરનો મુદ્દો પણ છે. આપણે તેના પર પણ કામ કરવાનું છે.' ધારાવી રિડેવલપ મેન્ટ પ્રોજેક્ટ મુદ્દે પણ રાહુલ ગાંધીએ વડાપ્રદાન મોદી પર નિશાન સાધતાં કહ્યું કે, 'ભાજપ મુંબઈમાં ધારાવીની જમીન માત્ર એક જ વ્યક્તિને આપવા માગે છે. આ જ કારણોસર તે આ પ્રોજેક્ટને લઈને આવી રહી છે. ભાજપ અહીં સ્થિત નાના ઉદ્યોગોને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે. તેઓ બધું માત્ર એક જ વ્યક્તિના હાથમાં આપવા માગે છે.' ધારાવીના વિકાસને લઈને રાહુલ ગાંધીએ કહ્યું કે, 'અમારી પાસે ધારાવીના વિકાસને લઈને યોજના છે. અમે અહીંના લોકોને ધ્યાનમાં રાખીને પ્લાન બનાવીશું. અમે માત્ર કોઈ એક વ્યક્તિના કહેવા પર પ્લાન નહીં બનાવીએ. અહીં પૂરનો મુદ્દો પણ છે. આપણે તેના પર પણ કામ કરવાનું છે.'

### ઊર્જા ક્ષેત્રની સવલતોને નિશાન બનાવાયા: અનેકનાં મોત

## રશિયાનો ૨૦૦થી વધુ મિસાઇલ-ડ્રોન સાથે યુક્રેનમાં ભીષણ હુમલો

। (એજન્સી) કીવ, તા.૧૮ ।

રશિયાએ યુક્રેનના ઊર્જાક્ષેત્રના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવીને પ્રચંડ ડ્રોન અને મિસાઈલ હુમલો કર્યો હતો, જેમાં અનેક લોકો માર્યા ગયા છે. યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સકીએ કહ્યું કે રશિયાએ યુક્રેનમાં મોટા પાયે હુમલો કરીને કુલ ૧૨૦ મિસાઈલ અને ૯૦ ડ્રોન છોડ્યા છે. રશિયાના આ હુમલાને તાજેતરના મહિનાઓમાં યુક્રેન પરનો સૌથી ગંભીર હુમલો ગણાવામાં આવી રહ્યો છે. રશિયા શિયાળાની મોસમ પહેલા યુક્રેનની વીજ ઉત્પાદન ક્ષમતાને નષ્ટ કરવા માગે છે તેવી આશંકા વચ્ચે આ હુમલો અત્યંત ઘાતકી અને વ્યૂહાત્મક મનાય છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ કહ્યું હતું કે રશિયાએ યુક્રેનમાં મોટા પાયે હુમલો કરીને કુલ ૧૨૦ મિસાઈલ અને ૯૦ ડ્રોન છોડ્યા છે.ઝેલેન્સકીએ દાવો કર્યો હતો કે હુમલામાં ઈરાન દ્વારા નિર્મિત શાહિદ તેમજ ક્રૂઝ, બેલેસ્ટિક અને એરક્રાફ્ટ દ્વારા લોન્ચ કરાયેલી બેલેસ્ટિક મિસાઈલો સહિત વિવિધ પ્રકારના



ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઝેલેન્સકીએ ટેલિગ્રામ પર શેર કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે યુક્રેનિયન સુરક્ષા દળોએ ૧૪૦ મિસાઈલો અને ડ્રોનને તોડી પાડ્યાં છે. ઝેલેન્સકીએ કહ્યું હતું કે દુશ્મનનું લક્ષ્ય યુક્રેનમાં અમારું ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર હતું. માયકોલાઈવમાં ડ્રોન સ્ટ્રાઈકના પરિણામે બે લોકો મૃત્યુ પામ્યા હતાં જ્યારે બે બાળકો સહિત છ લોકો ઘાયલ થયા છે. રાજધાની કીવ શહેરના સૈન્ય પ્રશાસનના વડા સેરહી પોપકોના જણાવ્યા અનુસાર ડ્રોન અને મિસાઈલનો આ સંયુક્ત હુમલો ત્રણ મહિનામાં સૌથી ભીષણ મોટો હતો.

### TMKOC ના સેટ પર ગરમાગરમી

## દિલીપ જોશીએ આસિત મોદીનો પકડ્યો કોલર

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' લોકોનો ફેવરિટ ટીવી શો છે. આ શો છેલ્લા એક દાયકાથી વધુ સમયથી દર્શકોનું મનોરંજન કરી રહ્યો છે. આ શોમાં દિલીપ જોશી જેઠાલાલનું પાત્ર ભજવે છે, જેને ખૂબ પસંદ કરવામાં આવે છે. આ દરમિયાન દિલીપ જોશી અને નિર્માતા અસિત મોદીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. તાજેતરમાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મામલો એટલો વધી ગયો કે દિલીપ જોશીએ અસિત મોદીનો કોલર પણ પકડી લીધો. આ ઘટના ઓગસ્ટની શરૂઆતમાં બની હતી. સેટ પર રજાને લઈને દિલીપ અને અસિત વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સૂત્રએ જણાવ્યું કે દિલીપે અસિત સાથે થોડા દિવસની રજા માટે વાત કરી, પરંતુ નિર્માતાએ તેની અવગણના કરી. જેના કારણે દિલીપ જોશી ગુસ્સે થઈ ગયા હતા. બંને વચ્ચે ઝપાઝપી પણ થવાની હતી. 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' શોના નિર્માણ સાથે સંકળાયેલા એક સૂત્રએ કહ્યું, 'કુશ શાહના શૂટિંગનો છેલ્લો દિવસ હતો.

### ભારતીયો માટે જર્મનીથી મોટા ખુશખબર

## ઈમિગ્રેશન નિયમોમાં ઢીલ, અપાશે ૨ લાખથી વધુ વિઝા

। (એજન્સી) જર્મની, તા.૧૮ ।

જર્મની છેલ્લા કેટલાક સમયથી મજૂરોની અછતને કારણે આર્થિક ક્ષેત્રમાં સંકટનો સામનો કરી રહ્યું છે. આ સંકટને ધ્યાનમાં રાખીને જર્મની સરકારે ગયા વર્ષે પણ પોતાના શ્રમ બજારને વધારવા માટે ઈમિગ્રેશન નિયમોમાં પણ રાહત આપી હતી. તે હજુ પણ કામદારોની અછતનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં હવે જર્મની સરકારે શ્રમિક વિઝાની કુલ સંખ્યા





વધારવાનો નિર્ણય લીધો છે. સરકારે આ માહિતી આપી હતી. આ નિર્ણય અનુસાર સરકારે ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે (૨૦૨૪) તેમાં ૧૦ ટકાનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. જર્મની સરકાર દ્વારા લેવામાં આવતા ભારતના લોકો માટે આ સારા સમાચાર છે. આ નિર્ણયથી ભારતીયોને ફાયદો થઈ શકે છે.

હ્રુઉના રિપોર્ટ મુજબ, જર્મન સરકારે ગયા વર્ષે કેનેડાથી પ્રેરિત એક પોઈન્ટ બેસ્ડ સિસ્ટમને અપનાવી હતી. જે ઓપોર્ચ્યુનિટી કાર્ડ તરીકે ઓળખાયમાં આવે છે. આ હેઠળ વ્યાવસાયિકો અને યુનિવર્સિટીના સ્નાતકો માટે દેશમાં પ્રવેશ અપાવવા, અભ્યાસ કરવા અને કામ શોધવામાં વધુ સરળ બનાવે છે.

### લોહીથી ખરડાયેલો ફોટો શેર કર્યો

## કોમેડિયન કૃષ્ણા અભિષેકની પત્ની કશ્મીરા શાહનો એક્સિડન્ટ થયો

। મુંબઈ, તા. ૧૮ ।

કૉમેડિયન કૃષ્ણા અભિષેકની પત્ની કશ્મીરા શાહ એક ભયાનક અકસ્માતનો શિકાર બની છે. કાશ્મીરાએ પ ોતે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને તેના અકસ્માતના સમાચાર શેર કર્યા છે. તેમની પોસ્ટ બાદ ઈન્ડસ્ટ્રીમાં હલચલ મચી ગઈ છે. સેલેબ્સની સાથે ચાહકો પણ કાશ્મીરીના સ્વાસ્થ્ય વિશે જાણવા માટે કોમેન્ટ કરી રહ્યા છે. કાશ્મીરાએ પોસ્ટમાં લોહીના ડાઘવાળા કપડાની તસવીરો શેર કરી છે. આ ફોટા જોયા બાદ તેના મિત્રો અને સંબંધીઓ વધુ ગભરાઈ ગયા છે. કશ્મીરા શાહે ઈન્સ્ટાગ્રામ પર લોહીના ડાઘવાળા કપડાંના ફોટા શેર કરીને તેના અકસ્માત વિશે માહિતી આપી અને લખ્યું – 'મને બચાવવા માટે ભગવાનનો આભાર. મારી સાથે એક ખૂબ જ વિચિત્ર અકસ્માત થયો. કંઈક મોટું થવાનું હતું પણ નાનામાં જ હું સુરક્ષિત બહાર આવી ગઈ. આશા છે કે ત્યાં કોઈ ડાઘ નહીં હોય. દરરોજ ખૂલીને જીવો. પાછા આવવા માટે રાહ જોઈ શકતા નથી.



## ન્યૂઝ બ્રિફ

### આંતરરાષ્ટ્રિય મેન્સ ડે : ઝી ટીવીના કલાકારો પુરુષની ઉજવણી વિશે ચર્ચા કરે છે

। (એજન્સી) તા.૧૮ ।

આંતરરાષ્ટ્રિય પુરુષ દિનની ઉજવણી દર વર્ષે ૧૯મી નવેમ્બરના રોજ કરવામાં આવે છે, જે પુરુષોના માનસિક સ્વાસ્થ્ય અને તેમના જીવનમાં જે અન્ય મુશ્કેલીઓ છે, તેમના વિશે જાગૃતતા ફેલાવવા માટે કરવામાં આવે છે. દરેકને એ યાદ કરાવે છે કે, પુરુષો તથા તેમના જીવનને બનાવવા માટે તે જે મહેન કરે છે, તેમની ઉજવણી કરો. આ આંતરરાષ્ટ્રિય પુરુષ દિન પર ઝી ટીવીના કલાકારો જેમ કે, ભાગ્ય લક્ષ્મીની ઐશ્વર્યા ખરે, જાને અન્જાને હમ મિલેંનો ભારત આહ્વાવત, કુંડલી ભાગ્યની અદ્રિજા રોય, રબ સે હૈં દુઆની યેશા રૂઘાણી, જાગૃતિ-ઈક નયી સુબહનો આર્યા બબ્બર, કુમકુમ ભાગ્યની સૃષ્ટિ જૈન તથા ભાગ્ય લક્ષ્મીનો રોહિત સુચાંતિ પુરુષોના પ્રયત્નો તથા તેઓ આપણા જીવનમાં ઉમેરાતા મૂલ્યને સ્વિકારવાના મહત્વ વિશે ચર્ચા કરે છે. ભારત આહ્વાવત, જે ઝી ટીવીના જાને અન્જાને હમ મિલેંમાં રાઘવનું પાત્ર કરતો જોવા મળે છે તે કહે છે, ''આંતરરાષ્ટ્રિય પુરુષ દિન એ દરેક માણસની સફર, પડકારો, વિકાસ બધામાંથી પસાર થવા માટે જે પ્રયત્ન કરે છે તેને પ્રતિબિંબિત કરવાનો સમય છે. મેં મારી આસપાસ એવા ઘણી પુરુષો જોયા છે, જેઓ બહુ અભિવ્યક્ત નથી કરી શકતા અને હંમેશા પોતાના પહેલા તેમના પરિવારની મદદ કરે છે. પરંતુ આ દિવસે હું ઈચ્છું છું કે, દરેક વ્યક્તિ પોતાની જાતની ઉજવણી કરે અને પોતાની જાતને એક આલિંગન આપે, પોતે જે કરે છે તેના પર ગર્વ લે! આંતરરાષ્ટ્રિય પુરુષ દિનની હાર્દિક શુભકામના!'' ઐશ્વર્યા ખરે, જે ઝી ટીવીના ભાગ્ય લક્ષ્મીમાં લક્ષ્મીનું પાત્ર કરી રહી છે તે કહે છે, ''આંતરરાષ્ટ્રિય પુરુષ દિન એ આપણા જીવનના એવા પુરુષોને સ્વિકારવાની એક એવી અદ્દભુત તક છે, જેઓ એક સારા પુત્ર, ભાઈ, સહયોગી અને પિતા બનવા માટે હંમેશા પ્રયત્ન કરે છે. આ તેમની શક્તિઓ અને તેઓ જે સ્થિતિસ્થાપક્તામાંથી શાંતિપૂર્વક પસાર થાય છે.

### યુવતીનું ફેક ઇન્સ્ટા એકાઉન્ટ બનાવી ફોટા મૂકી પૈસા માગ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

યુવતીઓ અને મહિલાઓના ફેક એકાઉન્ટ બનાવી તેમને બદનામ કરતા સાયબર ગઠિયાઓથી મહિલાઓ પરેશાન થઈ ગઈ છે ત્યારે જ અમદાવાદમાં વધુ એક યુવતીનું ફેક એકાઉન્ટ બનાવી તેના પર 'હેલ્પ મી' લખીને પૈસા પડાવવામાં આવતા હતા. આ બાબતે યુવતીને જાણ થતાં તેણે સાયબર ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદને આધારે વધુ તપાસ આદરી છે.શહેરના પોશ વિસ્તારમાં રહેતી યુવતી ખાનગી લેબમાં કામ કરે છે અને લાંબા સમયથી ઈન્સ્ટાગ્રામમાં પોતાનું એકાઉન્ટ ઓપરેટ કરે છે. થોડા સમય પહેલાં જ તેને સ્વજનો દ્વારા જાણવા મળ્યું હતું કે તેના નામનું ફેક એકાઉન્ટ બનાવીને કોઈએ તેના પર યુવતીના જુદા જુદા વીડિયો અને ફોટા મૂક્યા છે. આટલું જ નહીં, ફેક એકાઉન્ટ બનાવનારે પોતાને રૂપિયાની ખૂબ જ જરૂર હોવાથી 'હેલ્પ મી' લખીને લોકો પાસેથી પૈસા માગવામાં આવી રહ્યા છે.યુવતીએ તપાસ કરતાં કોઈ સાયબર ગઠિયાએ યુવતીનું ફેક એકાઉન્ટ બનાવી તેના પર હેલ્પ મી લખીને ક્યૂઆર સ્કેનર પણ મૂક્યું હતું. જેથી સીધા રૂપિયા ટ્રન્સફર કરી શકાય. આ બાબતે યુવતીએ સાયબર ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આ ફેક એકાઉન્ટ બનાવી તેને ઓપરેટ કરનારની તલાશ આદરી છે. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલાં જ પૂર્વ વિસ્તારની એક યુવતીનું ફેક એકાઉન્ટ બનાવી તેના જ મોર્ફ કરેલા ફોટા વાયરલ કરવામાં આવ્યા હોવાની ફરિયાદ નોંધાતાં પોલીસે આ ફોટા વાયરલ કરનાર ગઠિયાની તલાશ આદરી છે. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલાં જ પૂર્વ વિસ્તારની એક યુવતીનું ફેક એકાઉન્ટ બનાવી તેના જ મોર્ફ કરેલા ફોટા વાયરલ કરવામાં આવ્યા હોવાની ફરિયાદ નોંધાતાં પોલીસે આ ફોટા વાયરલ કરનાર ગઠિયાની તલાશ આદરી છે.



ચૂંટણી ઝુંબેશમાં નરેન્દ્ર મોદી, અમિત શાહ, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા જેવા અગ્રણી નેતાઓ અને ઘણા કેન્દ્રીય મંત્રીઓ તેમના ઉમેદવારો માટે મત મેળવવા માટે રાજ્યની સીમા પાર કરતા જોવા મળ્યા હતા.

### ભારતકૂલ ખાતે ગીતાના મેનેજમેન્ટ વિઝડમ પર ડો. અંજુ શર્માએ રસપ્રદ જાણકારી આપી

। (એજન્સી) સુરત, તા.૧૮ ।

સ્પિરિચ્યુયલ ઈંટેલિજન્સ વિષય પર પીએચડી ધરાવતા બ્યુરોક્રેટ ડૉ. અંજુ શર્મા (IAS), એ ભારટકૂળ પ્લેટફોર્મ પરથી ગીતાના જ્ઞાનને આધુનિક વ્યવસ્થાપનમાં કેવી રીતે લાગુ કરી શકાય તેના પર ખૂબ જ સમજદાર પ્રવચન આપ્યું હતું. આ વિષય પર બોલતા, ડૉ. શર્માએ કર્મના સિદ્ધાંતની થીયરી અને કેવી રીતે કૃષ્ણએ અર્જુનને પ્રેરિત કરવા માટે તેને સમજાવ્યું, કે જે અનેક પ્રશ્નોનો સામનો કરી રહ્યો હતો જે આજે મેનેજમેંટ માટે પણ જરૂરી છે. લાંબી કારકિર્દી સાથે વરિષ્ઠ અમલદાર તરીકે, અંજુ શર્માએ એક અધિકારી તરીકે તેઓએ અનુભવેલી વાસ્તવિક જીવન પરિસ્થિતિઓમાંથી ઉદાહરણો આપીને જ્ઞાન યોગ સાથે સંબંધિત ઘણા જટિલ ભારતીય ખ્યાલો સમજાવી અને કોઈના કર્મોના ફળ સાથે જોડાયેલા ન રહેવાના વિચાર પર ભાર મૂક્યો. તેમનું વ્યાખ્યાન યુવા સંચાલકો માટે મેનેજમેન્ટમાં માસ્ટરક્લાસ હતું. ભારતકુલ આશા રાખે છે કે આવા ભારત-કેન્દ્રિત જ્ઞાન નિષ્ણાતો માટે એક મંચ બનશે.

બુકાનીધારી મહિલા વૃદ્ધાની આંખમાં મરચાની ભૂકી નાખી ભાગી હતી

### લૂંટના ઈરાદે વૃદ્ધાના ઘરમાં ઘૂસેલા પ્રેમી યુગલની વાડજ પોલીસે ધરપકડ કરી

ઉસ્માનપુરામાં આવેલી શાંતિનગર સોસાયટીમાં રહેતા વૃદ્ધા ઘરે એકલા હતા ત્યારે બંગ્લોના ધાબેથી બુકાનીધારી મહિલા ઘરમાં ઘૂસી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ઉસ્માનપુરામાં આવેલી શાંતિનગર સોસાયટીમાં રહેતા વૃદ્ધા ઘરે એકલા હતા ત્યારે બંગ્લોના ધાબેથી બુકાનીધારી મહિલા ઘરમાં ઘૂસી હતી. આ મહિલાએ લૂંટ કે ચોરીના ઈરાદે વૃદ્ધાની આંખમાં મરચાની ભૂકી નાખી ઝપાઝપી કરી હતી. બાદમાં વૃદ્ધાને બાથરૂમ અને રૂમમાં પૂરવાની પણ કોશિશ કરી હતી. આ મહિલા ચોરી કે લૂંટ કરવામાં સફળ ન થતાં ત્યાંથી ભાગી ગઈ હતી. વાડજ પોલીસે આ મામલે તપાસ કરીને ગણતરીના સમયમાં જ આરોપી મહિલાના સાગરીતના એક્ટિવાના નંબરથી પ્રેમી યુગલની ધરપકડ કરી છે. ઉસ્માનપુરા શાંતિનગર સોસાયટીમાં રહેતા પરાગબેન શાહના મકાનના નીચેના ભાગે તેમના પતિ નર્સિંગ હોમ ચલાવતા હતા. જે ચાર



વર્ષથી બંધ હાલતમાં છે અને ત્યાં સ્ટાફના શાંતાબેન રહે છે. ગત શુક્રવારે સવારે પરાગબેન ઘરે એકલા હતા તેવામાં સાડા આઠેક વાગ્યે મકાનના ધાબાની સીડી વાટેથી એક બુકાનીધારી મહિલા ગોગલ્સ પહેરીને આવી હતી. આ મહિલાને બુકાની અને ગોગલ્સ કાઢવાનું કહેતા જ તેણે વૃદ્ધા પર હાથ મારીને ચશ્મા કાઢી નાખી આંખમાં મરચાની ભુકી નાખી દીધી હતી. બાદમાં તેમને ખેંચીને બાથરૂમ અને બેડરૂમમાં પૂરી દેવાની કોશિશ કરી હતી.

### અમદાવાદ જિલ્લાની જનતા માટે તા. ૨૩ અને ૨૪ નવેમ્બરને ખાસ ઝુંબેશના દિવસો તરીકે નક્કી કરાયાં

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અપાયેલ કાર્યક્રમ મુજબ તા.૦૧/૦૧/૨૦૨૫ ના લાયકાતના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જેના સંદર્ભમાં લાયકાત ધરાવતા મહત્તમ નવા મતદારોની નોંધણી થાય અને નાગરિકો મતદારયાદીમાંથી તેમની વિગતોમાં સુધારા વધારા કરાવવા ઈચ્છે છે તેઓ આ કાર્યક્રમ માટે નક્કી કરવામાં આવેલ તા.૨૩/૧૧/૨૦૨૪ (શનિવાર), તથા તા.૨૪/૧૧/૨૦૨૪(રવિવાર)ના દિવસે તેઓના નજીકના બુથમાં ર્ન્ મારફત ફોર્મ ભરી શકશે તેમજ જો કોઈ મતદારને તેઓના વિસ્તાર સંદર્ભ મતદાર નોંધણી બાબતે કોઈ પ્રશ્ન, ફરિયાદ કે રજૂઆત હોય તો નીચે જણાવેલ અમદાવાદ જિલ્લાના મતદાર નોંધણી અધિકારીશ્રીઓ પૈકી તેમના વિસ્તારના અધિકારીશ્રીની કચેરીએ રૂબરૂ રજૂઆત ખાસ ઝુંબેશના દિવસોમાં કરી શકે છે.

### ડિગ્રી વગર એલોપેથિક દવા રાખીને ક્લિનિક ચલાવતા કાકા-ભત્રીજો ઝડપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદ શહેરના મેમનગર વાળીનાથ ચોક પાસેના ગોપાલનગરમાં પોલીસે બાતમીના આધારે રેડ પાડી નકલી ડોક્ટર અને કમ્પાઉન્ડરને ઝડપી લીધા છે. આરોપી કાકા-ભત્રીજા દુકાન ભાડે રાખીને એલોપેથિક દવા રાખતા હતા. કોઈપણ લાઈસન્સ અને ડિગ્રી વિના દવાખાનું ચલાવતા હતા. આ મામલે ગુજરાત યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી બંને આરોપીની ધરપકડ કરી છે.ગુજરાત યુનિવર્સિટી પોલીસને કંટ્રોલ રૂમ તરફથી મેસેજ મળ્યો હતો કે મેમનગર ગોપાલનગર ખાતે રોહીદાસનું દવાખાનું નકલી છે. ગુજરાત યુનિવર્સિટી પોલીસે અર્બન હેલ્થ સેન્ટરમાં જઈને ડોક્ટરને લેખિત યાદી આપી હતી. ડોક્ટરની ટીમ, મ્યુનિ.ની હેલ્થ વિભાગની ટીમ સાથે પોલીસે જઈને મેમનગર વાળીનાથમાં દુકાનમાં તપાસ કરી હતી. ત્યાં મની ક્લિનિક લખેલી દુકાનમાંથી એલોપેથિક દવાનો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થા સાથે રૂહિદાસ ઢાલી નામનો ૨૮ વર્ષનો યુવક પણ મળી આવ્યો હતો. રૂહિદાસની પૂછપરછ કરતા તે મૂળ પશ્ચિમ બંગાળનો રહેવાસી છે અને કેટલાક સમયથી દુકાન ભાડે રાખીને દવાખાનું ચલાવીને લોકોને દવા આપતો હોવાનું સામે આવ્યું હતું. દર્દીઓને દવા આપવા માટે કોઈ માન્ય સર્ટિફિકેટ ન હોવાથી પોલીસે ૪૨ હજારની મતાની દવાઓ કબ્જે કરી આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે વધુ તપાસ કરતા આરોપી રૂહિદાસ ઢાલી તેના કાકા લીટોન બીસ્વાસને પણ સાથે રાખીને કામ કરતો હોવાનું સામે આવ્યુ હતું. જેથી ગુજરાત યુનિ. પોલીસે પંચનામું કરી દવાનો જથ્થો કબ્જે લઈને રૂહિદાસ ઢાલી અને લીટોન બીસ્વાસ નામના બંને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ જથ્થા સાથે રૂહિદાસ ઢાલી નામનો ૨૮ વર્ષનો યુવક પણ મળી આવ્યો હતો. રૂહિદાસની પૂછપરછ કરતા તે મૂળ પશ્ચિમ બંગાળનો રહેવાસી છે અને કેટલાક સમયથી દુકાન ભાડે રાખીને દવાખાનું ચલાવીને લોકોને દવા આપતો હોવાનું સામે આવ્યું હતું. દર્દીઓને દવા આપવા માટે કોઈ માન્ય સર્ટિફિકેટ ન હોવાથી પોલીસે ૪૨ હજારની મતાની દવાઓ કબ્જે કરી આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે વધુ તપાસ કરતા આરોપી રૂહિદાસ ઢાલી તેના કાકા લીટોન બીસ્વાસને પણ સાથે રાખીને કામ કરતો હોવાનું સામે આવ્યુ હતું. જેથી ગુજરાત યુનિ. પોલીસે પંચનામું કરી દવાનો જથ્થો કબ્જે લઈને રૂહિદાસ ઢાલી અને લીટોન બીસ્વાસ નામના બંને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ફ્લાવર શોમાં ન્યૂસન્સ ના થાય તે માટે એન્ટ્રી ફી લેવામાં આવશે

## કાંકરિયા કાર્નિવલનું આયોજન હવે ખાનગી એજન્સીને હવાલે કરાશે

### દિવાળીનાં તહેવારોમાં શોપીંગ ફેસ્ટિવલની શરૂઆત બાદ હવે શહેરમાં મ્યુનિ. દ્વારા આયોજિત ઉત્સવોની મોસમ આવી રહી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

દિવાળીનાં તહેવારોમાં શોપીંગ ફેસ્ટિવલની શરૂઆત બાદ હવે શહેરમાં મ્યુનિ. દ્વારા આયોજિત ઉત્સવોની મોસમ આવી રહી છે. આગામી દિવસોમાં બુક ફેસ્ટિવલ, કાંકરિયા કાર્નિવલ, ફ્લાવર શો અને ફૂડ ફેસ્ટિવલનાં આયોજનની તૈયારીઓનો ધમધમાટ શરૂ થયો છે, પરંતુ તેમાં આ વર્ષથી કાંકરિયા કાર્નિવલનાં આયોજનની જવાબદારી ખાનગી એજન્સીને હવાલે કરવાની હિલચાલ ચાલી રહી છે, તેનાથી અનેક લાગતાવળગતાઓ નારાજ થવાની શક્યતા વધી જવા પામી છે.મ્યુનિ. સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઐતિહાસિક કાંકરિયા તળાવનું ડેવલપમેન્ટ કરાવીને શહેરીજનો માટે કાંકરિયા કાર્નિવલનો શુભારંભ કરાવ્યો હતો. જેમાં કાંકરિયા લેકફ્રન્ટમાં ત્રણ ચાર જગ્યાએ સ્ટેજ બનાવી ભારત જોડો કાર્યક્રમ, સાંસ્કૃતિક અને મનોરંજનના કાર્યક્રમો, મલ્ટીમીડિયા શો, લેસર શો સહિત વિવિધ પ્રકારની એક્ટિવિટીનું આયોજન મ્યુનિ.નાં અધિકારીઓ દ્વારા જ કરવામાં આવતું હતું.કાંકરિયા કાર્નિવલમાં પરફોમન્સ કરવાની તક મળે અને સાથે કમાણી પણ થાય તેવા હેતુથી અનેક સંસ્થાઓ, ગ્રૂપ અને વ્યક્તિઓ તેમનાં ઓળખીતા રાજકારણીઓની મદદ લેતાં હતા. શાસક ભાજપનાં અગાઉનાં અમુક હોદ્દેદારોએ પણ અનેક મિત્રો અને ભલામણોવાળાઓને તક આપી છે. એટલું જ નહિ, ડે.કમિશનરો તથા કાંકરિયા કાર્નિવલનાં આયોજન સાથે સંકળાયેલાં અધિકારીઓએ પણ પોતાનાં ઓળખીતાઓને તક આપવાની સાથે કમાણી કરવાની તક છોડી નથી તેવી ચર્ચા વર્ષોથી ચાલી આવે છે.દરમિયાનમાં વર્તમાન મ્યુનિ. કમિશનરે કાંકરિયા કાર્નિવલના આયોજનમાં ધરખમ ફેરફારો કરતાં કાર્નિવલનું આયોજન ખાનગી એજન્સીને સોંપવાનો નિર્ણય લીધો છે અને એજન્સીઓ દ્વારા પ્રેઝન્ટેશન પણ કરી દેવાયા હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે અધિકારીઓનું કહેવું છે કે, કાર્નિવલનાં આયોજનમાં ખાનગી એજન્સીને સઘળી જવાબદારી સોંપી દેવાથી કંઈક તો નવીનતા જોવા મળશે.

પતિ દારૂ પીવાની ટેવ ધરાવતા મહિલા પિયરમાં રહેવા આવી ગઈ હતી

### પ્રેમીએ પ્રેમિકાના પતિનું અપહરણ કરી માર મારી હાથ-પગ તોડી નાખ્યા

ઘણા સમયથી દંપતી સાથે રહેતા ન હતા, જોકે, તહેવારોમાં પતિ પત્ની અને સંતાનોને મળવા સાસરીમાં આવતો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

પરણિતાના પ્રેમીએ પતિનું અપહરણ કરી બેઝબોલ સ્ટિક મારી હાથ-પગ તોડી નાખ્યા હોવાનો કિસ્સો બન્યો છે. પરણિતાએ પ્રેમી સહિત ચાર શખ્સો સામે સરદારનગર પોલીસ સ્ટેશનમાં અપહરણ અને મારામારીની ફરિયાદ નોંધાવી છે.સરદારનગરમાં ૩૧ વર્ષીય મહિલા પતિ અને બાળકો સાથે રહેતી હતી. પતિ દારૂની લતવાળો હોઈ પરણિતા સંતાનોને લઈને પિયરમાં રહેવા જતી રહી હતી. ઘણા સમયથી દંપતી સાથે રહેતા ન હતા. જોકે, તહેવારોમાં પતિ પત્ની અને સંતાનોને મળવા સાસરીમાં આવતો હતો. ગત દેવદિવાળીની રાત્રે પતિ બાળકો માટે ફટાકડા લઈને સાસરીમાં ગયો હતો. ત્યાં મોડી રાત સુધી સૌએ ભેગા મળી ફટાકડા ફોડ્યા હતા. બીજી તરફ, પરણિતાને પાડોશી યુવક સાથે પ્રેમસંબંધ હતો. દેવદિવાળીની રાત્રે પતિ આવ્યો તે બાબતથી પ્રેમી નારાજ હતો. આ મામલે પ્રેમીએ મિત્રો સાથે મળીને મહિલાના પતિનું રિક્ષામાં અપહરણ કર્યુ હતું. કરાઈ કેનાલના તટમાં લઈ જઈ બેઝબોલ સ્ટિક વડે માર મારી હાથ-પગ તોડી નાખ્યા હતા. બાદમાં પ્રેમીએ પ્રેમિકાને ફોન કર્યો હતો કે, તારા પતિનું અપહરણ કર્યુ છે અને તેને માર મારી રહ્યો છે. પરણિતાએ સાસુ અને સસરા સહિત પરિવારના સભ્યોને આ અંગેની જાણ કરી હતી.

## પૂ. પ્રભુદાસબાપુની પુણ્યતિથિ નિમિત્તે સંતવાણી એવોર્ડ સમારોહ અને સંતવાણી યોજાઈ

। (એજન્સી) તા.૧૮ ।

તલગાજરડા - પુ. મોરારી બાપુના પિતાશ્રી પુજ્ય પ્રભુદાસબાપુની ૩૬ મી પુણ્યતિથિ નિમિત્તે છેલ્લા ૧૭ વર્ષથી આયોજિત થતો સંતવાણી એવોર્ડ સમારંભ ચિત્રકૂટધામ તલગાજરડામાં કારતક વદ બીજને રવિવાર તારીખ ૧૭-૧૧-૨૪ના યોજાયો. એવોર્ડ સમારોહમાં પુ.મોરારિબાપુએ દિક્ષાંત પ્રવચનમાં જણાવ્યું હતું કે ભજન એ આપણા સૌનો આહાર છે.જે આહારના સ્વરૂપોને આપણે તત્વજ્ઞાનની રીતે અલગ અલગ સ્વરૂપે જોઈ શકીએ.બાપુએ આપણાં ભોજનમાં અલગ અલગ વ્યંજનોને ભજનની સાથે જોડીને ઉદાહરણ સાથે સૌને હાડોહાડ ઉતરી જાય તેવી વાત મુકી હતી.બાપુએ વધુમાં જણાવ્યું કે ભજનનું એક સ્વરૂપ એ રોટલો છે તેથી શ્ઈઉ૯;અન્ને બ્રહ્મતી





વેદાનાશ્ઈઉ૯; એમ કહેવાયું છે.ભજન શુકનનું પ્રતીક પણ છે.ભજનિકની જીભે સરસ્વતી છે અને જીભ એ અગ્નિનું રુપ છે. ભજન ભ્રમ અને ભય ભાંગે છે અને આપણી ભ્રાંતિમાંથી તે શાંતિ તરફ લઈ જાય છે.ભજન કરતાં કરતાં સૌ સાધુ તરફ પ્રયાણ કરે છે.

આજના એવોર્ડ સમારોહમાં સર્જક વંદનામા સ્વ.શ્રી ઘીરા ભગતને સર્જક એવોર્ડ અર્પણ થયો.તેના પ્રતિનિધિ ગોઠડા વડોદરાના નારાયણભાઈ રબારીએ તે સ્વીકાર્યો હતો. ગાયકી માટે શ્રી રામદાસજી ગોંડલીયાને, તબલા સંગત માટે ભુપત પેન્ટરને,વાદ્ય સંગત માટે બેંજો વાદક શ્રી ચંદુભાઈ ડાભીને અને મંજીરાવાદક તરીકે ગોંસાઈ વિજયકુમારને આ એવોર્ડ અર્પણ કરીને વંદના કરવામાં આવી હતી. જેમા પ્રશસ્તિપત્ર, સુત્રમાલા,શાલ,રોકડ રકમ એનાયત થયા. પ્રારંભે પ્રા (ડો.) દિનુભાઈ ચુડાસમા સંપાદિત પુસ્તક શબ્દની નાવ મૌનના ઘાટેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સંપાદક શ્રી દિનુભાઈ એ પ્રાસંગિક પ્રસ્તુતિ કરી હતી.કાર્યક્રમનું સંચાલન શ્રી હરિશ્ચંદ્રભાઈ જોષી એ કર્યુ હતું. આયોજન વ્યવસ્થામાં શ્રી જયદેવભાઈ માંકડ જોડાયા હતા. સંતવાણીમા અનેક ભજનિકોએ પોતાની વાણી પીરસી હતી. સુત્રમાલા,શાલ,રોકડ રકમ એનાયત થયા. પ્રારંભે પ્રા (ડો.) દિનુભાઈ ચુડાસમા સંપાદિત પુસ્તક શબ્દની નાવ મૌનના ઘાટેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સંપાદક શ્રી દિનુભાઈ એ પ્રાસંગિક પ્રસ્તુતિ કરી હતી.કાર્યક્રમનું સંચાલન શ્રી હરિશ્ચંદ્રભાઈ જોષી એ કર્યુ હતું. આયોજન વ્યવસ્થામાં શ્રી જયદેવભાઈ માંકડ જોડાયા હતા. સંતવાણીમા અનેક ભજનિકોએ પોતાની વાણી પીરસી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨




નવી દિલ્હીમાં સંસદીય બાબતો અને લઘુમતી બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ વિકસીત ભારત એમ્બેસેડર યુવા કનેક્ટ પ્રોગ્રામમાં હાજર રહ્યા હતા.

### યુએસ પ્રમુખ બાઈડેન સાથે ચીનના પ્રમુખની અંતિમ મુલાકાત

# જિનપિંગે USની સંરક્ષણવાદી નીતિ પર ચિંતા વ્યક્ત કરી

### ચીન સંદેશાવ્યવહાર જાળવવા, સહકાર વધારવા અને મતભેદોનો ઉકેલ લાવવા માટે નવા યુએસ વહીવટીતંત્ર સાથે કામ કરવા તૈયાર

। (એજન્સી) લિમા, તા.૧૮ ।

પેરુના લિમા ખાતે એશિયા-પેસિફિક ઈકોનોમિક કો-ઓપરેશન સમિટ દરમિયાન ચીનના વડા શી જિનપિંગ શનિવારે અમેરિકી પ્રમુખ જો બાઈડેનને છેલ્લી વખત મળ્યા હતાં. જોકે તેમણે અમેરિકામાં નવનિર્વાચિત પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની અમેરિકા ફર્સ્ટની નીતિઓની ધ્યાનમાં રાખીને જણાવ્યું હતું કે ચીન અમેરિકાની નવી સરકાર સાથે કામ કરવા તૈયાર છે. શી જિનપિંગે જણાવ્યું હતું કે ચીન અને અમેરિકા વચ્ચેના સ્થિર સંબંધો માત્ર બંને રાષ્ટ્રો માટે જ નહીં, પરંતુ માનવતાના ભવિષ્ય માટે પણ મહત્વપૂર્ણ છે, તેથી અમેરિકા દૂરંદેશી પસંદગી કરે. બે મોટા દેશો એકબીજા સાથે સારા સંબંધો જાળવી રાખે તે માટે અમેરિકાએ યોગ્ય માર્ગની ચકાસણી કરતા રહેવું જોઈએ. ટ્રમ્પના નામનો ઉલ્લેખ કર્યા વગર જિનપિંગેતેમનીચિંતાવ્યક્તકરીહતીકેચૂંટણીપ્રચાર દરમિયાન નવા પ્રેસિડન્ટનાસંરક્ષણવાદી નિવેદનો



અમેરિકા-ચીન વચ્ચેના સંબંધોને ખરાબ કરી શકે છે.ચીન સંદેશાવ્યવહાર જાળવવા, સહકાર વધારવા અને મતભેદોનો ઉકેલ લાવવા માટે નવા યુએસ વહીવટીતંત્ર સાથે કામ કરવા તૈયાર છે. બાઈડને યુક્રેન યુદ્ધમાં રશિયાને મદદ કરતું નોર્થ કોરિયાને અટકાવવા માટે જિનપિંગને અનુરોધ કર્યો હતો. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સીના મુદ્દે બંને નેતાઓ પરમાણુ હથિયારોના ઉપયોગના નિર્ણય પર માનવ નિયંત્રણ જાળવવાની જરૂરિયાત પર સંમત થયાં હતાં. ટ્રમ્પના નેતૃત્વમાં યુએસ-ચીન સંબંધોમાં ભવિષ્યમાં કેવા રહેશે.

## ન્યૂઝ બ્રિફ

### ચીન સાથેના સંબંધોને નવી દિશા મળી હોવાનું કહેવામાં જયશંકર ખચકાયા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ભારત અને ચીનમાં લદ્દાખ સરહદે વિવાદિત વિસ્તારોમાંથી લશ્કર પાછું ખેંચવાની સંમતિ અંગે વિદેશ મંત્રી એસ જયશંકરે સ્પષ્ટ ટિપ્પણી કરી છે. તેમણે શનિવારે કહ્યું હતું કે, ગયા મહિને થયેલી સમજૂતી ચીન સાથેની સમસ્યાનો એક ભાગ હતો. જોકે, બંને દેશના સંબંધોમાં નવી શરૂઆત થઇ હોવાનું નિવેદન કરવામાં તેમણે ખચકાટ અનુભવ્યો હતો. જયશંકરે જણાવ્યું હતું કે, ‘‘બંને દેશ દ્વારા લશ્કર પાછું ખેંચવાના આખરી રાઉન્ડ પછી સંબંધોમાં થોડા સુધારાની આશા રાખવી વાજબી છે. હું ‘ડિસએન્ગેન્જમેન્ટ’ને ‘ડિસએન્ગેજમેન્ટ’ની રીતે જોઉં છું. તેનો વધુ અર્થ કાઢવો જોઈએ નહીં. ચીન સાથેની હાલની સ્થિતિ જોઈએ તો આપણું લશ્કર વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી)ની બહુ નજીક હતું. ૨૧ ઓક્ટોબરની સમજૂતીમાં ડિસએન્ગેજમેન્ટ માટેની આખરી સંમતિ હતી. તેના અમલ સુધી ડિસએન્ગેજમેન્ટનો પ્રશ્ન ઉકેલાઇ ગયો છે.’’બંને દેશનું લશ્કર પાછું ખેંચાવાથી ભારત-ચીન વચ્ચે નવા સંબંધોની શરૂઆત થઈ છે એવા પ્રશ્નના જવાબમાં જયશંકરે સ્પષ્ટતા કરી હતી.

### ૪ કરોડનું પ્રતિબંધિત ગૌ માંસ ઝડપાયું, પાંચ લોકોની ધરપકડ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

યુપીના નોઈડામાં મોટા પાયે ગૌમાંસની દાણચોરી અને સંગ્રહ કરવાનો મામલો સામે આવ્યો છે. ૪ કરોડનું બીફ જપ્ત કરીને તેનો નાશ કરવામાં આવ્યો છે. ગૌમાંસની પુષ્ટિ બાદ પોલીસે ૫ લોકોની ધરપકડ પણ કરી છે.૯ નવેમ્બરના રોજ, દાદરી કોતવાલી વિસ્તારમાં લુહારલી ટોલ પર, પશ્ચિમ બંગાળથી આવી રહેલી એક ટ્રકને કેટલાક લોકોએ અટકાવી અને માહિતી આપી કે તે પ્રતિબંધિત માંસ લઈ જઈ રહી છે. પોલીસે એક ટ્રકને રોકીને તેમાં રાખવામાં આવેલા માંસના નમૂનાને પરીક્ષણ માટે મોકલ્યા હતા. તપાસમાં તે બીફ હોવાની પુષ્ટિ થતાં પોલીસે પાંચ લોકોની ધરપકડ કરી છે.પોલીસે જે લોકોની ધરપકડ કરી છે તેમાં પૂરન જોશી, ખુર્શીદુન નબી, અક્ષય સક્સેના, શિવ શંકર અને સચિનનો સમાવેશ થાય છે, જેઓ કોલ્ડ સ્ટોરેજના માલિક, ડિરેક્ટર, મેનેજર અને ટ્રક ડ્રાઈવર છે. એડિશનલ ડીસીપીએ કહ્યું કે આ લોકોની દાણચોરી અને પ્રતિબંધિત માંસનો સંગ્રહ કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે.શિવશંકર અને સચિન પશ્ચિમ બંગાળથી એક ટ્રકમાં ૩૨ ટન માંસ લાવ્યા હતા. પ્રાપ્ત માહિતીના આધારે, ટ્રકમાં ભરેલા માંસના નમૂના લેવામાં આવ્યા હતા.

# રાહુલ ગાંધીએ મોદીના નારાની મજાક ઉડાવતા જે.પી.નડ્ડાને આવ્યો ગુસ્સો

### રાહુલ ગાંધી અવારનવાર બંધારણ લઈ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે પરંતુ તે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે : નડ્ડા

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડાએ સોમવારે મહારાષ્ટ્રમાં આયોજિત રેલીમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું છે. નડ્ડાએ રાહુલના એક હે તો સેફ હૈ સૂત્ર પર ઉડાવવામાં આવેલા મજાક પર રોષ ઠાલવતા કહ્યું છે કે, વડાપ્રધાન મોદીના એક હે તો સેફ હેનો અર્થ જ્યાં સુધી આપણે સૌ સાથે છીએ, ત્યાં સુધી તમામ સુરક્ષિત છીએ એવો છે.

રાહુલે અર્થનો અનર્થ કર્યો છે. વાસ્તવમાં રાહુલની પ્રેસ કોન્ફરન્સમાં મહા વિકાસ અઘાડીના એક સાથી ઉપસ્થિત ન હતાં. તેનો અર્થ એ થયો કે, તે એકલા છે ત્યારે જ સુરક્ષિત છે. રાહુલ ગાંધી હંમેશા એકલા જ રહે છે, એટલે તેમને લાગે છે કે, તે સુરક્ષિત છે. તેઓએ પહેલાં કોંગ્રેસના નેતાઓને એકજૂટ કરવા જોઈએ, ત્યારે જ તે દેશની એકતા અને



સુરક્ષાની વાતો કરી શકશે. તેમના જ ગઠબંધનની બેઠકોમાં ઘણી વખત નેતાઓ ગેરહાજર હોય છે. નડ્ડાએ જણાવ્યા મુજબ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અવારનવાર બંધારણ લઈ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. પરંતુ તે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેમણે પોતે બંધારણનું પુસ્તક વાંચ્યુ પણ નથી. બસ, તેઓ તેને સાથે રાખી ફરતા રહે છે. વધુમાં કહ્યું, ‘ડો. બાબાસાહેબ આંબેડકરે બંધારણમાં લખ્યું હતું કે ધર્મના આધારે અનામત આપી શકાય નહીં, પરંતુ આજે કોંગ્રેસ પાર્ટી કર્ણાટકમાં ખાનગી કોન્ટ્રાક્ટરોને ટેન્ડર આપવામાં લઘુમતીઓને ચાર ટકા અનામત આપી રહી છે.’

ભાજપ અધ્યક્ષે કહ્યું કે આર્થિક નીતિના મોરચે વિશ્વને વડાપ્રધાન મોદીમાં આશાનું કિરણ દેખાઈ રહ્યું છે. ૧૦ વર્ષ પહેલાં ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની ૧૨મી સૌથી મોટી અર્થવ્યવસ્થા હતી, પરંતુ પીએમ મોદીએ તેને ૫માં સ્થાને લાવી દીધું. તમે મહારાષ્ટ્રમાં મહાયુતિની સરકાર બનાવો અને મોદીના ત્રીજા કાર્યકાળમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.’

### પશ્ચિમ બંગાળમાં ફરી કોમી હિંસા

## મુર્શિદાબાદના બેલડાંગા વિસ્તારોમાં બે કોમની જૂથ વચ્ચે અથડામણ થઈ

। (એજન્સી) કોલકાતા, તા.૧૮ ।

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં ફરી એકવાર કોમી હુલ્લડ ફાટી નીકળ્યા છે. મુર્શિદાબાદના બેલડાંગા વિસ્તારોમાં બે કોમ વચ્ચે અથડામણ થતાં જિલ્લામાં બીએનએસની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. આ મામલે પોલીસે ૧૭ લોકોની ધરપકડ પણ કરી છે. એક ડિજિટલ ડિસ્પ્લે બોર્ડ પર કથિત આપત્તિજનક સંદેશના કારણે આ હિંસા શરૂ થઈ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ અધિકારીએ જણાવ્યા અનુસાર, બેલડાંગામાં કાર્તિક પૂજા ૫ ડાલની નજીક બનાવવામાં આવેલા કામચલાઉ ગેટ પર લગાવેલા ડિજિટલ ડિસ્પ્લે બોર્ડ પર હિન્દુ-મુસ્લિમ વચ્ચે લડાઈ કરાવવાના અર્થે ધર્મ વિરોધી સંદેશના કારણે અથડામણ સર્જાઈ હતી. જેમાં મુસ્લિમ સમુદાયના એક



વ્યક્તિએ સોશિયલ મીડિયા પર લોકોને ઉશ્કેરવા ધર્મ વિરોધી નિવેદનો રજૂ કરી હિન્દુઓને ધમકી આપી હતી. વિવાદ સર્જાતા બંને સમુદાયો વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં પથ્થરમારો અને હથિયારો વડે તોડફોડ કરવામાં આવી હતી. જેમાં દેશી બોમ્બ પણ ફેંકવામાં આવ્યા હતાં. પોલીસે સવાર સુધીમાં સ્થિતિ કાબૂમાં લીધી હતી. જો કે, વિસ્તારમાં તણાવનો માહોલ જોવા મળ્યો છે. મુર્શિદાબાદના બેલડાંગા અને કાજીસાહા અને બેગુરબન વિસ્તારમાં

### પ્રિયંકા ગાંધીએ મહાયુતિ ગઠબંધન પર નિશાન સાધ્યું

## ગુજરાતમાં પ્રોજેક્ટ ખસેડવાથી મહારાષ્ટ્રમાં નોકરીઓ છીનવાઈ

। (એજન્સી) ગઢચિરોલી, તા.૧૮ ।

મહારાષ્ટ્રમાં સત્તારૂઢ મહાયુતિ ગઠબંધનના નેતાઓ વાસ્તવિક મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવા અને સમાજમાં ધ્રુવીકરણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે તેવો આક્ષેપ કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ કર્યો છે. મહારાષ્ટ્રના ગઢચિરૌલીમાં એક સભાને સંબોધતાં પ્રિયંકાએ ભાજપની નીતિઓની ટીકા કરી હતી અને દાવો કર્યો હતો કે કેટલાક મોટા પ્રોજેક્ટ ગુજરાતમાં ખસેડવાને કારણે મહારાષ્ટ્રમાં નોકરીઓ છીનવાઈ ગઈ છે. રાજ્યની મહાયુતિ સરકાર પર તેની મુખ્ય યોજના ‘લાડકી બહિન’ પર કટાક્ષ કરતા પ્રિયંકાએ કહ્યું હતું કે મહિલાઓએ વધુ સારા જીવન માટે મત આપવો જોઈએ, ના કે દર મહિને તેઓને ૧,૫૦૦ રૂપિયા મળી જાય તે માટે. કોંગ્રેસના નેતાએ એમ પણ કહ્યું હતું કે જો વિપક્ષી ગઠબંધન મહા



વિકાસ અઘાડી સત્તામાં આવશે, તો તે સોયાબીનના પાક માટે ખેડૂતોને પ્રતિ ક્વિન્ટલ લઘુત્તમ ટેકાનો ભાવ ૭,૦૦૦ રૂપિયા આપશે.પ્રિયંકાએ દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રમાં ૨.૫ લાખથી વધુ જગ્યાઓ ખાલી છે. તેમણે કહ્યું હતું કે, ફોક્સકોન, એરબસ જેવા પ્રોજેક્ટને ગુજરાતમાં ખસેડવાને કારણે રાજ્યમાં નોકરીઓ છીનવાઈ ગઈ છે. કોંગ્રેસ મહાસચિવે કહ્યું હતું કે લોકો રોજગારી મેળવવા માટે પ્રયાસ કરી રહ્યા છે, નવા કૌશલ્યો શીખી રહ્યા છે.

### સ્વીચ બોર્ડના પ્લગમાં થયેલા સ્પાર્કને નર્સ ઠીક કરી શકી નહતી

## ઝાંસી મેડિકલ કોલેજમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હતીઃ પ્રાથમિક રિપોર્ટ



### ઝાંસી મેડિકલ કોલેજમાં લાગેલી આગમાં મૃત્યુ પામેલા નવજાત શિશુઓની સંખ્યા ૧૦થી વધીને ૧૧ થઈ ગઈ છે

। (એજન્સી) ઝાંસી, તા.૧૮ ।

ઝાંસી મેડિકલ કોલેજમાં લાગેલી આગમાં મૃત્યુ પામેલા નવજાત શિશુઓની સંખ્યા ૧૦થી વધીને ૧૧ થઈ ગઈ છે. આ માહિતી ડીએમ અવિનાશ કુમારે આપી છે. ઉલ્લેખનીય છે કે આગની આ ઘટના અંગે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને મોકલવામાં આવનાર રિપોર્ટના મુદ્દાઓ પ્રકાશમાં આવ્યા છે. અકસ્માત બાદ ચાર સભ્યોની ટીમ બનાવવામાં આવી હતી, જેણે તેનો રિપોર્ટ તૈયાર કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ મેડિકલ કોલેજમાં જે ઘટના બની તે દુર્ભાગ્યપૂર્ણ છે અને તેમાં કોઈ કાવતરું કે બેદરકારી નથી. મેડિકલ એજ્યુકેશનના મહાનિર્દેશકની અધ્યક્ષતામાં રચાયેલી તપાસ સમિતિના વિગતવાર અહેવાલમાં બહાર આવશે કે શોર્ટ સર્કિટ કેવી રીતે થયું હતું? શું વોર્ડમાં લગાવવામાં આવેલા મશીનો પર ઓવરલોડ હતો, જેના કારણે શોર્ટ સર્કિટ થયું હતું? ઘટના સમયે NICU વોર્ડમાં ૬ નર્સ, અન્ય સ્ટાફ અને ૨ લેડી ડોક્ટર હાજર હતા. સ્વીચ બોર્ડમાં શોર્ટ સર્કિટના કારણે સ્પાર્ક થતાં આગ લાગી હતી. વોર્ડમાં ઈન્સ્ટોલ કરેલા મશીનો પરના પ્લાસ્ટિકના કવરે સ્વીચ બોર્ડમાં લાગેલી આગને પકડી લીધી હતી. આ આગ પ્લાસ્ટિકના કવરમાંથી નીચે ટપકવા લાગી હતી, જે બાદ વોર્ડમાં આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. ફરજ પરની નર્સે આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં તેના પગ અને કપડાં પણ બળી ગયા હતા.સૂત્રોના જણાવ્યા અનુસાર સ્વીચ બોર્ડમાં સ્પાર્ક થયો હતો જેના કારણે આગ લાગી હતી. એક નર્સે તેને જાતે ઠીક કરવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રયાસમાં તેણીને ઈજા પણ થઈ હતી. આ દરમિયાન આગ ઓક્સિજન કોન્સેન્ટ્રેટર તરફ પ્રસરવા લાગી હતી અને નર્સ ચીસો પાડતી બહાર દોડી આવી હતી.



નવી દિલ્હીમાં ઓસ્ટ્રેલિયન હાઈ કમિશનર ફિલિપ ગ્રીને સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ સાથે મુલાકાત કરી.

### ગૌતમ ૧૨ ઓક્ટોબરથી ફરાર હતો

## બાબા સિદ્દીકી હત્યા કેસમાં આણંદની વ્યક્તિની ધરપકડ

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે રવિવારે બાબા સિદ્દીકી હત્યા કેસમાં મહારાષ્ટ્રના અકોલામાંથી એક વ્યક્તિની ધરપકડ કરી છે, જે ગુજરાતના આણંદનો રહેવાસી છે. આ ધરપકડ સાથે આ કેસમાં પકડાયેલા લોકોની કુલ સંખ્યા ૨૫ થઈ ગઈ છે. ક્રાઈમ બ્રાન્ચના અધિકારીએ જણાવ્યું છે કે ગુજરાતના આણંદ જિલ્લાના પેટલાદનો રહેવાસી સલમાન ઈકબાલ વોહરાની અકોલાના બાલાપુરમાંથી ધરપકડ કરવામાં આવી છે. તપાસ સાથે જોડાયેલા એક અધિકારીના જણાવ્યા અનુસાર, વોહરાએ આ વર્ષે મે મહિનામાં



બેંક ખાતું ખોલાવ્યું હતું અને નરેશ કુમાર સિંહ (ધરપકડ કરાયેલા આરોપી ગુરમેલ સિંહના ભાઈ), રૂપેશ મોહલ અને હરીશ કુમારને આર્થિક મદદ કરી હતી. આ સિવાય તેણે હત્યા સાથે જોડાયેલા અન્ય લોકોને પણ મદદ કરી હતી. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા બાબા સિદ્દીકીની ૧૨ ઓક્ટોબરે બાંદ્રા પૂર્વના નિર્મલ નગરમાં હત્યા કરવામાં આવી હતી.

## તંત્રી લેખ...

# વસ્તી વધારવા તરફના રાજકીય વલણોઃ વિકાસ અને પરિવર્તન

સ્ત્રીઓ સંદર્ભે આપણી સામંતી માનસિકતા, સામંતી યુગ પૂરો થવા છતાં બદલાઈ નથી. આજકાલ તો સ્ત્રીઓ વિષે અશ્લીલ વાતો કે હરકતો કરવાનું અમુક વર્ગમાં સામાન્ય છે. જાહેરમાં થતાં સ્ત્રીઓ વિષેનાં અભદ્ર ઉચ્ચારણો પર કાનૂની કાર્યવાહી થવી જોઈએ. દુખદ તો એ છે કે આવી અભદ્ર ટિપ્પણી કરનાર નેતાઓ સામે સ્ત્રીઓ ને વિપક્ષો બળાપો ઠાલવતાં હોય છે, પણ જે તે પક્ષ એવા નેતા સામે કોઈ પગલાં લેતો નથી ને ક્યારેક તો એને છાવરે છે. એનો અર્થ જ એ કે સ્ત્રી કરતાં સત્તા સર્વોપરી છે. કમનસીબી એ છે કે આ રાજકારણ પૂરતું સીમિત નથી, પણ તમામ સત્તા સ્થાનો એનાથી પ્રભાવિત છે. રાજકારણીઓની માનસિકતા સામે મહિલાઓએ મોરચો માંડી સખત વિરોધ નોંધાવવો જોઈએ. સાધારણ રીતે ઘણા રાજકારણીઓને મહિલાઓ રાજકીય ક્ષેત્રે આગળ વધે એ ગમતું હોતું નથી. રાજકીય પક્ષો સત્તા હોય તો ટકાવવા અને ન હોય તો મેળવવા જીવ પર આવી જતા હોય છે. એમાં કોઈ સેવા કરે છે એવું તો સપનુંય પડતું નથી. ચૂંટણી જીતવી અને જીત્યા પછી સત્તા સુધી પહોંચવું એ એક માત્ર લક્ષ્ય પક્ષોનું હોય છે. સમય જતા હવે સ્ત્રીઓ સત્તા પર આવે છે કે ટિકિટ મેળવીને ચૂંટણી પણ લડે છે. પુરુષોની જેમ જ સ્ત્રીઓ પણ હવે રાજકીય લાભ જોઈને પક્ષ બદલે છે. સ્પર્ધાનું ધોરણ એવું થયું છે કે સ્ત્રીઓ હવે પુરુષની બરાબરી કરે છે. આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન.ચંદ્રબાબુ નાયડુએ તાજેતરમાં જ એમ કહ્યું કે આંધ્રમાં વૃદ્ધોની વસ્તી વધી રહી છે તો લોકોએ બે કે તેથી વધુ બાળકો પેદાં કરવાં જોઈએ, જેથી તેમની સંભાળ રાખી શકાય. એમણે એ પણ ઉમેર્યું કે બે કે વધુ બાળકો ધરાવનાર જ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડી શકે એવો કાયદો રાજ્ય સરકાર લાવવા જઈ રહી છે. નાયડુએ એની પાછળનો તર્ક એવો આપ્યો કે ઘણાં ગામડાઓમાં વૃદ્ધો જ રહી ગયા છે અને યુવાનો ક્યાં તો વિદેશ ચાલી ગયા છે.

## કર્મનું ફળ તો બધાંએ ભોગવવું જ પડે છે

કહેવાય છે કે મનુષ્ય જીવન આપણને સત્કાર્યો તેમજ પ્રભુનું સ્મરણ કરવા માટે જ આપવામાં આવ્યું છે. પરંતુ આપણે જીવનમાં ભાગ્યેજ સારા વિચારો, સારા કાર્યો કે



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

પ્રભુનું ભજન કરીએ છીએ. આપણે તો દરરોજ પારકાની નિંદા, બદબોઈ, વગોવણી વિગેરે કરીએ છીએ. આ ઉપરાંત મફતિયું તથા વગર મહેનતનું ખાવા ટેવાયેલા છીએ તથા આપણને ખાસ કરીને સામી વ્યક્તિને હેરાન પરેશાન કરવામાં જ બહું આનંદ આવે છે. આમ આપણે જે કાંઈ ખોટાં કામો કરીએ છીએ તેનું ફળ આપણે વહેલું કે મોડું ભોગવવું જ પડે છે. ખુદ ભગવાન પણ આમાંથી બાકાત રહી શક્યાં નથી.ભગવાનને પણ કર્મનું ફળ ભોગવવું પડે છે. આ માટે નીચે મુજબની કથા જાણવા જેવી છે.

એક સમયે ભીમક નામના રાજાની સુપુત્રી દમયંતી કે જે રૂપ રૂપનાં અંબાર સમી હતી, તેનો સ્વયંવર યોજવામાં આવ્યો હતો. આ રૂપાળા સ્વયંવરમાં ભાગ લેવા માટે દૂર દૂરથી રાજા, મહારાજાઓ, રાજકુમારો, યક્ષ, ગાંધર્વ, દેવો તથા સ્વયં વિષ્ણુ ભગવાન પણ આવ્યાં હતાં. બધાં જ આમંત્રિત મહેમાનો પોત પોતાના સિંહાસન ઉપર બિરાજમાન હતાં, ત્યાં અચાનક શ્રી હરિ વિષ્ણુ ભગવાનની નજર દેવર્ષિ નારદજી ઉપર પડી. નારદજી તો સજીધજીને સ્વયંવરમાં ભાગ લેવા માટે પધાર્યા હતા. નારદજીને આવા વિશિષ્ટ વેશમાં જોઈને વિષ્ણુ ભગવાનને અત્યંત નવાઈ લાગી અને પૂછ્યું કે નારદજી આપ તો બાલ બ્રહ્મચારી છો, પછી આ સ્વયંવરમાં પધારવાનું પ્રયોજન શું છે?. નારદજીએ આ સાંભળીને કહ્યું કે, આવી જોબનવંતી, કોડભરી, રૂપ રૂપનાં અંબાર સમી કન્યાને પરણવાના કોડ કોને ન હોય?. ભગવાન વિષ્ણુએ વિચાર્યુ કે જો કદાચ દમયંતી નારદજીને ભુલથી પણ વરમાળા પહેરાવશે તો મહા અનર્થ થઈ જશે. ભગવાને વિચાર્ કર્યો કે, હું એવું કાંઈ કરૂં જેથી દમયંતી નારદજીને વરમાળા ન પહેરાવે. આવું વિચારીને વિષ્ણું ભગવાને નારદજીનું મુખ વાનર જેવું બનાવી દીધું. આ તરફ નિર્ધારિત સમયે, ભરી સભામાં દમયંતી વરમાળા લઈને વારાફરતી દરેક રાજાધિરાજાઓ, દેવો, ગાંધર્વો, મહાબલિઓ વિગેરે પાસે જવા લાગી, પરંતુ અચાનક નારદજી પાસે આવીને અટકી ગઈ અને નારદજીનું આવું વરવું મોઢું જોઈને ખડખડાટ હસવા લાગી. આ જોઈને આમંત્રિત મહેમાનો પણ પોતાનું હસવું ખાળી શક્યાં નહીં અને ભરસભામાં નારદજીની બહું બેઈજ્જતી થઈ. દેવર્ષિ નારદ મુનિને તો આ બાબતની ખબર હતી નહીં અને એમને ગતાગમ પણ ના પડી કે સભામાં બધાં શાં કારણે એમને જોઈને હસતાં હતાં?. આથી નારદજીએ શ્રી હરિને પૂછ્યું કે બધાં ક્યાં કારણસર મારા ઉપર હસતાં હતાં?. આ સાંભળતા જ શ્રી હરિએ ટીખળ કરતાં જણાવ્યું કે, પહેલાં તમો તમારી સૂરત જુઓ ત્યાર પછી જ દમયંતી જેવી રૂપસુંદરીને પરણવાના અને પામવાના સપનાં જુઓ. આમ કહીંને પ્રભુ સભાખંડની બહાર નીકળી ગયાં અને એમની પાછળ પાછળ નારદજી પણ બહાર નીકળી ગયાં. રસ્તામાં પસાર થતી વખતે એક નદી આવી ત્યાં નારદજીને હાથ પગ મોઢું ધોવાની ઈચ્છા થઈ અને જેવાં નારદજી નદીમાં ઉતર્યા કે એમણે પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું અને પોતાનું વાનર જેવું મુખ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. નારદજીને તૈયારીમાં ખ્યાલ આવી ગયો કે, આ ભગવાન વિષ્ણુનું જ કામ છે, તેથી નારદજી શ્રી હરિ ઉપર બહું ક્રોધે ભરાયા અને ગુસ્સામાં શાપ આપતાં બોલ્યાં કે, હે! વિષ્ણુ મેં તમારૂં કાંઈપણ બગાડ્યું ન હતું તેમ છતાં, તમોએ જાણીબૂઝીને મારૂં મુખ વાનર જેવું બનાવીને મહા અપરાધ કર્યો છે અને મને દમયંતી તેમજ રાજા ભીમકની સભામાં ખુબ લજ્જિત કર્યો છે, તેથી રામાવતારમાં તમારી પ્રિય પત્નીનું હરણ થશે અને તમો પત્ની વિરહમાં બહું તડપશો તથા તમારી પત્નીની ભાળ મેળવવા માટે તમારે વાનરસેનાની જ સહાય લેવી પડશે. આવાં કટુ વચનો સાંભળીને શ્રીહરિ ઘણાં જ ખસિયાણા અને શરમિંદા બન્યાં અને ભવિષ્યમાં ક્યારેય પણ આવુ દુઃસાહસ નહીં કરવાની ખાતરી આપીને નારદજીના ક્રોધને શાંત કર્યો. પરંતુ નારદજીને મજાકમાં સતાવવાનું ખોટું કાર્ય કર્યું હતું એના ફળ સ્વરૂપે રામાવતારમાં એમની પ્રાણ પ્રિયાનું રાવણ દ્વારા હરણ થતાં સીતામાતાની ભાળ મેળવવા માટે રામને સુગ્રીવ, મહાબલિ હનુમાન, અંગદ, નલ, નીલ તથા સમગ્ર વાનરસેનાની મદદ લેવી પડી હતી. રામાવતારમાં જ વાલીએ રામનું કશું પણ ખરાબ કર્યુ નહતું છતાં પણ રામે સુગ્રીવનો પક્ષ લઈ વાલીને બાણથી હણી નાંખ્યો હતો, તેનાં ફળ સ્વરૂપે કૃષ્ણાવતારમાં વાલીએ પારધીના રૂપમાં ભગવાન શ્રી કૃષ્ણને બાણ મારીને હિસાબ સરભર કર્યો હતો.

## સાંપ્રત સમયમાં વ્યક્તિગત, પારિવારિક, કે સામાજિક, એકેય સ્તરે માનવી શાંતિ અનુભવી શકતો નથી!

# દરેકનાં જીવનમાંથી પ્રેમ નામનું તત્વ મિસિંગ થતું જાય છે! એને કારણે જ દરેકના જીવનમાં અશાંતિ અનુભવાય છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સીધો સાદો એક સવાલ દરેકના મનમાં ઊઠે કે આપણે જે જીવી રહ્યા છીએ તે સાચું નથી! આપણે સંસારી કે સંન્યાસી થવું નથી, પરંતુ જે સંસારનો માર્ગ આપણે પોતે કબૂલ્યો હતો, છતાં એમાંથી આપણને રસ કેમ નથી આવતો! ભોગ મળે ત્યાં સુધી સુખ અને ન મળે ત્યારે દુઃખ, તો કોઈને આવતીકાલે નહીં મળે ત્યારે શું થશે! એનું દુઃખ, તો કોઈને ભૂતકાળમાં આવું શું કામ થયું!**



આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઘણાંને એમ થતું હશે કે બેન રોજ સવારે શું જીવન સુધારવા કે સંન્યાસ અને વૈરાગની વાત કરે છે? આપણે તો સંસારી છીએ, અને સંસારમાં જ રહેવાનું છે, ત્યાં આવી તકિયાનુંસી વાતોનો શું મતલબ! પણ બહુ લાંબા સમયથી જે આ ચિંતનની ક્ષણેનો લેખ વાંચતા હશે, એ તો સમજી જાય કે બેન આપણને કંઈ સંન્યાસી કે વૈરાગી બની જાવ એવું કહેવા માંગતા નથી! પરંતુ વ્યક્તિગત જીવનમાં, પરિવાર જીવનમાં અને સામાજિક જીવનમાં શાંતિ આવે એવું જીવન જીવી શકવાની ક્ષમતા જ સંસારી માટે બુદ્ધત્વની દશા દર્શાવે છે, એ તરફ અંગુલિનિર્દેશ કરે છે. સાંપ્રત સમયમાં વ્યક્તિગત, પારિવારિક, કે સામાજિક, એકેય સ્તરે માનવી શાંતિ અનુભવી શકતો નથી! અને એને કારણે વિજ્ઞાનની આટલી મોટી મોટી સિદ્ધિઓ હાંસલ કરવાં છતાં, સુખ સુવિધાનાં સાધનોની હારમાળા હોય છે, તો પણ આપણે જોઈએ એટલા પ્રસન્ન રહી શકતા નથી. એના પરથી કહી શકાય કે વૈજ્ઞાનિક વિકાસ માટે ઘણું બધું સ્વાહા કરી દીધું, અને જેણે જેણે વિકાસના સાધનો વગર વિચાર્યે અપનાવ્યાં પણ સ્વ કેન્દ્રિત થઈ સંવેદના હીન થતાં જાય છે. મહાત્મા ગાંધીજીને યાદ કરીએ તો સંવેદનાહીન વિજ્ઞાન એ સામાજિક પાપ છે! પાપ પુણ્યની રીતે વિચારીએ તો આ પાપ વારંવાર થતું હોવાથી સમાજ એની સજા ભોગવી રહ્યો છે! એટલે બહુ સ્વાભાવિક રીતે જ આ સજામાંથી મુક્ત થવું હોય તો પુણ્ય પણ કરવા પડશે, અને પાપ પુણ્યનું એ પલ્લુ બેલેન્સ થાય તો જ સમાજ શાંતિ અનુભવી શકશે! દરેક વ્યક્તિ પોતાનાં હિસ્સામાં આવેલી સમાજ પ્રત્યેની જવાબદારી સ્વીકારી નાનું નાનું સારું કર્મ કરે, તો આ પાપ પુણ્યનું પલ્લું સંતુલિત થઈ શકે, અને એ માટે આ ચિંતનની ધારા રોજ સવારે સદગુરુ કૃપાથી વહે છે. ચિંતનને લઈને રોજ કંઈ કેટલાય પ્રતિભાવો આવે છે, કેટલાય ફોન આવે છે, અને સામેની વ્યક્તિ એને અહોભાવથી મૂલવે છે, એ બતાવે છે કે વાચકને પણ ખબર છે કે, પોતે જે જીવે છે એ સાચું નથી માટે શાંતિ નથી. સીધો સાદો એક સવાલ દરેકના મનમાં ઊઠે કે આપણે જે જીવી રહ્યા છીએ તે સાચું નથી! આપણે સંસારી કે સંન્યાસી થવું નથી. પરંતુ જે સંસારનો માર્ગ આપણે પોતે કબૂલ્યો હતો, છતાં એમાંથી આપણને રસ કેમ નથી આવતો! ભોગ મળે ત્યાં સુધી સુખ અને ન મળે ત્યારે દુઃખ, તો કોઈને આવતીકાલે નહીં મળે ત્યારે શું થશે! એનું દુઃખ, તો કોઈને ભૂતકાળમાં આવું શું કામ થયું! એનું દુઃખ, અને કોઈને પેલાને મળ્યું એવું મને કેમ નહીં એનું દુઃખ, આમ ક્ષણિક સુખ આગળ આટલા મોટા દુઃખનો જથ્થો એ સુખને ભુલાવી દે છે, અને માનવી એ સુખને મેળવવા સતત પ્રયત્નશીલ રહેવા લાગે છે. પણ કોઈ પણ પ્રકારનું ભોગીક કે ભૌતિક સુખ કાયમી હોતું નથી, અને એને કારણે અસંતોષની પીડા વધતી જાય છે, જે જીવનમાં આનંદ કે શાંતિને ટકવા દેતી નથી. સમયની રીતે આપણે ઘણીવાર સરખામણી કરી ચૂક્યા છીએ, અને દરેક કાળમાં સારાં ખરાબ લોકો હતા જ! પણ સારા લોકો વધુ હતાં. એટલે કે સતયુગ ત્રેતાયુગ દ્વાપર અને કળિયુગની સરખામણીમાં તો તફાવત હોય જ, પરંતુ માત્ર કળિયુગની જ સરખામણી કરીએ તો પણ જોવા મળે કે વીતેલા વર્ષોમાં આટલી બધી સામાજિક અશાંતિ નહોતી. સામાજિક સ્તરે શાંતિ સ્થાપવી હોય તો ચિંતન મનન કરવું પડશે.આ એક સવાલ સૌને થવો જરૂરી છે કે, વીતેલા સમયમાં એવું શું હતું? કે જે વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક શાંતિ બનાવી રાખતું હતું. નરસિંહ નાં શબ્દોમાં કહીએ તો, પ્રેમ નામનું એ અમૂલ્ય રસાયણ કે ઔષધ! કે પછી મીરાં નાં શબ્દોમાં કહીએ પ્રીત નામની એ અમૂલ્ય સંજીવની, આ પ્રેમ તત્વ દિવસે દિવસે દરેકનાં જીવનમાંથી મિસિંગ થતું જાય છે, અને એને કારણે અશાંતિ અનુભવાય છે. આ પ્રેમ તત્વ ધીરે ધીરે ઓછું થતું ગયું, એને કારણે આપણી પ્રસન્નતા ઓછી થતી ગઈ તેથી અશાંતિ અનુભવાય છે. પ્રેમ અને પરમાત્માને સીધો સંબંધ છે, કારણ કે પરમાત્મ તત્વના બંધારણમાં જ પ્રેમ રહેલો છે, અને પરમાત્મામાં પ્રેમ રહેલો છે માટે જ તે હર ક્ષણ પ્રસન્ન રહી શકે છે. એટલે જો પ્રસન્ન રહેવું હોય તો પરમાત્મા સ્વરૂપ પ્રેમ તત્વને ભીતર પાંગરવા દેવું પડશે, તો જ હરક્ષણ પ્રસન્ન રહી શકાય. આપણી તો પ્રેમની વ્યાખ્યા પણ શરીર સંબંધીત થઈ ગઈ છે, એટલે સાચે પ્રેમ તત્વ શું છે, એ એટલું આપણે જાણતા જ નથી. પરંતુ સાચે જ જ્યારે આ પ્રેમ તત્વ આપણી ભીતર ઉદ્ભવે ત્યારે જીવનમાં ઘણો બધો ફેરફાર આપો આપ થઈ જાય છે.આપણે સંસારી છીએ, અને સંસારીને પોતાનો દેહ સૌથી વધુ વ્હાલો હોય છે, માટે તે જિંદગીભર દેહની આળપંપાળમાં વિતાવે છે. પુરુષ અને સ્ત્રી બંને લગ્ન કરી પોતાનો સંસાર શરૂ કરે, અને એ બંનેમાં એકબીજા પ્રત્યે પ્રેમની લાગણી ન હોય, તો આ સંસાર બહુ લાંબો ટકતો નથી! પ્રેમ હોવો એટલે કે ત્યાગ સમર્પણ માટેની સંપૂર્ણ તૈયારી! એમાં સામાપાત્રના કોઈ ગુણ કે અવગુણ જોવામાં આવતા નથી. માતા-પિતા પોતાના સંતાનને પ્રેમ કરે છે, માટે જ તે તેમના દૂરવ્યવહારને પણ માફ કરી દેતા હોય છે. પ્રેમની પહેલી શરત છે કે ત્યાં પોતિકાની ભાવના હોવી જોઈએ! આજનાં સમયમાં પરિવારમાં તકરાર થવાનું કારણ આ જ છે! એક જ ઘરમાં રહેવા છતાં, પોતાપણું અનુભવતા નથી, અને પ્રેમ નામનાં અમૂલ્ય રસાયણથી અલિપ્ત રહે છે. જો પરિવારમાં પ્રસન્નતા રહે એવું ઈચ્છતા હોઈએ તો કેન્દ્ર બિંદુ તરીકે પ્રેમને પ્રસ્થાપિત કરવું પડે, અને દરેક વ્યક્તિએ એની સાથે સંકળાયેલા રહેવું પડે, તો જ સુંદર વર્તુળ બને, અને તો આ વર્તુળના પરિસરમાં પ્રસન્નતાનો પમરાટ કે પ્રકાશ પથરાય. કવિઓએ પ્રેમને અનૂભૂત કરીને રચનાઓ કરી હશે, પણ આપણો પ્રેમ એટલી કક્ષાનો ન્હોય, તો આપણે એવી કોઈ અનુભૂતિ થતી નથી અને આપણે સંબંધમાં રહેલા એ પ્રેમ પર શંકા કરી બેસીએ છીએ. ક્યારેય એવું વિચારતા નથી કે આપણું સમર્પણ ઓછું હશે, માટે પ્રેમ અનુભવાતો નથી. એની બદલે સામેવાળી વ્યક્તિ પ્રેમ નથી કરતી એવું વિચારવાની ભૂલ કરીએ છીએ, અને એમાંથી શરુ થાય છે આગ્રહ, નિગ્રહ, અપેક્ષા ઉપેક્ષા,શંકા શંસય,ના શાબ્દિક યુદ્ધ! જે તીવ્ર બને તો મારામારી પણ થઈ શકે, અને આમ અશાંતિનું બ્યુગલ શરુ! જેમ વિદ્યાર્થીને પરીક્ષા પાસ કરવી હોય તો પેપરમાં પોતે જ લખવું પડે, તો જ પાસ થવાય! જિંદગી નામની આ પરીક્ષામાં પાસ થવું હોય અને શાંતિ અને પ્રસન્નતા નામના પરિણામને પ્રાપ્ત કરવું હોય તો, આપણે જ લખવું પડશે. એટલે કે એમાં કંઈક ઉમેરવું પડશે, કે જેના દ્વારા આ પરિણામ સુધી પહોંચી શકાય! આપણી સૌ આપણને જે રીતે અનુકૂળ પડે એ રીતે જિંદગીના પેપરમાં કંઈક એવું ઉમેરીએ કે જેના દ્વારા વ્યક્તિગતથી શરૂ કરી પારિવારિક અને પારિવારિકથી શરૂ કરી સામાજિક શાંતિ સુધીની સફર આપણે સૌ તય કરી શકીએ, એવી એક અન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

## ખોરાક જેમાં પોષક તત્વ વધારે હોય તેવો જ ખોરાક લેવો જોઈ એ ઢગલો એક ભાત ખાઈને પેટ ભરવું એમાં આળસનું મૂળ છે

# શરીર પ્રત્યે આજનો માનવી ઘણો બેદરકાર થઈ ગયો છે ત્યારે પેટ તો જાણે ઉકરડા કચરાપેટી જેવુ બનાવી દીધું છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**શરીર પ્રત્યે આજનો માનવી ઘણો બેદરકાર થઈ ગયો છે ત્યારે પેટ તો જાણે ઉકરડા કચરાપેટી જેવુ બનાવી દીધું છે, ઉકરડે નાખવા જેવી અનેક ખાદ્યચીજો આપણે પેટમાં નાખીએ છીએ, ગલીના નાકે કે બહાર રેસ્ટોરાંમાં વગર ભૂખે આપણે શરીરનું ભાન રાખ્યા વગર જંકફૂડ પેટમાં પધરાવીએ છીએ.**



ભારતીય સંસ્કૃતિમાં ધર્મ સંપ્રદાયને માનવ જીવન જ નહીં અન્ય જીવ સૃષ્ટિને ધ્યાનમાં રાખીને ઉમદા સુખ શાંતિમય જીવન વ્યતીત થાય તેવો દૃષ્ટિ કોણ દર્શાવ્યો છે.આપણા દેશમાં જે માણસ સ્થિતિ સંપન્ન હોય છે તે પોતાનાં બાળકોને તરેહતરેહની મીઠાઈ અને ઘીમાં તળેલી ચીજો ખવરાવે છે કારણ કે બાળકોને સાદાં દાળ, ભાત, રોટલી, શાક જ ખવરાવવાંએ કદાચ નાનપ જેવું લાગતું હોય અને વળી લોકો શું કહેશે એવું પણ હોય ! આવી રીતે ખવરાવીને મોટાં કરેલાં બાળકો પ્રમાણ વગરનાં શરીરવાળા, આળસુ, નિર્માલ્ય, પોતાના મેરુદંડ વિનાના અને બુદ્ધિહીન નીવડે એમાં શી નવાઈ? સ્વાદેન્દ્રિયને મૂકો એટલે બીજી ઈન્દ્રિયો પણ નિરંકુશ પણે દોડશે. પરતું આપણે તેનાથી દૂર રહી શરીરની ખેવના કરીએ અને સશક્ત,સ્વસ્થ સુદઢ શરીર દ્વારા જીવનને આનંદમય બનાવીએ તેના માટે ભારતીય સંસ્કૃતિમાં રસોડાંની રસોઈમાં ઘી તેલ મીઠું મરચું રાઈ જીરૂ ધાણા મરી ઘઉં બાજરી ચોખા જેવા મસાલા ધન્ય બાફી રાંધીને ખોરાક ખાવાનું રસોડામાં થતુંને એ સાથે બેસીને જમતા હતા. એકવીસમી સદીમાં ખોરાકના પર્યાય તરીકે જંકફૂડ આખી દુનિયામાં છવાઈ ગયું છે ત્યારે દરેક પ્રકારનો ખોરાક પેકેજિંગમાં જોવા મળે છે.જે ખરેખર સ્વાસ્થય માટે હાનિકારક અને લાંબાગાળે રોગને નોતરનાર સાબિત થઈ શકે છે. જંકફૂડ અને પ્લાસ્ટિક પેપરમાં તૈયાર મળતી ખાવા-પીવાની ચીજ-વસ્તુઓ કેટલે અંશે સ્વાસ્થ્ય પ્રદ હોય શકે? એ એક સંશોધનની ગંભીર બાબત છે. ટેક્નોલોજીના આ આધુનિક સમયમાં સામૂહિક પરિવાર વિભાજિત થઈ જ્યારે નાના થઈ ગયા છે ત્યારે સતત રસોડામાં રહી પરિવારના સ્વાસ્થ્યનું ધ્યાન રાખનાર ભારતીયસ્ત્રી પણ તૈયાર મળતી ચીજ-વસ્તુઓનો ઉપયોગ કરતાં ખચકાતી નથી. આમ પણ જોબ કરતી સ્ત્રી ઘર અને નોકરી સાથે તાલ મેળવવા જતાં દરેક વસ્તુઓ ઈન્સ્ટન્ટ ખરીદતી થઈ ગઈ છે. આજે દરેક ખાવાની વસ્તુ ઓ પ્લાસ્ટિકમાં મળે છે જે આરોગ્ય માટે ખુબ નુકસાન કર્તા છે. ફાઈવ જીના આ સમયમાં ખોરાક કરતા નેટ વધુ જરૂરી થઈ રહ્યું છે ત્યારે એટલું તો હું કહીશ કે આ સમાજ ક્યાં જઈને અટ કશે? અને જો આમજ ચાલશે તો એક દિવસ પ્રકૃતિથી વિમુખ બનેલ માણસ જો પ્રકૃતિનું રક્ષણ નહીં કરી શકે તો પ્રકૃતિનો નાશ થાશે અને પ્રકૃતિ વગર તો માણસ ની કલ્પના પણ ના થઈ શકે. શરીર પ્રત્યે આજનો માનવી ઘણો બેદરકાર થઈ ગયો છે ત્યારે પેટ તો જાણે ઉકરડા કચરાપેટી જેવુ બનાવી દીધું છે. ઉકરડે નાખવા જેવી અનેક ખાધ્ય ચીજો આપણે પેટમાં નાખીએ છીએ. ગલીના નાકે કે બહાર રેસ્ટોરાંમાં વગર ભૂખે આપણે શરીરનું ભાન રાખ્યા વગર જંકફૂડ પેટમાં પધરાવીએ છીએ. ઈશ્વરે સાવ મફતમાં આપેલા આપણાં શરીર પ્રત્યે આપણે કેટલાં બેદરકાર છીએ. ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં આપણાં યુવાનોના શરીર શરમાવે તેવા થતાં જાય છે. આપણાં ગુજરાતી ધાર્મિકહોય પણ ઈશ્વરે આપેલ આ સુંદર ભેટ ને વધુ સુંદર બનાવવાને બદલે વધુ માંદગી વધાર નારું ખાય છે. આપણાં શરીરને સાચવવાનો આપણો ધર્મ છે. ખાવાના સ્વાદને હડસેલીને ખોરાકની શુધ્ધતા તરફ વળવા માટે આપણે પ્રયત્નશીલ બનીએ. જાહેર ખબરના જોરે અનેક ખાદ્ય અખાદ્ય વસ્તુઓ આજના ઉદ્યોગો બનાવશે અને પ્રલોભનો દ્વારા આપણાં સુધી પહોચાડશે, પ્રથમ તો તમારે સારા પૌષ્ટિક ખોરાક વડે શરીર ને સુદઢ બનાવવું જોઈએ ત્યાર પછી જ મન મજબૂત થશે. મન તો કેવળ શરીરનો સુક્ષ્મ ભાગ જ છે. મોટા ભાગનાં જે દુઃખો આપણે અનુભવીએ છીએ તેને માટે આપણો ખોરાક જવાબદાર છે. આપણે જાણીએ છીએ કે ભારે પચાવવો મુશ્કેલ પડે તેવો ખોરાક ખાધા પછી મનને કાબૂમાં રાખવું મુશ્કેલ બને છે. ખોરાક જેમાં પોષક તત્ત્વ વધારે હોય તેવો જ ખોરાક લેવો જોઈ એ ઢગલો એક ભાત ખાઈને પેટ ભરવું એમાં આળસનું મૂળ છે. યોગ્ય ખોરાક એટલે સાદો ખોરાક ખૂબ મસાલા યુક્ત ખોરાક નહિ. જાપાની ઓને જુઓએ લોકો મટરની દાળ સાથે દિવસમાંબેત્રણ વાર ભાત ખાય છે. અને મજબૂત બાંધાવાળા માણસો સુદ્ધાં એકી સાથે થોડુંક જ ખાય છે, જો કે તેઓ જમે છે વધારે વારબહુ તેલ ચરબીવાળો આહાર લેવો સારો નથી. પુરી કરતાં રોટલી વધારે સારી ખોરાક તે કહેવાય કે જે ખાધા પછી શરીરમાં એક રૂપ થઈ જાય ગમે તે ખાઈને પેટની કોથળી ભરવા કરતાં તો ખાધા વિના રહેવું વધુ સારું છે. કંદોઈની દુકાનની મીઠાઈઓમાં પોષણ આપે એવું કંઈ જ નથી હોતું, ઊલટું એમાં તો વિષ હોય છે. ભૂખ લાગે તો એ મીઠાઈઓ અને તળેલા પદાર્થો ન ખાતાં ચણા અને મમરા ખાઓ કે જે સસ્તા પણ પડશે અને પોષક પણ થશે. ભાત, દાળ, રોટલી, શાકભાજી અને દૂધ! આટલી ચીજો પૂરતી પોષણદાયક થશે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત, નવ નોરતાં વીસ દિવાળી નવા વર્ષના દિવસો ઉત્સાહ ઉમંગભેર તહેવાર રૂપે ઉજવ્યા આ એક મહિનાના સમયગાળામાં ખાવાનું ભાન જ રહયું નહીં ખરું ને? આજકાલ ઘરના જમણ કરતાં બહાર હોટલ લારી ગલ્લા પરના ખોરાકથી બહુ મૌજ આવે છે. ગૃહિણીઓને તો આ રસમ બહુ ગમી ગઈ છે હો. વાસણ ઠામડા ઉટકવા રાંધવાની ઝંઝટમાંથી મોટો છુટકારો.. પરંતુ આ બહારના ખોરાક આરોગ્ય માટે નુક્સાન કરે છે તે વિશે આજનો લેખ રજૂ કર્યો છે.અસ્તુ.

### નયનતારાએ ધનુષના નામે લખ્યો ઓપન લેટર

# સાઉથની લેડી સુપરસ્ટાર કહેવાતી નયનતારાને કોણ નથી જાણતું..?



## ફિલ્મ 'નાનુમ રાઉડી ધાન' વર્ષ ૨૦૧૫માં રિલીઝ થઈ હતી, આમાં નયનતારાએ વિજય સેતુપતિ સાથે કામ કર્યુ હતું

સાઉથની લેડી સુપરસ્ટાર કહેવાતી અભિનેત્રી નયનતારાને કોણ નથી જાણતું? નયનતારા ટૂંક સમયમાં તેના જીવનના અજાણ્યા પાસાને લઈને આવી રહી છે. અભિનેત્રીના જીવન પર આધારિત ડોક્યુમેન્ટરી ફિલ્મ 'નયનથારા બિયોન્ડ ધ ફેરીટેલ' ટૂંક સમયમાં નેટફ્લિક્સ પર રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મનું ટ્રેલર થોડા દિવસ પહેલા જ રિલીઝ થયું હતું. નિર્માતાઓએ ટ્રેલરમાં તમિલ ફિલ્મ 'નાનુમ રાઉડી ધાન'ના સંગીતનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે સમસ્યા સર્જાી હતી.ફિલ્મ 'નાનુમ રાઉડી ધાન' વર્ષ ૨૦૧૫માં રિલીઝ થઈ હતી. આમાં નયનતારાએ વિજય સેતુપતિ સાથે કામ કર્યુ હતું. તેનો નિર્માતા દક્ષિણનો પ્રખ્યાત અભિનેતા ધનુષ હતો. ધનુષે નયનતારાને તેની ડોક્યુમેન્ટરી ફિલ્મના ટ્રેલરમાં 'નાનુમ રાઉડી ધાન'ના ગીત અને કેટલાક સીન્સનો ઉપયોગ કરવા બદલ લીગલ નોટિસ મોકલી છે. નયનતારાએ પોતે આ વાત દાવો કર્યો છે. અને તેણે ધનુષના નામે એક લાંબો ઓપન લેટર પણ લખ્યો છે.આ પત્રમાં નયનતારાએ જણાવ્યું કે કેવી રીતે તમામ મુશ્કેલીઓને પાર કર્યા બાદ તેણે પોતાના પાર્ટનર અને ટીમ સાથે મળીને આ ડોક્યુમેન્ટ્રી તૈયાર કરી છે. નયનતારાએ કહ્યું કે તે ઘણા સમયથી ધનુષ પાસેથી 'નાનુમ રાઉડી ધાન'ના ગીતો અને લીરીક્સનો ઉપયોગ કરવા માટે પરવાનગી માંગી રહી હતી, પરંતુ ધનુષે આ માટે ના પાડી દીધી હતી, જેનાથી અભિનેત્રીને દુઃખ થયું હતું. આગળ, નયનતારાએ જણાવ્યું કે ડોક્યુમેન્ટ્રીના ટ્રેલરમાં 'નાનુમ રાઉડી ધાન'ના ત્રણ સેકન્ડના ગીત અને વિઝ્યુઅલનો ઉપયોગ કરવા બદલ તેને ધનુષની ટીમ તરફથી લીગલ નોટિસ મળી હતી, જે તેના માટે ખૂબ જ આઘાતજનક હતું. અભિનેત્રીએ તેના ઓપન લેટરમાં લખ્યું, 'અમે તે વાંચીને ચોંકી ગયા જ્યાં તમે કેટલાક વીડિયો (૩ સેકન્ડના) ના ઉપયોગ પર સવાલ ઉઠાવ્યા હતા. જે વીડિયો અમારા અંગત ડિવાઈઝ પર શૂટ કરવામાં આવ્યા હતા અને ર્જી વિઝ્યુઅલ હતા, તે સોશિયલ મીડિયા પર પહેલાથી જ લોકો વચ્ચે ઉપલબ્ધ છે. તમે માત્ર ૩ સેકન્ડના તે વીડિયો માટે ૧૦ કરોડ રૂપિયાની માંગણી કરી હતી. આ તમારા માટે ખૂબ જ ધિક્કારપાત્ર છે અને તે બતાવે છે કે તમારું પાત્ર કેવું છે. હું ઈચ્છું છું કે તમે તે વ્યક્તિ હોટ જે તમે ઓડિયો લોન્ચ વખતે તમારા ફેન્સ સમક્ષ હોવાનો ડોળ કરો છો. તમે જે કહો છો તેનું તમે પોતે જ પાલન નથી કરતા. ઓછામાં ઓછું મારા અને મારા પાર્ટનર માટે તો નહીં.'તેણે આગળ લખ્યું, 'માત્ર હું જ નહીં મારા ઘણા પ્રશંસકો અને શુભેચ્છકો પણ મારી નેટફ્લિક્સ ડોક્યુમેન્ટરીના રિલીઝની રાહ જોઈ રહ્યા છે. કોલેબોરેટર્સ અને ફિલ્મ મિત્રોના યોગદાનથી અમે દરેક મુશ્કેલીનો સામનો કરીને આ ફિલ્મ તૈયાર કરી છે. આ ફિલ્મના બદલામાં તમે અમને જે નફરત આપી રહ્યા છો તેનાથી માત્ર મને અને મારા પાર્ટનરને જ નહીં, પરંતુ આ પ્રોજેક્ટ્સ પર સખત મહેનત કરનારા દરેકને ફરક પડે છે.'



### સંજય દત્ત પાંસઠ વરસની વયે પણ ડિમાંડમાં છે

# સંજય દત્તઃ અપુન બોલે તો અપુન આમ જનતા કા એક્ટર હૈ!

સંજય દત્ત પાંસઠ વરસની પાકટ વયે પણ ડિમાંડમાં છે. એની ડેટ્સની ડાયરી ફૂલ છે. ચાર દશક લાંબી ઈનિંગ પછી એને ફિલ્મમેકર્સ પાસે કામ માગવા જવું નથી મડતું. દત્ત બોલીવૂડ જ નહિ, સાઉથની પણ 'કેજીએફઃ ચેપ્ટર ટુ' જેવી મોટી ફિલ્મો કરી રહ્યો છે. એનું કારણ આપતા દત્ત કહે છે, 'મને એક્ટિંગનું પેશન છે અને એક્ટરનું પેશન કદી મરતું નથી. એને લીધે જ મારો ઉત્સાહ, મારો જુસ્સો અકબંધ રહ્યો છે અને મારી કરિયરની ગાડી દોડે રાખે છે.'ચાલીસ વરસથી વધુ લાંબી કરિયરમાં સંજુબાબાએ લગભગ ૧૪૦ ફિલ્મો કરી છે અને પોતાના બહોળા અનુભવના આધારે એ કબુલે છે કે ઈન્ડસ્ટ્રીમાં બૉક્સ ઑફિસ કલેક્શન અગત્યનું છે, પરંતુ એ બૉક્સ ઑફિસના આધારે એક્ટર તરીકે પોતાનું મૂલ્યાંકન નથી ઈચ્છતો. 'એક તબક્કા બાદ તમે એ મૂલ્યાંકનના સ્ટેજને વટાવી જાવ છો. માનું છું કે બૉક્સ ઑફિસ અને ક્રિટિક્સ (સમીક્ષકો) મહત્ત્વના છે, પણ દર્શક બધાથી સર્વોપરિ છે. પિક્ચર ચલે ના ચલે, લોગોં કો આપકા કામ પસંદ આના ચાહિયે. આજે પણ હું સારા રોલ્સની તલાશમાં રહું છું. એક એક્ટર માટે એનું પરફોર્મન્સ બહુ ઈમ્પોર્ટન્ટ છે. આપણે જે પણ પાત્ર ભજવીએ, પ્રેક્ષકો દ્વારા એની સરાહના થવી જોઈએ. ઔર મેરે લિયે તો વો સબસે બડા રિવોર્ડ હૈ,' એમ વર્સેટાઈલ એક્ટર કહે છે.સંજયે હજુ સુધી ઓટીટી પર એન્ટ્રી નથી લીધી એ ખરેખર નવાઈની વાત કહેવાય. એનું કારણ આપતા દત્ત કહે છે, 'ઓનેસ્ટલી કહું તો મુઝે અભી તક ઓટીટી કી ઑફર્સ મિલી હી નહીં હૈ. હું આ નવા મીડિયમમાં કામ કરવા તૈયાર છું, પણ બધુ રોલ પર ડિપેન્ડ કરે છે.'સવાલ એ છે કે સંજુ હવે કેવી ભૂમિકાઓ કરવા ઈચ્છે છે? એ વિશે દત્તના વિચારો એકદમ ક્રિસ્ટલ ક્લિયર (સ્પષ્ટ) છે, 'હું એક મેસી એક્ટર બની રહેવા માગું છું. જનતા જનાર્દનનો પોતાનો અભિનેતા. હું કાયમ એક માસ-ઓરિયન્ટેડ એક્ટર રહ્યો છું. આય એમ અ મેસી એક્ટર. હું એ જ બની રહેવા ઈચ્છું છું. હું એમ નથી કહેતો કે બીજા પ્રકારનું સિનેમા નકામું છે, પરંતુ આપણી ફિલ્મોનું ૯૦ ટકા ઓડિયન્સ આમ જનતા છે.

### ભૂમિના મતે ફેશન સૌંદર્યશાસ્ત્રથી એક ડગલુ આગળ સ્વ-અભિવ્યક્તિનું શક્તિશાળી સાધન પણ છે

# ફેશન માન્યતા અને મૂલ્યો પ્રદર્શિત કરવાનો પણ એક માર્ગ છે : ભૂમિ પેડનેકર

બોલીવૂડની વર્સેટાઈલ અભિનેત્રી ભૂમિ પેડણેકર તેની અભિનય પ્રતિભા ઉપરાંત તેની સતત વિકસતી સ્ટાઈલની જાણકારી માટે પણ પ્રસિદ્ધ છે. અભિનય માટે તેની ધગશ તો મજબૂત છે જ, પણ પેડણેકર હવે ફેશનના વિશ્વમાં પણ પોતાની છાપ છોડવા સક્રિય થઈ છે. આત્મવિશ્વાસભર્યા વ્યક્તિત્વ અને બેબાક પસંદગી માટે જાણીતી પેડણેકરે છેલ્લા થોડા વર્ષો દરમ્યાન તેની સ્ટાઈલમાં થયેલા પરિવર્તન અને ફેશનના ક્ષેત્ર વિશે મંતવ્યો રજૂ કર્યા છે. યુવા વયથી જ ભૂમિ ફેશનથી પ્રભાવિત હતી. સ્ક્રીન પર આકર્ષક પહેરવેશ જોઈને તે અંજાઈ જઈને માતાપિતા પાસે પણ એવા પોષાકની માગણી કરતી. તેની માતા પણ ફેશનની શોખીન હોવાથી ભૂમિને પોતાના કપડા રિસાઈકલ કરીને રચનાત્મક ફેરફાર કરવા પ્રોત્સાહિત કરતી. ફિલ્મમાં પ્રસિદ્ધિ મેળવવા અગાઉ ભૂમિ દિલ્હીના સરોજિની બજારમાંથી પોષાય તેવા સ્ટાઈલીશ પોષાક ખરીદતી.પ્રત્યેક વીકએન્ડમાં તે આવી આઈટમોમાં દરજી પાસે ફેરફાર કરાવતી અને પોતાની પસંદગી મુજબના વિશિષ્ટ આઉટફિટનું સર્જન કરતી. ભૂમિ માટે ફેશન પોષાક ઉપરાંત રચનાત્મકતા અને સ્વ-અભિવ્યક્તિનું માધ્યમ છે અને આવી જ વિભાવના તેના ઉછેરમાં પણ વ્યક્ત થાય છે.ભૂમિના મતે ફેશન સૌંદર્યશાસ્ત્રથી એક ડગલુ આગળ સ્વ-અભિવ્યક્તિનું શક્તિશાળી સાધન પણ છે. ભૂમિ માને છે કે ફેશન માન્યતા અને મૂલ્યો પ્રદર્શિત કરવાનો પણ એક માર્ગ છે. આવો અભિગમ ખાસ કરીને વૈશ્વિક ફેશન ક્ષેત્રમાં વિશેષ કરીને જોવા મળે છે જ્યાં કાન રેડ કારપેટ જેવા કાર્યક્રમો વ્યક્તિઓ માટે પોતાનો અભિપ્રાય અને મત વ્યક્ત કરવાનો તેમજ તેમના કાર્યો માટે સમર્થન મેળવવાનો મંચ બની ગયા છે.ભૂમિ ખાસ કરીને ચેર જેવી હોલીવૂડ સ્ટાર અને ભારતીય આઈકન રેખાની ચાહક છે જેમણે પોતાની બેબાક સ્ટાઈલ સાથે ઐતિહાસીક ગણી શકાય તેવા પોષાક ધારણ કર્યા હતા અને નારીવાદ અને સશક્તિકરણનું પ્રતીક બની ગયા હતા. ભૂમિએ રેખા પાસેથી અનેક પ્રેરણા લીધી છે ખાસ કરીને રેખાની ફેશન પસંદગીની ભૂમિ વિશેષ પ્રશંસક છે. ભૂમિ રેખાના સ્વતંત્રતા અને આત્મવિશ્વાસના ગુણો આત્મસાત કરવા માગે છે. રેખા ઉપરાંત ભૂમિ સોનમ કપૂર, નતાશા પૂનાવાલા અને ઈશા અંબાણીની ફેશન સ્ટાઈલથી પણ પ્રભાવિત થઈ છે.રેખા ભૂમિની પસંદગીની ફેશન પ્રેરણામૂર્તિ છે જેની તે ભરપૂર પ્રશંસા કરે છે. ફિલ્મ ઉદ્યોગમાં રેખાની સફર, પોતાની ઓળખ બાબતે તેનો બેબાક અંદાજ અને ગ્લેમર પ્રતિ તેની ચાહ ભૂમિની જીવન અને ફેશન પ્રત્યેના દ્રષ્ટિકોણ સાથે મેળ ખાય છે. ભૂમિએ અનેકવાર જાહેરમાં રેખાની પ્રશંસા કરી છે અને તેના કેટલાક ગુણો આત્મસાત કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે, ખાસ કરીને તેની સ્વતંત્રતા અને આત્મવિશ્વાસથી તે ખૂબ જ પ્રભાવિત છે.





### કંતારાઃ ચેપ્ટર ૧ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરાઈ

# ૨ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ રિલીઝ થશે કંતારા ચેપ્ટર-૧


અભિનેતા ઋષભ શેટ્ટીની મોસ્ટ અવેટેડ ફિલ્મ કંતારાઃ ચેપ્ટર ૧ને લઈને એક મોટું અપડેટ આવ્યું છે. નિર્માતાઓએ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરી દીધી છે. કંતારા ફિલ્મની સફળતા પછી હોમ્બલ ફિલ્મ્સ હવે કંટારા ચેપ્ટર ૧ સાથે વિશ્વભરના દર્શકોને આકર્ષવાની તૈયારી કરી રહી છે.આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થશેમેકર્સ દ્વારા શેર કરવામાં આવેલા પોસ્ટર પરથી જાણવા મળ્યું છે કે આ ફિલ્મ વિશ્વભરમાં ૨ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ રિલીઝ થશે. આ ફિલ્મના લીડ સ્ટાર ઋષભ શેટ્ટીએ પાત્ર માટે ઘણી મહેનત કરી છે. કંતારાની ફિલ્મની જબરદસ્ત સ્ટોરી દુનિયાભરના લોકોને પસંદ આવી હતી. હોમ્બલ ફિલ્મ્સ તેની વાસ્તવિક ફિલ્મો માટે જાણીતી છે. આ મોટા પ્રોજેક્ટના દિગ્દર્શક અને અભિનેતા, ઋષભ શેટ્ટીએ કેરળની સૌથી જૂની માર્શલ આર્ટ્સમાંની એક કલારીપાયટ્ટુમાં તાલીમ લીધી છે, જેથી તેઓ મોટા પડદા પર પોતાની ભૂમિકાને શાનદાર રીતે નિભાવી શકે. હવે, તેની સખત મહેનતને કારણે, તે કાંટારા ચેપ્ટર ૧ માં સંપૂર્ણપણે અલગ અંદાજમાં જોવા મળશે. આ ફિલ્મની તૈયારી સાથે જોડાયેલા અપડેટ્સદર્શકોનેસતત ઉત્તેજિત કરી રહ્યા હતા. જો કે હવે ફિલ્મની રિલીઝ ડેટ સાથે દર્શકોની રાહનો અંત આવ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર, યુઝર્સ પણ ફિલ્મની રિલીઝ ડેટ પર પોતાનો પ્રતિભાવ આપી રહ્યા છે.




### 'શક્ય છે કે અમે આવતા વર્ષે તેનું શૂટિંગ શરૂ કરી દઈએ' :અક્ષય

# અક્ષય કુમારે 'હેરા ફેરી ૩' પર આપ્યું મોટું અપડેટ

## 'હેરા ફેરી'નો પહેલો ભાગ વર્ષ ૨૦૦૦માં રિલીઝ થયો હતો, તેમાં આ ત્રણેય સ્ટારની ત્રિપુટી હતી




અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી, પરેશ રાવલ તાજેતરમાં મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યા હતા. જે પછી લોકો 'હેરા ફેરી ૩' વિશે ચર્ચા કરવા લાગ્યા. હવે તાજેતરમાં જ ખિલાડી કુમારે આ ફિલ્મના ત્રીજા ભાગને લઈને પોતાનું મૌન તોડ્યું છે. અભિનેતાએ જણાવ્યું કે ફિલ્મનું શૂટિંગ ક્યારે શરૂ થશે.અક્ષય કુમાર તાજેતરમાં એક ઈવેન્ટમાં સામેલ થયો હતો. આ દરમિયાન અભિનેતાને ફિલ્મ 'હેરા ફેરી ૩' વિશે પૂછવામાં આવ્યું હતું. ખિલાડી કુમારે જવાબ આપ્યો, 'અમે આ સમયે માત્ર 'વેલકમ' કરી રહ્યા છીએ. શક્ય છે કે પ્રોડ્યુસરની હેર ફેરી ટૂંક સમયમાં પૂરી થઈ જશે. 'હેરા ફેરી'નો પહેલો ભાગ વર્ષ ૨૦૦૦માં રિલીઝ થયો હતો, તેમાં આ ત્રણેય સ્ટારની ત્રિપુટી હતી, પછી તેઓ ફરીથી 'હેરા ફેરી ૩' કરવાનું શરૂ કરશે. અભિનેતા મજાક કરતા હસવા લાગ્યો. આ પછી તેણે કહ્યું- 'શક્ય છે કે અમે આવતા વર્ષે તેનું શૂટિંગ શરૂ કરી દઈએ.''હેરી ફેરી'ના બે ભાગ આવી ગયા છે. આવી સ્થિતિમાં, છેલ્લા ઘણા સમયથી ફિલ્મના ત્રીજા ભાગને લઈને સતત ચર્ચાઓ થઈ રહી છે. આ ફિલ્મના બંને ભાગ હિટ હતા. રિપોર્ટ્સનું માનીએ તો આ ફિલ્મના ત્રીજા ભાગમાં અક્ષય કુમાર, પરેશ રાવલ અને સુનીલ શેટ્ટી ફરી એકવાર જોવા મળી શકે છે. જોકે, સ્ટાર્સ કે ફિલ્મ વિશે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.'હેરા ફેરી'નો પહેલો ભાગ વર્ષ ૨૦૦૦માં રિલીઝ થયો હતો. તેમાં આ ત્રણેય સ્ટારની ત્રિપુટી હતી. આ કોમેડી ફિલ્મે બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી. આ સાથે વર્ષ ૨૦૦૬માં આવેલી 'ફિર હેરા ફેરી' પણ સુપરહિટ રહી હતી. આવી સ્થિતિમાં ફેન્સ ત્રીજા ભાગની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તમને જણાવી દઈએ કે, અક્ષય કુમારની ફિલ્મ 'સિંઘમ અગેઈન' હાલમાં જ રિલીઝ થઈ છે. આ એક મલ્ટી સ્ટારર ફિલ્મ છે. જેનું નિર્દેશન રોહિત શેટ્ટીએ કર્યુ હતું. આ ફિલ્મ પણ જંગી કમાણી કરી રહી છે.



### વિક્રાંતે અગાઉ 'સેક્ટર ૩૬'માં મનોવિકૃત કિલરનો રોલ કર્યો હતો

# 'ડોન ૩'માં રણવીરનો મુકાબલો કરવા વિક્રાંતને ઓફર

## ડાયરેક્ટર ફરહાન અખ્તર અને રણવીર સિંહ લાંબા સમયથી આ ફિલ્મનું પ્લાનિંગ કરી રહ્યા છે



શાહરૂખ ખાનના વારસદાર તરીકે 'ડોન ૩'માં રણવીર સિંહની પસંદગી થયેલી છે. ડાયરેક્ટર ફરહાન અખ્તર અને રણવીર સિંહ લાંબા સમયથી આ ફિલ્મનું પ્લાનિંગ કરી રહ્યા છે. 'ડોન ૩'માં જૂની કાસ્ટને રીપિટ કરવાના બદલે નવી પેઢીને તક આપવાના પ્રયાસ થઈ રહ્યા છે. રણવીરના ઓનસ્ક્રિન મુકાબલા માટે વિલન તરીકે અનેક નામો પર વિચારણા બાદ વિક્રાંત મેસ્સીની પસંદગી થયેલી છે. વિક્રાંતને આ રોલ ઓફર થયો હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ વિક્રાંતે હજુ આ ફિલ્મ સાઈન કરી નથી. વિક્રાંત મેસ્સીની કરિયરમાં અત્યાર સુધીની ઉત્તમ ફિલ્મ તરીકે '૧૨વીં ફેલ'ની ગણતરી થાય છે. આ ફિલ્મની સફળતા બાદ વિક્રાંતને ઢગલાબંધ ઓફર મળી રહી છે. વિક્રાંતની ટેલેન્ટનો પરચો જોયા પછી તેને 'ડોન ૩'માં મુખ્ય વિલનનો રોલ ઓફર થયો હોવાનું ચર્ચાય છે. વિક્રાંત અને ફરહાન અખ્તર તરફથી આ અંગે કોઈ ખુલાસો થયો નથી, પરંતુ વિલન તરીકે વિક્રાંતે પોતાના કાબેલિયત પુરવાર કરેલી છે. ડાયરેક્ટર ફરહાન અખ્તર અને રણવીર સિંહ લાંબા સમયથી આ ફિલ્મનું પ્લાનિંગ કરી રહ્યા છે, અગાઉ 'સેક્ટર ૩૬'માં વિક્રાંતે મનોવિકૃત કિલરનો રોલ કર્યો હતો. ઓડિયન્સ અને ક્રિટિક્સને વિક્રાંતનો રોલ પસંદ આવ્યો હતો, પરંતુ તે સમયે વિક્રાંતની ખાસ ચર્ચા થઈ ન હતી. વિક્રાંતની આગામી ફિલ્મ સાબરમતી રિપોર્ટ આવી રહી છે. જેમાં તેની સાથે રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરા પણ મહત્ત્વના રોલમાં છે. વિક્રાંતની આ ફિલ્મની રિલીઝ સાથે જ વિવાદો શરૂ થવાની સંભાવના છે અને આ ફિલ્મના કારણે પોતાને ધમકીઓ મળતી હોવાનું પણ વિક્રાંતે સ્વીકારેલું છે. વિક્રાંતની આ ફિલ્મની સફળતા માટે રાહ જોયા વગર ફરહાને તેને 'ડોન ૩'માં વિલન બનવા ઓફર આપી છે. વિક્રાંત પોતે આ ઓફરથી ખૂબ ખુશ હોવાનું મનાય છે.




### ખુશી અને વેદાંગે 'ધ આર્ચીઝ'માં સાથે કામ કર્યુ હતું

# ખુશી કપૂરે તેના વેદાંગ રૈના સાથે સંબંધોની અફવા અંગે ખુલાસો કર્યો

ખુશી કપૂર અને વેદાંગ રૈના ડેટ કરતા હોવાની અફવાઓ ઘણા લાંબા સમયથી ચાલે છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં ખુશીને પૂછાયું હતું કે તે એક એક્ટર તરીકે પોતાની ડેટિંગ અંગેની અફવાઓનો સામનો કઈ રીતે કરે છે. આ પ્રશ્નના જવાબમાં ખુશીએ કહ્યું,"મારા માટે આ બધું ચોક્કસ નવું છે અને આ અંગે મેં પહેલાં ક્યારેય ખાસ વિચાર્યું પણ નથી. એટલે હું ઈચ્છીશ કે હું મારા કામ પર જ વધાપે ધ્યાન આપું. હું સમજું છું કે તમે જ્યારે જાહેરમાં લોકોના ધ્યાનમાં હોય ત્યારે તમારા વિશે કેટલીક ઉત્સુકતા હોય છે, પરંતુ મને લાગે છે કે તમે તમારા અંગત જીવનને અંગત જ રાખો અને કામને જ પ્રાથમિકતા આપો એ શ્રેષ્ઠ ઉપાય છે. "જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તે જરૂર પડે ત્યારે પરિવારમાં કોની સલાહ લેવા જાય છે, ત્યારે ખુશીએ કહ્યું, "હું જહાન્વી પાસે, ડેડી કે અર્જુન ભાઈ પાસે જતી હોઉં છું. એમની પાસે મારા કરતાં ઘણા વર્ષોનો અનુભવ ચહેરા પરના સ્મિત અને ત્યારે વેદાંગ તેને જે રીતે જુએ છે, તે વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.



### ઇન્સ્પેક્ટર એસ.એ. પટેલ સસ્પેન્ડ

# અમદાવાદના કાગડાપીઠ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર સસ્પેન્ડ થયા

## સરેઆમ હત્યા થવા છતાં પીઆઈ દ્વારા તત્કાળ પગલાં ન લેવાતા પોલીસ ખાતાએ તેમની સામે જ પગલું લીધું

। (પ્રતિનિધી) અમદાવાદ, તા. ૧૮ ।

અમદાવાદમાં કાગડાપીઠ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર એસ.એ. પટેલને છેવટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. શહેરના કાગડા પીછ વિસ્તારમાં થયેલી હત્યાના સંદર્ભમાં આ પગલું લેવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે. શહેરમાં છેલ્લા ઘણાં સમયથી હત્યા, લૂંટ, અપહરણ અને મારામારી ઘટનામાં વધારો થઈ રહ્યો છે. કાગડાપીઠ વિસ્તારમાં તલવારના ઘા મારીને એક વ્યક્તિની હત્યાની ચકચારી ઘટના સામે આવી છે. આ ઘટનાને પગલે કાગડાપીઠ પોલીસ સ્ટેશનની બહાર હજારો લોકો ઉમટી પડ્યા હતા. સ્થાનિક લોકોનો વિરોધ ઉગ્ર બનતા અમદાવાદ પોલીસ કમિશનરે કાગડા પીઠ પોલીસ સ્ટેશનના પી.આઈ.ને સસ્પેન્ડ કરી દીધા છે. અહેવાલ અનુસાર અમદાવાદના કાગડાપીઠ વિસ્તારમાં જયંત પંડિતનગર પાસે યુવકની તલવારના ઘા ઝીંકી હત્યા નીપજાવી હતી. હત્યાની ઘટનાને અંજામ આપ્યા બાદ ત્રણ લોકો ફરાર થઈ ગયા હતા. આ મામલે કાગડાપીઠ પોલીસે ૨ કિશોરને રાઉન્ડઅપ કર્યા છે. મૃતક નાનકો ઠાકોર અને આરોપી વચ્ચે અંગત અદાવત અને રૂપિયાની લેતીદેતી મામલે અગાઉ પણ ઝઘડો થયો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. પોલીસે હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. એ ઘટનાને પગલે કાગડાપીઠ પોલીસ સ્ટેશનની બહાર હજારો લોકો ઉમટી પડ્યા હતા. સ્થાનિક લોકોના ટોળાએ સુત્રોચ્ચાર સાથે પોલીસનો ઉગ્ર વિરોધ કર્યો હતો. લોકોનો વિરોધ ઉગ્ર બનતા અમદાવાદ પોલીસ કમિશનરે કાગડાપીઠ પોલીસ સ્ટેશનના પી.આઈ.ને સસ્પેન્ડ કરી દીધા છે. હત્યાની ઘટના અને ત્યાર બાદ કોઈ કાર્યવાહી ન કરવા બદલ પીઆઈ સામે પગલાં લેવાયાં છે. હત્યાની ઘટના અને ત્યાર બાદ કોઈ કાર્યવાહી ન કરવા બદલ પીઆઈ સામે પગલાં લેવાયાં છે. આ અગાઉ શહેરમાં શનિવારે (૧૬મી નવેમ્બર) મોડી સાંજે નહેરુનગરના માણેકબાગ રોડ પર ટાગોર પોલીસ નજીક આવેલી બોરાણા વેજીટેબલ માર્કેટમાં મહાલક્ષ્મી ફ્રૂટ-શાકભાજીની દુકાનના વેપારી બદાજી મોદી પર એક્ટિવા પર આવેલા અજાણ્યા શખસે એક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ ઘટનામાં ઈજાગ્રસ્ત વેપારીને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડયા હતા. પરંતુ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

# પોલીસની નજર સામે ખેલાયો ખૂની ખેલ, વડોદરામાં ભાજપના પૂર્વ કોર્પોરેટરના પુત્રની થઈ હત્યા

## માથાભારે તત્વોએ ભાજપના પૂર્વ કોર્પોરેટરના પુત્ર તપન પરમાર પર હુમલો કર્યો હતો

। વડોદરા, તા.૧૮ ।

વડોદરામાં ભાજપના નેતાના પુત્રની હત્યા થતાં ચકચાર મચી જવા પામી છે. વિધર્મી સમુદાયના માથાભારે તત્વોએ ભાજપના પૂર્વ કોર્પોરેટરના પુત્ર તપન પરમાર પર હુમલો કર્યો હતો. ત્યારબાદ સારવાર દરમિયાન ભાજપ નેતાના પુત્રનું મૃત્યુ નીપજ્યું હતું. પરિવારે વ્હાલસોયો પુત્ર ગુમાવતા સયાજી હોસ્પિટલ માં ગમગીની છવાઈ ગઈ હતી. બીજી બાજુ, પોલીસની નજર સામે જ ગુનાને અંજામ આપ્યાનો આક્ષેપ પણ થઈ રહ્યા છે. આ મામલે પોલીસે સીસીટીવી ફૂટેજની મદદથી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરામાં નાગરવાડા સરકારી સ્કૂલ નજીક આમલેટની લારી પર પૈસાની ઉઘરાણી કરવા માટે બે યુવક ગયા હતા. જ્યાં લઘુમતી કોમના યુવકોએ હુમલો કરી ઈજાગ્રસ્ત કર્યા હતા. તેઓને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા ત્યારે ભાજપના પૂર્વ કોર્પોરેટર રમેશ રાજા પરમાર અને તેમના પુત્ર તપન રમેશ પરમાર સહિત સ્થાનિક યુવકો સયાજી હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. આ દરમિયાન પોલીસ હુમલાખોર લઘુમતી કોમના યુવક બાબર પઠાણને જાપ્તા સાથે લઈને આવી હતી. ત્યારે પોલીસની હાજરીમાં બાબર પઠાણે ભાજપના પૂર્વ કોર્પોરેટર રમેશ રાજાના પુત્ર પર તલવારથી હુમલો કરી તેની હત્યા કરી દીધી હતી. પોતાના વિસ્તારના યુવકોની મદદે હોસ્પિટલ પર આવેલા યુવક પર બાબર નામના શખ્સે પોલીસની હાજરીમાં જ છરી વડે હુમલો કરી હત્યા નિપજાવી હોવાનું સામે આવ્યું છે. ઘટનાના પગલે રાત્રિના સમયે સયાજી હોસ્પિટલ પર લોકોનાં ટોળાં એકઠાં થતાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

પૂર્વ કોર્પોરેટરે આક્ષેપ કરતા કહ્યું છે કે, પોલીસ તપાસમાં સહકાર આપતી નથી. હું પૂર્વ કોર્પોરેટર છું અને પોલીસની કામગીરીમાં સાથ આપ્યો છે. પરિવારજનોએ પોલીસ મથક માથે લીધું છે. સમગ્ર ઘટના મામલે પરિજનો તેમજ સ્થાનિકોએ હોબાળો કર્યો છે. ઘટનાની જાણ થતાની સાથે પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે હાજર થઈ ગયા છે.

સયાજી હોસ્પિટલમાં એક બાજુ ઘવાયેલા બે યુવકોને સારવાર આપવામાં આવી રહી છે, ત્યાં બીજી બાજુ બાબર પઠાણ નામના હુમલાખોરે ભાજપના પૂર્વ કોર્પોરેટર રમેશ રાજાના પુત્ર તપન પરમારને મોતને ઘાટ ઉતારી દેવાનો કિસ્સો બનતા નાગરવાડા વિસ્તારમાં શોકનો માહોલ સર્જાયો હતો. આ બનાવની જાણ થતા પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ઢઝઁ, છઝઁ કક્ષાના અધિકારીઓ જીજીર પહોંચ્યા હતા. રાજકીય અગ્રણીઓ પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. આ સમગ્ર મામલે પોલીસે ૫ શખ્સોની પૂછપરછ હાથ ધરી છે. તપન પરમારની હત્યામાં બાબર પઠાણની પત્ની પણ સામેલ હોવાની શંકા છે.

# ભગુડાના સાધુની જટા કાપી અને ૨૧ હજારની લૂંટ કરી

। (જી.એન.એસ) અમરેલી, તા.૧૮ ।

અમરેલીના ખાંભાની રાજધાની ચોકડી પાસે ખોડીયાર આશ્રમમાં આરામ કરી રહેલા ભગુડાના સાધુ પાસે અજાણ્યા બે સાધુઓ આવીને 'તું ફર્જી સાધુ છે' તેમ કહીને મારમારી કરી, ભગુડાના સાધુની જટા કાપી વીડિયો બનાવ્યો હતો અને રોકડ સહિત કુલ ૨૧ હજારની લૂંટ કરીને બંને અજાણ્યા સાધુઓ ભાગી ગયા હતા. આ મામલે ભગુડાના સાધુએ ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. મળતી માહિતી પ્રમાણે, ભગુડાના એક સાધુ ખોડીયાર આશ્રમમાં આરામ કરી રહ્યાં હતા, ત્યારે અર્જુન ગીરી નામના સાધુ અને અન્ય એક અજાણ્યા સાધુ આશ્રમમાં આવ્યાં હતા. આ દરમિયાન આ બંને સાધુએ ભગુડાના સાધુને તું ફર્જી સાધુ છે કહીને મારામારી કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# ઝાલોદ બી.એમ. હાઈસ્કૂલ ખાતે સ્કૂલમાં ભણતી બાળાઓને આત્મરક્ષણ માટે કાનૂની શિબિર યોજવામાં આવી




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૮ ।

તારીખ ૧૮-૧૧-૨૦૨૪ સોમવારના રોજ બપોરે ૩ વાગે ઝાલોદ ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ દ્વારા બી.એમ.હાઈસ્કૂલ ખાતે કોર્ટ ની બહેનો તેમજ મહિલા પોલિસ કર્મચારીઓને સાથે રાખી સ્કૂલમા ભણતી બાળાઓ માટે પોતાની રક્ષા તેમજ સુરક્ષા માટે આત્મરક્ષણ શિબિર યોજવામાં આવી હતી. મહિલા એડવોકેટ ડામોરબેન દ્વારા બાળાઓને ગુડ ટચ બેડ ટચ, રસ્તા પર ચાલતા કોઈ રોમિયો ગીરી કરી છેડતી કરે, બસમા આવતા કોઈ વ્યક્તિ પીછો કરી હેરાન કરે તેમજ કોઈ પણ છોકરાઓ પૈસા આપી કે લોભ, લાલચ આપી લલચાવે તો કોઈ પણ બાળકો એ લલચાવુ નહી. આવી કોઈ પણ છેડતીની ઘટના બને તો બાળાઓ એ પોતાના વાલી ,બહેન, ભાઈ, સ્કૂલમા શિક્ષકોનો સંપર્ક કરે તેમજ દરેક અનિચ્છનીય બનતી ઘટનાઓ ને લઈ બાળાઓ નીડર થઈ સામનો કરે. આજના યુગમાં સરકાર દ્વારા છોકરીઓને નીડર બનાવવા નવા કાનૂનો પણ આવેલ છે જેથી મહિલાઓ પોતે નજીકના પોલિસ સ્ટેશનનો સંપર્ક કરી નિર્ભયતા થી સામનો કરવો. આજના આ પ્રોગ્રામમાં કેળવણી મંડળના પ્રમુખ અતુલ પટેલ , પ્રિન્સિપાલ મીતુલ પટેલ, ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ, પી.આઈ રાઠવા, પી.એસ.આઇ સિસોદિયા, એડવોકેટ ડામોરબેન હાજર રહી બાળકીઓને માહિતગાર કર્યા હતા...

# તપાસ હવે પોલીસ પાસેથી લઈને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ છેલ્લા કેટલા દિવસથી વિવાદના ઘેરામાં છે. ખ્યાતિ હોસ્પિટલ કરતૂતનો એક બાદ એક ખુલાસા થયા છે. અમદાવાદ ખ્યાતિ હોસ્પિટલમાં ૨ દર્દીના મૃત્યુનો મામલે વધુ એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. જેમાં સમગ્ર કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી છે. આ ઉપરાંત ભાગી ગયેલા આરોપીઓની શોધખોળ કરવા પોલીસ અને ક્રાઈમબ્રાન્ચે ચક્રો ગતિમાન કર્યો છે. હાલ ફરાર ડોકટર આરોપી સામે લૂકઆઉટ નોટિસ જાહેર કરવામાં આવી છે. ઉપરાંત ક્રાઈમ બ્રાન્ચની જુદી જુદી ટીમો દ્વારા આરોપીઓની શોધખોળ શરૂ કરી દેવામાં આવી છે.

રાજ્યમાં બહુચર્ચિત ખ્યાતિ હોસ્પિટલ કાંડને લઈ પોલીસ કમિશ્નર જી એસ મલિકે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેઓએ કેસને લઈ મહત્વની બાબતો જણાવી હતી. સમગ્ર ઘટનાને લઈ તેઓએ જણાવ્યુ હતુ કે ખ્યાતિ હોસ્પિટલ કેસની દોર ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી છે. સાથે સાથે ૮ દિવસ બાદ પણ પોલીસ આરોપીઓ સુધી પહોંચી શકી નથી તો પોલીસે ડો. પ્રશાંત વજીરાણીની કસ્ટડી ક્રાઈમબ્રાન્ચને સોંપી દેવાઈ છે ફરાર આરોપીઓ સામે લૂકઆઉટ નોટિસ જાહેર કરી છે તો ડાયરેક્ટર કાર્તિક પટેલ હાલ ઓસ્ટ્રેલિયામાં મોજ કરે છે તો અન્ય ૪ આરોપીઓને પોલીસ હજુ સુધી નથી પકડી શકી. વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પીઆઈ સાહેબ અને તેમનો સ્ટાફ અત્યાર સુધી પાંચમાથી એક જ આરોપીને ઝડપી શકી છે તો ૪ આરોપીઓ હજી પણ ફરાર છે. પોલીસ કમિશ્નરના જણાવ્યા મુજબ આરોપી ગુજરાતમાંથી ભાગી ગયા હોવાની આશંકા તેઓને લાગી રહી છે. જેને લઈ હાલ પોલીસ અને ક્રાઈમબ્રાન્ચ દ્વારા કામગીરીને વધારે કડક બનાવી દેવાઈ છે. ક્રાઈમબ્રાન્ચની અલગ અલગ ટીમે ફરાર આરોપીઓને ઝડપવા તપાસ શરૂ કરી છે. આરોપી ગુજરાત બહાર ભાગી ગયા હોવાની આશંકા છે તે દિશામાં તપાસ ચાલી રહી છે. ખ્યાતિ હોસ્પિટલના ડાયરેકટર કાર્તિક પટેલ ઓસ્ટ્રેલિયા છે. અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ કાંડની તપાસમાં મોટો ખુલાસો થયો છે. વિગતો મુજબ આરોપી ડૉ.પ્રશાંત વજીરાણીએ ૪ વર્ષમાં ૭ હજાર સર્જરી કરી હોવાનો ખુલાસો થયો છે. આરોપીએ ૪૨ દિવસમાં ૨૨૧ એન્ડિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરી હતી. જેમાં ઓક્ટોબર મહિનામાં ૧૬૬ એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરી હતી તો નવેમ્બર મહિનામાં ૫૫ એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરી હતી. આયુષ્યમાન યોજનાનો લાભ લેવા તમામ ફાઈલ મોકલાવામાં આવી હતી.

# માણેકબાગમાં ફ્રૂટ-શાકભાજીની દુકાનના વેપારીની હત્યાનો આખરે ભેદ ઉકેલાયો

। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદમાં ૧૬મી નવેમ્બરની મોડી સાંજે નહેરુનગરના માણેકબાગમાં મહાલક્ષ્મી ફ્રૂટ-શાકભાજીની દુકાનના વેપારી બદાજી મોદીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

એક્ટિવા પર આવેલા અજાણ્યા શખસોએ વેપારી પર ફાયરિંગ કરીને ફરાર થઈ ગયા હતા. હવે પોલીસે આ હત્યાનો ભેદ ઉકેલી લીધો છે. પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદમાં નહેરુનગરના માણેકબાગ રોડ પર ટાગોર પોલીસ નજીક આવેલી બોરાણા વેજીટેબલ માર્કેટમાં મહાલક્ષ્મી ફ્રૂટ-શાકભાજીની દુકાનના વેપારી બદાજી મોદી પર એક્ટિવા પર આવેલા અજાણ્યા શખસોએ ફાયરિંગ કર્યું હતું. આ ઘટનામાં ઈજાગ્રસ્ત વેપારીને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડયા હતા. પરંતુ સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતું. આ મામલે પોલીસે પોલીસે મધ્ય પ્રદેશથી ફાયરિંગ કરનારા ૩ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં કૌટુંબિક ભત્રીજાએ જ સોપારી આપી વેપારીને હત્યા કરાવી હોવાનો સામે આવ્યું છે. ૨૫ લાખ રૂપિયામાં વેપારીની હત્યાની સોપારી આપવામાં આવી હતી.

# દાહોદ જિલ્લા એસ.પી ઝાલા દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી માટે ઝાલોદના બે પોલિસ કર્મચારીઓનુ સન્માન કરવામાં આવ્યું




। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષક રાજદીપસિંહ ઝાલા દ્વારા તારીખ ૧૭-૧૧-૨૦૨૪ રવિવારના રોજ ક્રાઈમ કોન્ફરન્સનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સ દરમિયાન દાહોદ જિલ્લામાં અલગ અલગ ક્રાઈમને લગતા ગુનાઓમા જે પોલિસ કર્મચારીઓ દ્વારા સુંદર કામગીરી કરવામાં આવી હતી તે દરેક લોકોનુ સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉત્કૃષ્ટ કામગીરીમાં ઝાલોદ પોલીસ સ્ટેશનના પી.આઈ રાઠવા તેમજ પો.કો વિક્રમસિંહ ને તાજેતરમાં ધાવડીયા ચેક પોસ્ટ પર પોલિસ દ્વારા તારીખ ૨૩-૧૦-૨૦૨૪ ના રોજ ચેકિંગ કરવામા આવી રહેલ હતું તે દરમિયાન અફીણના પોષડોડા કુલ ૨૨ થેલા ઝડપી પાડવામા સફળતા મેળવી હતી જેની અંદાજિત કિંમત ૧૨,૯૫,૭૬૦ રૂપિયા હતી. આ કેસમાં આંતર રાજ્ય મધ્યપ્રદેશ થી સૌરાષ્ટ્ર વિસ્તારમાં ગેરકાયદેસર હેરાફેરી કરાવનાર ૫ સૂત્રધારોને ઝડપી પાડવાનું પ્રસંસનીય કામગીરી કરેલ હતી તેને દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષક રાજદીપસિંહ ઝાલા દ્વારા પ્રમાણપત્ર આપી આ કામગીરીને બિરદાવી હતી જેથી ભવિષ્યમાં પણ પોલિસ સતત આવી સુંદર કામગીરી કરતા રહે..

### લાઈવ કોન્સર્ટ દરમિયાન કાઢી ઝાટકણી

# દિલજીત દોસાંઝે તેલંગાણા સરકારની કાઢી ઝાટકણી




। (પ્રતિનિધી) ગાંધીનગર, તા. ૧૮ ।

ગુજરાતના ગાંધીનગરમાં પંજાબી સિંગર દિલજીત દોસાંઝના કોન્સર્ટનું ૧૭ નવેમ્બરના રોજ આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં તેને જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આ લાઈવ કોન્સર્ટ દરમિયાન ગાયક દિલજીત દોસાંઝે તેલંગાણા સરકારની ઝાટકણી કાઢી હતી. તાજેતરમાં તેના હૈદરાબાદના શો માટે તેલંગાણા સરકારે તેને કેટલીક બાબતોમાં ફેરફાર કરવા માટે નોટિસ મોકલી હતી, જેના પર ગાયક દિલજીત દોસાંઝે પોતાની પ્રતિક્રિયા આપી છે. તેણે કહ્યું કે, જો દેશના તમામ રાજ્યો પોતાને ડ્રાય સ્ટેટ જાહેર કરે તો બીજા દિવસથી હું દારૂ પર કોઈ ગીત નહીં ગાઉં. ભારત પહેલા દિલજીત દોસાંઝે અમેરિકા, લંડન અને અન્ય ઘણી જગ્યાએ કોન્સર્ટ કર્યા, જેના માટે તેમને ઘણો પ્રેમ મળ્યો. જો કે, ભારતમાં આ ટુર શરૂ થાય તે પહેલા જ ગાયક દિલજીત દોસાંઝ વિવાદોમાં ફસાઈ ગયા હતા. તેલંગાણા સરકાર દ્વારા હૈદરાબાદના કોન્સર્ટ માટે જાહેર કરવામાં આવેલી નોટિસમાં દિલજીત દોસાંઝને દારૂ, ડ્રગ્સ અને હિંસા પર આધારિત ગીતો ન ગાવા અને બાળકોને સ્ટેજ પર આમંત્રિત ન કરવા કહેવામાં આવ્યું હતું. દિલજીત દોસાંઝે ગાંધીનગરમાં કોન્સર્ટ દરમિયાન સ્ટેજ પર કહ્યું કે, ''સારા સમાચાર એ છે કે આજે મને કોઈ નોટિસ મળી નથી અને તેનાથી પણ સારા સમાચાર એ છે કે, આજે પણ હું દારૂ પર કોઈ ગીત નહીં ગાઉં. હું દારૂ પર ગીતો નહીં ગાઉં કારણ કે ગુજરાત ડ્રાય સ્ટેટ છે.''

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમે તમારી સમસ્યાઓ ભૂલી જશો તથા પરિવારના સભ્યો સાથે સારો સમય વિતાવશો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારું ઝડપી પગલું તમને પ્રેરિત કરશે. સફળતા મેળવવા માટે-સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દષ્ટિકોણને વ્યાપક બનાવશે-તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. સાવધાન રહેજો કેમ કે આજે પ્રેમમાં પડવું એ તમારી માટે અપવિત્ર બાબત બની શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે. તમે જેને સૌથી વધુ ચાહો છો તે વ્યક્તિ પ્રત્યેનો તમારો ખરાબ અભિગમ તમારા સંબંધમાં અસંગતતા લાવી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરનું કામ થકાવનારૂં હશે તથા માનસિક તાણનું મોટું કારણ બનશે. તમે જો મિત્રો સાથે સાંજ બહાર જશો તો ઈન્સ્ટન્ટ રૉમાન્સ તમારી તરફ આવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. તમારા જેવા જ રસના વિષયો ધરાવતા લોકો સાથે તમે સંપર્કમાં આવો એવી પ્રવૃત્તિઓમાં તમારે સામેલ થવું જોઈએ.

**મકર (ખ,જ) :**

આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દ્રઢતા બક્ષશે. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. તમારી મહત્વાકાંક્ષા વિશે મોટી વયની વ્યક્તિને જણાવો તેઓ તમારી મદદ કરવા પોતાનાથી બનતા તમામ પ્રયત્નો કરશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. સાંજના સમયે એકાએક મળેલા સારા સમાચાર આખા પરિવાર માટે ખુશી તથા હર્ષોલ્લાસ લાવશે. તમને આજે પ્રેમની સુંદર ચોકલેટના સ્વાદ માણવા મળશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપશે.

## JMM-કોંગ્રેસની ફરિયાદ પર જાહેરાત હટાવવાના આદેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

કેન્દ્રીય ચૂંટણી પંચે કોંગ્રેસ અને ઝારખંડ મુક્તિ મોરચાની ફરિયાદ પર ઝારખંડ ચૂંટણી કમિશનરને નિર્દેશ આપ્યો કે તેઓ રાજ્ય ભાજપની સોશિયલ મીડિયા ટીમના એક્સ અને ફેસબુક પેજ પર મૂકવામાં આવેલી જાહેરાત પર કાર્યવાહીના નિર્દેશો જારી કરે. ભાજપની પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું "સમગ્ર ઝારખંડની કાયાપલટ કરી દઈશું." કેન્દ્રીય ચૂંટણી પંચે જણાવ્યું કે કોંગ્રેસ અને ઝારખંડ મુક્તિ મોરચાની ફરિયાદ જોયા બાદ ચૂંટણી પંચે જોયું કે પ્રારંભિક રીતે ઝારખંડ ભાજપ દ્વારા જારી કરવામાં આવેલી આ જાહેરાત આચાર સંહિતાનું ઉલ્લંઘન છે. કેન્દ્રીય ચૂંટણી પંચે રાજ્ય ચૂંટણી કમિશનરને કહ્યું કે તેઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને જાણ કરે કે આ એડને હટાવવામાં આવે. સાથે જ રાજ્ય ભાજપને નિર્દેશ આપે કે આ એડને જ્યાં પણ જારી કરવામાં આવી છે તેને તાત્કાલિક હટાવવામાં આવે. રિપોર્ટ મુજબ, કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે ભાજપની ઝારખંડ યુનિટ પર સોશિયલ મીડિયા પર "ખોટી અને ગેરમાર્ગે દોરતી" માહિતી ફેલાવવાનો આરોપ લગાવ્યો છે.

## રિટાયર તમામ કર્મચારીઓએ પેન્શન મેળવવા માટે હવે ફોર્મ ૬-એ ભરવું પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

કેન્દ્ર સરકારના કાર્યાલયોથી રિટાયર તમામ કર્મચારીઓએ પેન્શન મેળવવા માટે હવે ફોર્મ ૬-એ ભરવું પડશે. આ ફોર્મ ભવિષ્ય કે ઈ-એચઆરએમએસ ૨.૦ પોર્ટલ દ્વારા ફક્ત ઓનલાઈન ભરી શકાય છે. પેન્શન પ્રક્રિયા સંલગ્ન આ નવો નિયમ દેશમાં ૬ નવેમ્બરથી લાગૂ થઈ ગયો છે. કેન્દ્ર સરકારની નોકરીમાંથી રિટાયર થનારા કર્મચારીઓના હવે કાગળ પર લખીને જમા કરાતી અરજીઓ સ્વીકારવામાં નહીં આવે. મીડિયા રિપોર્ટ મુજબ આ જાણકારી ભારત સરકારના કાર્મિક લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય હેઠળ આવતા પેન્શન એન્ડ પેન્શનર્સ વેલફેર ડિપ ાર્ટમેન્ટ દ્વારા એક નોટિફિકેશનમાં અપાઈ છે. પહેલા પેન્શન માટે અરજી કાગળ પર લખીને કરી શકાતી હતી પરંતુ હવે કેન્દ્ર સરાકારની નોકરીઓમાંથી રિટાયર થઈ રહેલા કર્મચારીઓ માટે પેન્શન માટે ઓનલાઈન પેન્શન ફોર્મ ભરવું પડશે. આ નવો નિયમ સરકારી પ્રક્રિયાઓને ડિજિટલ બનાવવા માટે એક મોટા પગલાંનો હિસ્સો છે. કેન્દ્ર સરકારની નોકરીઓમાંથી રિટાયર થનારા કર્મચારીઓ માટે તે ૧૬ નવેમ્બરથી ઉપલબ્ધ છે. આ માટે ૪ નવેમ્બર ૨૦૨૪ના રોજ એક નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. જે ઓનલાઈન પોર્ટલ પેન્શન પ્રક્રિયાને સરળ અને વધુ પ્રભાવી બનાવવા માટે બનાવવામાં આવ્યું છે.

### કંગના રણૌતે કરી જાહેરાત

# ઈમરજન્સી ફિલ્મ આગામી વર્ષે ૧૭ જાન્યુઆરીએ રિલીઝ થશે

## કંગના રણૌતની મચ-અવેટેડ ફિલ્મ ઈમરજન્સીને ફાઈનલી તેની રિલીઝ ડેટ મળી ગઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

કંગના રણૌતની મચ-અવેટેડ ફિલ્મ ઈમરજન્સીને ફાઈનલી તેની રિલીઝ ડેટ મળી ગઈ છે. ચાહકો લાંબા સમયથી આ ફિલ્મની રાહ જોઈ રહ્યા છે. હવે કંગનાએ ચાહકોની આતુરતાનો અંત લાવતા ફિલ્મની રિલીઝ ડેટની જાહેરાત કરી છે. એક્ટ્રેસે જણાવ્યું કે, ફિલ્મને સેન્સર બોર્ડ દ્વારા લીલી ઝંડી મળી ગઈ છે અને હવે આ ફિલ્મ આગામી વર્ષે ૧૭ જાન્યુઆરીના રોજ રિલીઝ થશે. કંગનાએ રિલીઝ ડેટની જાહેરાત પોતાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા કરી છે અને જણાવ્યું કે, ફિલ્મની રિલીઝ ડેટ આવી ગઈ છે. ૧૭ જાન્યુઆરી ૨૦૨૫ – દેશની સૌથી શક્તિશાળી મહિલાની મહાકાવ્ય ગાથા અને તે ક્ષણ જેણે ભારતનું ભાગ્ય બદલી નાખ્યું. માત્ર સિનેમામાં ઈમરજન્સી પરથી પ ડદો હટશે. એક્ટ્રેસે આ સાથે જ પોતાની




ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં એક ફોટો પણ અપડેટ કર્યો છે, જ્યાં તે શુભારંભ કરતી નજર આવી રહી છે. ઈમરજન્સીના સેટ પરથી લેવામાં આવેલ આ તસવીરમાં કંગના હાથ જોડીને પ્રણામ કરતી દેખાઈ રહી છે. બાકીના ક્રૂ પણ તેની સાથે પ્રણામ કરતા નજર આવી રહ્યા છે. કંગનાની આ જાહેરાતથી ફેન્સનું એક્સાઈટમેન્ટ લેવલ હાઈ થઈ ગયું છે. કંગનાના હોમ પ્રોડક્શન બેનર મણિકર્ણિકા ફિલ્મ્સના બેનર હેઠળ બની રહેલી આ ફિલ્મના નિર્દેશનની જવાબદારી પણ અભિનેત્રીએ પોતે જ લીધી છે. તેના માટે પ્રોજેક્ટનું સફળ થવું કેટલું જરૂરી છે તે કોઈનાથી છુપાયેલ નથી. ફિલ્મની રિલીઝ ડેટ સતત મુલતવી રાખવાથી કંગના લાંબા સમયથી મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. આખરે હવે તેનો રસ્તો સાફ થતો નજર આવી રહ્યો છે. તમને જણાવી દઈએ કે, ફિલ્મ ઈમરજન્સી પહેલા ૧૪ જૂન, ૨૦૨૪ના રોજ રિલીઝ થવાની હતી, પરંતુ કંગનાના રાજકીય પ્રચાર અભિયાનને કારણે તેણે તેને ટાળી દેવી પડી હતી. ત્યારબાદ તેની રિલીઝ ડેટ ૬ સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી હતી, પરંતુ આ વખતે ફિલ્મ પર ઉઠાવવામાં આવેલા અનેક ઓબ્જેક્શનને તેના પ્રોજેક્શન પર ગ્રહણ લગાવી દીધું. કારણ કે આ ફિલ્મ ઈન્દિરા ગાંધી અને દેશમાં લાગેલી ઈમરજન્સીની સ્ટોરી પર આધારિત છે, તેના પર તમામ સવાલ ઉઠાવવામાં આવ્યા છે.

## અમેરિકાની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી ટૂંકમાં ભારતમાં શરૂ કરશે કેમ્પસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને અમેરિકાના મેરીલૅન્ડમાં સ્થિત જોન્સ હોપકિન્સ યુનિવર્સિટીના અધિકારીઓ સાથે ભારતમાં તેનું કેમ્પસ સ્થાપવા અંગે ચર્ચા કરી હતી. આ પગલું ભારતમાં શિક્ષણના આંતરરાષ્ટ્રીયકરણ માટે સીમાચિહ્નરૂપ સાબિત થઈ શકે છે. આ બેઠક દરમિયાન યુનિવર્સિટીની સાથે શૈક્ષણિક અને રિસર્ચ જગતમાં ભારત સાથે સહયોગ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. શિક્ષણ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, બેઠક દરમિયાન ઉચ્ચ-સ્તરીય પ્રતિનિધિમંડળ દ્વારા વ્યક્ત કરવામાં આવેલ ઊંડી રુચિને ધ્યાનમાં રાખતાં સરકારને ટૂંક સમયમાં હકારાત્મક પરિણામો મળવાની આશા છે. આ મામલા સાથે સબંધિત અધિકારીઓએ જણાવ્યું કે, ડુઅલ અને સંયુક્ત ડિગ્રી કાર્યક્રમો, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની રુચિ અને ડેટા સાયન્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ભાવિ ટૅક્નોલૉજી જેવા ઉભરતા ક્ષેત્રોમાં રિસર્ચ ભાગીદારીના ક્ષેત્રો અંગે પણ ચર્ચા થઈ હતી. અમેરિકાથી ભારત આવેલી ટોચની વૈશ્વિક સંસ્થાઓનું આ અત્યાર સુધીનું સૌથી મોટું પ્રતિનિધિમંડળ છે. તેનું નેતૃત્વ જોન્સ હોપકિન્સ યુનિવર્સિટીના અધ્યક્ષ રોનાલ્ડ જે. ડેનિયલ્સ કરી રહ્યા છે. તેમાં ગુપ્તા ક્લિન્સકી ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટના અધિકારીઓ પણ સામેલ છે, જે યુનિવર્સિટીની એક શાખા છે અને તે સંશોધન, શિક્ષણ અને નીતિના માધ્યમથી યુનિવર્સિટીને ભારતીય ભાગીદારો સાથે જોડવાનો પ્રયાસ કરી રહી છે. બેઠકમાં ધર્મેન્દ્ર પ્રધાને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦(NE)ના લક્ષ્યો પર પણ ચર્ચા કરી હતી. નોંધનીય છે કે, JHU વૈશ્વિક સ્તરે ટોચની યુનિવર્સિટીઓમાં સ્થાન ધરાવે છે. તે સંશોધન, ચિકિત્સા અને શિક્ષણમાં પોતાના યોગદાન માટે પ્રસિદ્ધ છે. જાહેર આરોગ્ય અને બાયોમેડિકલ એન્જિનિયરિંગમાં પોતાના અગ્રણી કાર્ય માટે ઓળખાય છે. ૧૮૭૬માં તેની સ્થાપના થઈ ત્યારથી તે વિશ્વભરમાં અગ્રણી રહી છે. ઊજી વર્લ્ડ યુનિવર્સિટી રેકિંગ્સ અને ટાઈમ્સ હાયર એજ્યુકેશન (THE) જેવી તાજેતરની વૈશ્વિક રેકિંગમાં JHU મોટા ભાગે વિશ્વભરની ટોચની ૧૫થી ૨૦ સંસ્થાઓમાં સ્થાન પ્રાપ્ત કરે છે. જોન્સ હોપકિન્સ યુનિવર્સિટીના વિશ્વભરમાં માત્ર ૧૦ કેમ્પસ છે, જેમાંથી બે અમેરિકાની બહાર છે.

# બે ભારતીય ખેલાડી ઓસ્ટ્રેલિયા પર ભારે પડશે : માઇકલ ક્લાર્ક

। (એજન્સી) પર્થ, તા.૧૮ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૫ ટેસ્ટ મેચની સીરિઝની પહેલી ટેસ્ટ મેચ ૨૨ નવેમ્બરે પર્થમાં રમાશે. ભારતીય ટીમને છેલ્લી ટેસ્ટ સીરિઝમાં ન્યૂઝીલેન્ડ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતીય ટીમને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાં પહોંચવા માટે ઓસ્ટ્રેલિયા સામેની આ સીરિઝ કોઈપણ રીતે જીતવી પ ડશે. ભારતીય ટીમે ૫ ટેસ્ટ મેચની સીરિઝમાં ઓછામાં ઓછી ૪ ટેસ્ટ મેચ જીતવી પડશે.

આ દરમિયાન હવે ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન માઈકલ ક્લાર્કે ભારતીય ટીમને લઈને એક નિવેદન આપ્યું હતું. ક્લાર્કે ભારત માટે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતવાની ફોર્મ્યુલા જણાવી છે. એક ઈન્ટરવ્યુમાં ક્લાર્કે કહ્યું હતું કે, 'જો ભારતીય ટીમે સીરિઝ જીતવી હશે તો વિરાટ કોહલી અને રિષભ પંતે ઘણાં રન બનાવવા



પડશે.' પૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટને કહ્યું કે, 'ઓસ્ટ્રેલિયામાં વિરાટ કોહલીનો રેકોર્ડ શાનદાર છે. મને લાગે છે કે તેનો અહીંનો રેકોર્ડ ભારત કરતા સારો છે. તેણે ઓસ્ટ્રેલિયામાં ૧૩ ટેસ્ટ મેચમાં ૬ સદી ફટકારી છે. જો ભારતને આ સીરિઝ જીતવી હશે તો વિરાટ કોહલીએ સૌથી વધુ રન બનાવવા પડશે અને રિષભ પંતે પણ શાનદાર પ્રદર્શન કરવું પડશે. આ બે ખેલાડીઓ ભારત માટે સૌથી મહત્ત્વપૂર્ણ છે. આ ટેસ્ટ મેચમાં કોહલી પાસેથી ઘણી અપેક્ષાઓ છે. કોહલીએ પર્થમાં અત્યાર સુધીમાં બે ટેસ્ટ રમી છે. જેમાં તેણે જાન્યુઆરી ૨૦૧૨માં બે ઈનિંગ્સમાં ૪૪ અને ૭૫ રન બનાવ્યા હતા. જેમાં ઓસ્ટ્રેલિયાએ એક ઈનિંગ્સ અને ૩૭ રનથી જીતી મેળવી હતી. કોહલીએ વર્ષ ૨૦૧૮માં કેપ્ટન તરીકે પર્થમાં બીજી ટેસ્ટ રમી હતી. જેમાં તે સદી ફટકારનાર પહેલો બેટર બન્યો હતો. અગાઉ જાન્યુઆરી ૨૦૨૧માં ગાબા ખાતે ભારતના ઓસ્ટ્રેલિયાના પ્રવાસની ચોથી અને અંતિમ ટેસ્ટ દરમિયાન રિષભ પંતે ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસની સૌથી યાદગાર ઈનિંગ રમી હતી. પાંચમા દિવસે ૩૨૮ રનના લક્ષ્યાંકનો પીછો કરતી વખતે પંતે ૧૩૮ બોલમાં અણનમ ૮૯ રન બનાવ્યા હતા. જેના કારણે ભારતે જોરદાર જીત મેળવી હતી. આ મેદાન છે જ્યાં ઓસ્ટ્રેલિયા ૩૨ વર્ષથી ટેસ્ટ મેચમાં ક્યારેય હર્યું નથી.

# ૧૬૦ ફ્લાઈટ મોડી પડી હતી, એરલાઈન્સે જારી કરી એડવાઈઝરી

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૧૮ ।

દિલ્હીમાં ગાઢ ધુમ્મસના કારણે વિમાન સેવાઓ ખોરવાઈ: ૧૬૦ ફ્લાઈટ મોડી પડી, એરલાઈન્સે જારી કરી એડવાઈઝરી છે. દિલ્હીની હવા આજે સોમવારે ૧૮ નવેમ્બરની સવારે તેના સૌથી ખતરનાક સ્તરે છે. એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૪૮૧ પર પહોંચી ગયો છે. પ્રદૂષણ અને ધુમ્મસથી પીડિત દિલ્હીમાં ફ્લાઈટને ઘણી અસર પડી છે. ગાઢ ધુમ્મસને કારણે વિઝિબિલિટી ઓછી થવાથી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સવારે ૮.૩૦ વાગ્યા સુધી લગભગ ૧૬૦ ફ્લાઈટ્સ મોડી પ ડી હતી. ફ્લાઈટ-ટ્રેકિંગ વેબસાઈટ ફ્લાઈટરડાર૨૪ અનુસાર, ૧૧૮ ફ્લાઈટને પ્રસ્થાનમાં અને ૪૩ ફ્લાઈટને આગમનમાં વિલંબ થયો હતો. પ્રસ્થાનમાં સરેરાશ ૨૨ મિનિટનો વિલંબ નોંધવામાં આવ્યો હતો. ઓછી વિઝિબિલિટીના કારણે પાંચ ફ્લાઈટ્સ (જયપુર-૦૪, દેહરાદૂન-૦૧) ડાયવર્ટ કરવામાં આવી હતી. દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (DIAL)એ જણાવ્યું કે, ઓછી વિઝિબિલિટી પ્રક્રિયા ચાલુ છે, પરંતુ મુસાફરોને ખાતરી આપીએ છીએ કે, તમામ ફ્લાઈટ કામગીરી હાલમાં સામાન્ય છે. જો કે, મુસાફરોને અપડેટેડ ફ્લાઈટની માહિતી માટે તેમની એરલાઈન્સનો સંપર્ક કરવાની સલાહ આપવામાં આવે છે. અહેવાલ અનુસાર, સોમવારે સવારે દિલ્હી એરપોર્ટ પર ૭ ફ્લાઈટ્સ રદ્દ કરવામાં આવી હતી કારણ કે ગાઢ ધુમ્મસને કારણે વિઝિબિલિટી ઘટી ગઈ હતી. એરલાઈન કંપ નીઓએ તેમના મુસાફરોને ગાઢ ધુમ્મસને કારણે ફ્લાઈટમાં વિલંબ અંગે સલાહ આપી છે. ઈન્ડિગો એરલાઈન્સે મુસાફરી પર ધુમ્મસની અસરને સ્વીકારીને એડવાઈઝરી જારી કરી હતી. એરલાઈને ટ્વિટર પર એક પોસ્ટમાં કહ્યું કે, "ધુમ્મસ હજુ દિલ્હીની વિઝિબિલિટીને અસર કરી રહ્યું છે, જેના પરિણામે ટ્રાફિક ધીમો પડી શકે છે અને ફ્લાઈટના શેડ્યૂલમાં વિલંબ થઈ શકે છે.

# મહારાષ્ટ્રમાં ભાઈનો ભાઈ પર મોટો હુમલો, રાજ ઠાકરેએ ઉદ્ધવ ઠાકરેને ગદ્દાર ગણાવ્યા

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરેએ શિવસેના યુબીટી પ્રમુખ ઉદ્ધવ ઠાકરેની જોરદાર ટીકા કરી છે. તેમણે કહ્યું છે કે બધાએ ઉદ્ધવ ઠાકરેના કારણે શિવસેના છોડી. જેઓ શિવસેના છોડીને ગયા તે ગદ્દાર નથી, અસલી ગદ્દાર ઉદ્ધવ ઠાકરે છે. મહારાષ્ટ્રની આજની રાજકીય સ્થિતિ માટે ઉદ્ધવ ઠાકરે જવાબદાર છે. આ પહેલા પણ રાજ ઠાકરે ઘણા અવસરોએ ઉદ્ધવ ઠાકરે પર નિશાન સાધી ચૂક્યા છે. જ્યારે શિવસેના યુબીટી તરફથી રાજ ઠાકરેને નિશાન બનાવવામાં આવ્યા છે. થોડા દિવસો પહેલા જ શિવસેના યુબીટી સાંસદ સંજય રાઉતે કહ્યું હતું, "રાજ ઠાકરેએ એવું કહ્યું કે દેવેન્દ્ર ફડણવીસના આગામી મુખ્યમંત્રી બનવા સાથે મહાયુતિ સરકાર સત્તામાં પાછી ફરશે? શું ઈડી, સીબીઆઈ જેવી કેન્દ્રીય તપાસ એજન્સીઓનું કોઈ દબાણ છે?" સંજય રાઉતે મહાયુતિની વાપસી અંગે રાજ ઠાકરેના વિશ્વાસની મજાક ઉડાવતા ભવિષ્યવાણી કરી કે ભાજપ ૫૦ બેઠકો પણ મેળવવામાં નિષ્ફળ જઈ શકે છે, જ્યારે એમએનએસને ૧૫૦ બેઠકો મળી શકે છે. તેમણે કહ્યું કે જો ભાજપ નવેમ્બર પછી નવી સરકાર બનાવવા માંગે છે અથવા તેનો ભાગ બનવા માંગે છે, તો તેણે તેની વ્યૂહરચના પર પુનર્વિચાર કરવો પડશે. રાઉતે મનસે અને ભાજપ બંને પર કટાક્ષ કરતા કહ્યું, "તો આવા કિસ્સામાં રાજ ઠાકરે મુખ્યમંત્રી બનવા જોઈએ. અમે છેલ્લા ૨૫ વર્ષોથી રાજ્યની રાજનીતિમાં આ મજાક જોઈ રહ્યા છીએ. આ હાસ્યાસ્પદ છે." રાજ ઠાકરેની ટીકા કરતા, રાઉતે પૂછ્યું કે મનસે પ્રમુખનો વિચાર કેવી રીતે બદલાયો છે, જ્યારે તેમણે પહેલા કહ્યું હતું કે ફડણવીસ કે કેન્દ્રીય ગૃ હ મંત્રી અમિત શાહની મદદ કરવી એ આ રાજ્યના લોકોનું અપમાન છે. તેમણે એટલે સુધી કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શાહને મહારાષ્ટ્રમાં પગ મૂકવાની મંજૂરી નહીં આપવી જોઈએ કારણ કે તેઓ મરાઠીઓના દુશ્મન છે.

## વિશેષ

### મણિપુરમાં હિંસા ફાટી નીકળી

# કોંગી ધારાસભ્ય લોકેશ્વરના ઘરમાં આગ લગાવી દીધી, ઉગ્ર ભીડે સંબંધિત ઓફિસોના ફર્નિચરનો સામાન બહાર કાઢી સળગાવી દીધો હતો : સુરક્ષાદળોએ ગોળીબાર કર્યો

। (એજન્સી) મણિપુર, તા.૧૮ ।

મણિપુરના જિરીબામ જિલ્લામાં રવિવારે થયેલી હિંસામાં એક વ્યક્તિની મોત થઈ ગઈ છે અને અન્ય એક વ્યક્તિ ઘાયલ થયો છે. મૃતકની ઓળખ ૨૦ વર્ષીય અથૌબા નામના યુવક તરીકે થઈ છે. જણાવવામાં આવી રહ્યું છે કે, ઉગ્ર ભીડ અને સ્થિતિને નિયંત્રિત કરવા માટે સુરક્ષાદળો તરફથી ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેમાં તે ઘાયલ થયો હતો. રાત્રે લગભગ ૧૧ વાગ્યે આ ઘટના બની હતી. મળતી માહિતી અનુસાર રવિવારની રાત્રે ઉગ્ર ભીડે જિરીબામ જિલ્લાના બાબૂપુરામાં સ્થિત ભાજપ અને કોંગ્રેસની ઓફિસમાં લૂંટ કરી તોડફોડ કરી હતી. ઉગ્ર ભીડે સંબંધિત ઓફિસોના ફર્નિચરનો સામાન બહાર કાઢી સળગાવી દીધો હતો. ત્યારબાદ સુરક્ષાદળોએ ભીડને દૂર કરવા અને સ્થિતિનો સામનો કરવા ગોળીબાર કર્યો હતો. આ દરમિયાન એક ગોળી અથૌબાને લાગી, જેનાથી તે ઘાયલ થઈ ગયો અને બાદમાં તેની મોત થઈ ગઈ. આ ઘટના જિરીબામ પોલીસ સ્ટેશનથી લગભગ ૫૦૦ મીટરની દૂરી પર છે. અધિકારીઓએ જણાવ્યું કે વિરોધીઓએ નિંગથૌખોંગમાં લોક નિર્માણ મંત્રી ગોવિંદદાસ કોંથૌજમ, લેંગમેડોંગ માર્કેટમાં ભાજપ ધારાસભ્ય વાય. રાધેશ્યામ, થોબલ જિલ્લામાં ભાજપ ધારાસભ્ય પાઓનમ બ્રોજેન અને ઈમ્ફાલ પૂર્વ જિલ્લામાં કોંગ્રેસના ધારાસભ્ય લોકેશ્વરના ઘરોને આગ લગાવી દીધી હતી. નોંધનીય છે કે, આ સમયગાળા દરમિયાન ધારાસભ્ય અને તેમના પરિવારના સભ્યો ઘરે હાજર ન હતા. ફાયર બ્રિગેડના જવાનોએ ઘટનાસ્થળે પહોંચી આગને કાબુમાં લીધી તે પહેલા ઘરો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા હતા. દેખાવકારોએ શનિવારે રાત્રે ઈમ્ફાલ પૂર્વ વિસ્તારમાં મુખ્યમંત્રી બિરેન સિંહના પૈતૃક આવાસ પર પણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પ રંતુ સુરક્ષા દળોએ તેમને ૧૦૦-૨૦૦ મીટર અગાઉથી અટકાવી દીધા હતાં. ત્યારબાદ ટોળાએ ટાયર સળગાવ્યા અને બિરેનના ઘર તરફ જતા મુખ્ય માર્ગ પર વાહનોની અવરજવર અટકાવી દીધી. હિંસા વિશે અધિકારીઓએ આપેલી માહિતી મુજબ, ઉગ્રવાદીઓએ રાતોરાત જિરીબામ શહેરમાં ઓછામાં ઓછા બે ચર્ચ અને ત્રણ ઘરોને પણ આગ લગાવી દીધી હતી. તોફાનીઓએ વધુ આગચંપી કરી હોવાના અહેવાલો પણ આવ્યા છે, પરંતુ આ દાવાઓની હજુ સુધી સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી. ઈમ્ફાલ ઘાટીમાં રાતભર આગચંપી અને ભીડ દ્વારા ૧૩ ધારાસભ્યોના ઘર પર હુમલાની ખબર સામે આવી. તેમાંથી નવ ધારાસભ્ય ભાજપના હતાં. પોલીસે જણાવ્યું કે, જેવી જ હિંસા ઓછી થતી દેખાઈ હતી, ભાજપ ધારાસભ્ય કોંગરખમ રોબિન્દ્રોને મળવાની માગ કરી રહેલી ભીડે રવિવારે સાંજે ઈમ્ફાલના પશ્ચિમમાં તેમના પૈતૃકકત ઘરમાં તોડફોડ કરી દીધી હતી. મળતી માહિતી મુજબ, સુરક્ષાદળોએ હિંસાગ્રસ્ત વિસ્તારોમાં મોરચાબંદીસ કરતા વિસ્તારોમાં ૧૦૭ નાકા અને ચેકપ ોસ્ટ સ્થાપિત કર્યા છે, જેમાં પહાડી અને ઘાટી બંને વિસ્તાર સામેલ છે. આ ચેકપોસ્ટ પર કોઈપણ પ્રકારના ઉલ્લંઘન



માટે કોઈપણ શંકાસ્પદ વ્યક્તિની અટકાયત કરવામાં નથી આવી, જેનાથી સુરક્ષાદળોની હાજરીમાં સકારાત્મક અસર જોવા મળી રહી છે. સુરક્ષાદળોએ પોતાના આ સર્ચ ઓપરેશન હેઠળ નેશનલ હાઈવે-૨ પર આવશ્યક વસ્તુથી ભરેલા ૪૫૬ વાહનોની સલામત અવરજવર સુનિશ્ચિત કરી છે. સાથે જ સંવેદનશીલ વિસ્તાર પર કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે અને સંવેદનશીલ રસ્તા પર સુરક્ષા કાફલાને તૈનાત કરવામાં આવ્યા છે. જેથી વાહનોની અવિરત અને સલામત અવરજવર સુનિશ્ચિત કરી શકાય. હિંસા વિશે અધિકારીઓએ આપેલી માહિતી મુજબ, ઉગ્રવાદીઓએ રાતોરાત જિરીબામ શહેરમાં ઓછામાં ઓછા બે ચર્ચ અને ત્રણ ઘરોને પણ આગ લગાવી દીધી હતી. તોફાનીઓએ વધુ આગચંપી કરી હોવાના અહેવાલો પણ આવ્યા છે, પરંતુ આ દાવાઓની હજુ સુધી સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી. ઈમ્ફાલ ઘાટીમાં રાતભર આગચંપી અને ભીડ દ્વારા ૧૩ ધારાસભ્યોના ઘર પર હુમલાની ખબર સામે આવી. તેમાંથી નવ ધારાસભ્ય ભાજપના હતાં. પોલીસે જણાવ્યું કે, જેવી જ હિંસા ઓછી થતી દેખાઈ હતી, ભાજપ ધારાસભ્ય કોંગરખમ રોબિન્દ્રોને મળવાની માગ કરી રહેલી ભીડે રવિવારે સાંજે ઈમ્ફાલના પશ્ચિમમાં તેમના પૈતૃકકત ઘરમાં તોડફોડ કરી દીધી હતી. મળતી માહિતી મુજબ, સુરક્ષાદળોએ હિંસાગ્રસ્ત વિસ્તારોમાં મોરચાબંદીસ કરતા વિસ્તારોમાં ૧૦૭ નાકા અને ચેકપોસ્ટ સ્થાપિત કર્યા છે, જેમાં પહાડી અને ઘાટી બંને વિસ્તાર સામેલ છે. આ ચેકપોસ્ટ પર કોઈપણ પ્રકારના ઉલ્લંઘન માટે કોઈપણ શંકાસ્પદ વ્યક્તિની અટકાયત કરવામાં નથી આવી, જેનાથી સુરક્ષાદળોની હાજરીમાં સકારાત્મક અસર જોવા મળી રહી છે. સુરક્ષાદળોએ પોતાના આ સર્ચ ઓપરેશન હેઠળ નેશનલ હાઈવે-૨ પર આવશ્યક વસ્તુથી ભરેલા ૪૫૬ વાહનોની સલામત અવરજવર સુનિશ્ચિત કરી છે. સાથે જ સંવેદનશીલ વિસ્તાર પર કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે અને સંવેદનશીલ રસ્તા પર સુરક્ષા કાફલાને તૈનાત કરવામાં આવ્યા છે. જેથી વાહનોની અવિરત અને સલામત અવરજવર સુનિશ્ચિત કરી શકાય. હિંસા વિશે અધિકારીઓએ આપેલી માહિતી મુજબ, ઉગ્રવાદીઓએ રાતોરાત જિરીબામ શહેરમાં ઓછામાં ઓછા બે ચર્ચ અને ત્રણ ઘરોને પણ આગ લગાવી દીધી હતી. તોફાનીઓએ વધુ આગચંપી કરી હોવાના અહેવાલો પણ આવ્યા છે, પરંતુ આ દાવાઓની હજુ સુધી સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી. ઈમ્ફાલ ઘાટીમાં રાતભર આગચંપી અને ભીડ દ્વારા ૧૩ ધારાસભ્યોના ઘર પર હુમલાની ખબર સામે આવી. તેમાંથી નવ ધારાસભ્ય ભાજપના હતાં. પોલીસે જણાવ્યું કે, જેવી જ હિંસા ઓછી થતી દેખાઈ હતી, ભાજપ ધારાસભ્ય કોંગરખમ રોબિન્દ્રોને મળવાની માગ કરી રહેલી ભીડે રવિવારે સાંજે ઈમ્ફાલના પશ્ચિમમાં તેમના પૈતૃકકત ઘરમાં તોડફોડ કરી દીધી હતી. મળતી માહિતી મુજબ, સુરક્ષાદળોએ હિંસાગ્રસ્ત વિસ્તારોમાં મોરચાબંદીસ કરતા વિસ્તારોમાં ૧૦૭ નાકા અને ચેકપોસ્ટ સ્થાપિત કર્યા છે, જેમાં પહાડી અને ઘાટી બંને વિસ્તાર સામેલ છે. આ ચેકપોસ્ટ પર કોઈપણ પ્રકારના ઉલ્લંઘન માટે કોઈપણ શંકાસ્પદ વ્યક્તિની અટકાયત કરવામાં નથી આવી, જેનાથી સુરક્ષાદળોની હાજરીમાં સકારાત્મક અસર જોવા મળી રહી છે. સુરક્ષાદળોએ પોતાના આ સર્ચ ઓપરેશન હેઠળ નેશનલ હાઈવે-૨ પર આવશ્યક વસ્તુથી ભરેલા ૪૫૬ વાહનોની સલામત અવરજવર સુનિશ્ચિત કરી છે. સાથે જ સંવેદનશીલ વિસ્તાર પર કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે અને સંવેદનશીલ રસ્તા પર સુરક્ષા કાફલાને તૈનાત કરવામાં આવ્યા છે.

## ધારપુર કોલેજમાં રેગિંગનો મામલો

# ABVPના કાર્યકરો વચ્ચે ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા

### એન્ટી રેગિંગ કમિટીએ ૧૨ ભોગ બનનાર અને ૧૫ રેગિંગ કરનાર વિદ્યાર્થીની પૂછપરછ કરી હતી જે બાદ ૧૫ સિનિયર વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કર્યા

। (એજન્સી) પાટણ, તા.૧૮ ।

ધારપુર મેડિકલ કોલેજમાં રેગિંગ દરમિયાન એક વિદ્યાર્થીના મોત બાદ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. મળતી જાણકારી અનુસાર, પાટણમાં ધારપુર મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીના મોત બાદ રેગિંગના આરોપ લાગતા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. ૧૫ સિનિયર વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. એન્ટી રેગિંગ કમિટીએ ૧૨ ભોગ બનનાર અને ૧૫ રેગિંગ કરનાર વિદ્યાર્થીની પૂછપરછ કરી હતી. જે બાદ ૧૫ સિનિયર વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવાયો હતો. સાથે જ પોલીસ ફરિયાદની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. રેગિંગના આરોપસર ૧૫ સિનિયર વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. એન્ટી રેગિંગ કમિટીએ રેગિંગ કરનાર ૧૫ વિદ્યાર્થીની પૂછપરછ કરી હતી. પોલીસ ફરિયાદની કાર્યવાહી શરૂ



કરવામાં આવી છે. રેગિંગની ઘટનામાં અનિલ નામના વિદ્યાર્થીનું મોત નિપજ્યું છે. જો કે રેગિંગની ઘટનાને લઈ રવિવાર મોડી રાત્રે છમ્ફઁના કાર્યકરો કેમ્પસમાં પહોચ્યા હતા અને ન્યાયની માંગ સાથે સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો. આ સમયે પોલીસ અને છમ્ફઁના કાર્યકરો વચ્ચે ઝપાઝપીના પણ દ્રશ્યો સર્જાયા હતા. જો કે બાદમાં પોલીસે આઠથી વધુ છમ્ફઁના કાર્યકરોને ડિટેઈન કર્યા હતા. મૂળ સુરેન્દ્રનગરના જેસડા ગામનો અનિલ મેથાણીયા નામનો વિદ્યાર્થી સ્મ્મ્જીના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો. તેનું મોત થતાં પરિવારજનોએ લગાવ્યો આરોપ હતો કે સીનિયર વિદ્યાર્થીઓએ રેગિંગ કરતાં અનિલનું મોત થયું હતું.

માહિતી પ્રમાણે, પાટણ જિલ્લાની ધારપુર મેડિકલ કૉલેજમાં પહેલા વર્ષમાં ભણતા વિદ્યાર્થીનું શંકાસ્પદ મોત નીપજ્યુ હતું. આ મૃતક ૧૮ વર્ષીય વિદ્યાર્થી સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના જેસડા ગામનો રહેવાસી હતો. આ શંકાસ્પદ મોતમાં પરિવારે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યુ છે કે, અમારા દીકરા સાથે કૉલેજમાં રેગિંગ થયું હતુ. હાલ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ધારપુર મેડિકલ કૉલેજના ડીન હાર્દિક શાહે આ અંગે જણાવ્યુ છે કે, ગઈકાલે રાતે પહેલા વર્ષનો વિદ્યાર્થી કૉલેજમાં ઢળી પડ્યો હતો. તેને સારવાર માટે તાત્કાલિક હૉસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓની આ અંગે પૂછપરછ કરતા જાણવા મળ્યું છે કે, સીનિયર વિદ્યાર્થીઓએ તેમને ત્રણેક કલાક ઊભા રાખીને પોતાનું ઈન્ટ્રોડ્ક્શન આપવાનું કહ્યુ હતુ. જે દરમિયાન આ ઘટના બની છે. આ અંગે બનાવેલી કમિટિ પ્રમાણે અને પોલીસને પણ આ અંગેની વાત કરવામાં આવી છે. તેમના વાલીને પણ માહિતી આપીને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પણ લઈ જવામાં આવ્યો છે. જો રેગિંગની ઘટના સાચી હશે તો તેમાં શિક્ષાત્મક પગલાં પણ લેવામાં આવશે. વિદ્યાર્થીના મોતના મામલે પિતરાઈ ભાઈએ જણાવ્યુ છે કે, અમને કૉલેજમાંથી પહેલા ફોન આવ્યો કે તમારો દીકરો ઢળી પડ્યો છે અને તેને દાખલ કરવામાં આવ્યો છે. જે બાદ અમે અહીં આવ્યા ત્યારે ખબર પડી કે, તેનું મોત નીપજ્યુ છે.

## ન્યૂઝ બ્રિફ

### ભાભરમાં દેશની સૌપ્રથમ ગૌમૂત્ર ડેરી ખુલ્લી મૂકાઈ

। (એજન્સી) ભાભર, તા.૧૮ ।

દસ હજાર ગૌમૂત્ર માંથી પ્રવાહી જૈવિક ખાતર બનાવી શકે તેવી ભાભર પાસે દેશની સૌપ્રથમ ગૌમૂત્ર ડેરી ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, અને પુર્વ કેન્દ્રીય મંત્રી ડો. વલ્લભભાઈ કથેરીયા અને પરમ પુજ્ય બ્રહ્મ સાવિત્રી સિદ્ધ પિઠાધિશ્વર જગત ગુરુ બ્રહ્મ ઋષિ તુલછારામ મહારાજની ઉપસ્થિતિમાં ખુલ્લી મૂકવામાં આવી હતી.

ભાભર તાલુકાના અબાળા ગામે છેલ્લા કેટલાક વર્ષોથી એક ગૌપેમી પાંચ રૂપિયે લિટરના ભાવે ગૌમૂત્ર ગૌ પાલકો પાસેથી ખરીદીને એક નાનકડી ગૌમૂત્ર આધારિત ધન ભૂમિ નામની પ્રવાહી દવા બનાવી ખેડૂતોને ખેતપેદાશ આપવામાં આવતી હતી.

રોજનું ૧૫૦૦ લીટર ગોપાલકો પાસેથી ગૌમૂત્ર ખરીદી વેસ્ટ જતું ગૌમૂત્ર બેસ્ટ બનાવી અને ખેડૂતોને ઓર્ગેનિક ખેતી માટે પ્રોત્સાહિત કરાયા હતા.

આ બાબતે ગૌમૂત્ર ડેરીના ડાયરેક્ટર મદનલાલ પુરોહિતે જણાવ્યું હતું કે રોજનું દસ હજાર લિટર ગોપાલકો પાસેથી ગૌમૂત્ર ખરીદી ગૌ મૂત્રને ત્રણ પાર્ટ કરવામાં આવે છે આધુનિક લેબ દ્વારા રિસર્ચ કરી ત્રણ પાર્ટમાં ૧૦ હજાર લિટર ગૌ મૂત્રમાં ૫ લીટર શુદ્ધ પાણી પણ નીકળશે અને અન્ય પાર્ટમાં ઔષધીઓ ભેળવી પ્લાન્ટ દ્વારા પ્રોસેસ કરીને પ્રવાહી જૈવિક ખાતર બનાવી ખેડૂતોને વેચાણ આપી ઓર્ગેનિક ખેતી માટે પ્રોત્સાહિત કરવામાં આવશે અને છેવાડાના ગોપાલકોને રોજગારી મળશે. આધુનિક લેબ દ્વારા રિસર્ચ કરી ત્રણ પાર્ટમાં ૧૦ હજાર લિટર ગૌ મૂત્રમાં ૫ લીટર શુદ્ધ પાણી પણ નીકળશે અને અન્ય પાર્ટમાં ઔષધીઓ ભેળવી પ્લાન્ટ દ્વારા પ્રોસેસ કરીને પ્રવાહી જૈવિક ખાતર બનાવી ખેડૂતોને વેચાણ આપી ઓર્ગેનિક ખેતી માટે પ્રોત્સાહિત કરવામાં આવશે અને છેવાડાના ગોપાલકોને રોજગારી મળશે.

### પાકિસ્તાન મરીને ભારતીય ફિશિંગ બોટ પર કર્યું ફાયરિંગ

। (એજન્સી) કચ્છ, તા.૧૮ ।

ભારતનો પાડોશી દેશ પાકિસ્તાન જાણે સુધરવાનું નામ જ નથી લઈ રહ્યો. રવિવારે મોડી રાત્રે પાકિસ્તાન મરીન દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું, જેના કારણે માછીમારોની બોટ ડૂબી ગઈ હતી. જોકે, સદનસીબે માછીમારોનો બચાવ થયો હતો, પરંતુ માછીમારની બોટ દરિયામાં ડૂબી ગઈ હતી. સમગ્ર ઘટનામાં ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા માછીમારોનો બચાવ કરવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ રવિવારે અરબી સમુદ્રમાં IMBL નજીક ફાયરિંગની ઘટના બની હતી. જેમાં ભારતીય માછીમારોની બોટ પર પાકિસ્તાન મરીન દ્વારા ફાયરિંગ કરાવામાં આવ્યું હતું. જોકે, પાકિસ્તાન તરફથી ફાયરિંગ થતાં જ ઈન્ડિયન કોસ્ટગાર્ડની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી અને માછીમારોનો આબાદ બચાવ કર્યો હતો. જોકે, સમગ્ર ફાયરિંગની ઘટનામાં માછીમારોની બોટમાં નુકસાન થતાં તે પાણીમાં ડૂબી ગઈ હતી. નોંધનીય છે કે, સમગ્ર ઘટના દરમિયાન કોઈ જાનહાનિ નોંધાઈ નથી. બપોર બાદ કોસ્ટગાર્ડની ટીમ માછીમારોને ઓખા બંદરે લઈને આવશે તેવું જાણવા મળી રહ્યું છે.

## ગુજરાતના પ્રથમ થીમ-પાર્કનું નિર્માણ કરાશે

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી મ્યુઝિયમનું મુખ્યમંત્રીના હસ્તે ધંધુકામાં લોકાર્પણ કરાયું

### ચારણ-કન્યા આધારિત ગુજરાતના સહુપ્રથમ થીમ-પાર્કનું નિર્માણ પણ કરાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની શૌર્યભૂમિ ધંધુકા (જિ. અમદાવાદ) સ્થિત ઐતિહાસિક જિલ્લા પંચાયત રેસ્ટ-હાઉસ ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી મ્યુઝિયમનું લોકાર્પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરાયું હતું. ગુજરાત સરકારના પ્રવાસન વિભાગના ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કિટ અંતર્ગત ઐતિહાસિક જિલ્લા પંચાયત રેસ્ટ-હાઉસ અને તેના પરિસરનો રૂ. પાંચ કરોડના ખર્ચે સ્મૃતિ-સ્થળ તરીકે વિકાસ કરવામાં આવ્યો છે. રેસ્ટ-હાઉસના ચાર ખંડમાં સિંધુડો–ધોલેરા સત્યાગ્રહ, ધંધુકા અદાલત અને સાબરમતી જેલના ઈતિહાસને નિરૂપતી કલાત્મક પ્રતિમાઓ અને દુર્લભ તસ્વીરોનું પ્રદર્શન તેમજ ગાંધી-દર્શન કોર્નર, મેઘાણી-સાહિત્ય કોર્નર ધરાવતું સમૃદ્ધ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પુસ્તકાલયની સ્થાપના કરવામાં આવી છે. પરિસરમાં મેઘાણી સ્મૃતિ નામે નવીન સાંસ્કૃતિક ભવનનું પણ નિર્માણ કરાયું છે.



લોકલાગણીને માન આપીને, વિશેષ આકર્ષણરૂપે, અહીં ઝવેરચંદ મેઘાણી દ્વારા ૧૯૨૮માં રચિત અમર કાવ્ય ચારણ-કન્યા આધારિત ગુજરાતના પ્રથમ થીમ-પાર્કનું નિર્માણ કરાશે. ગુજરાત સરકારના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા, પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સુરેન્દ્રનગર લોકસભા સંસદસભ્ય ચંદુભાઈ શિહોરા, ધારાસભ્ય કાળુભાઈ ડાભી, પૂર્વ ધારાસભ્ય ભરતભાઈ પંડ્યા, મેઘાણી-ગીતોના ખ્યાતનામ લોકગયક અભેસિંહ રાઠોડ, અમદાવાદ જિલ્લા કલેકટર પ્રવીણા ડી. કે., ઉત્તર ગુજરાત વીજ કંપની લિ.ના મેનેજિંગ ડીરેકટર અરૂણ મહેશ બાબુ, ગુજરાત પ્રવાસન નિગમ લિ.ના મેનેજિંગ ડીરેકટર એસ. છાકછુઆક, જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે, પોલીસ મહાનિરીક્ષક – અમદાવાદ રેન્જ જે. આર. મોથાલિયા, જિલ્લા પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટ, ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવ, શહેર ભાજપ પ્રમુખ રમેશભાઈ ચૌહાણ, લોકગાયિકા રાધાબેન વ્યાસ સહિત વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. સાહિત્ય, લોકસાહિત્ય, પત્રકારત્વ તેમ જ આઝાદીની લડતમાં એમનું અનન્ય અને મહામૂલું પ્રદાન ક્યારેય વિસરાશે નહીં, સદાય અજરામર રહેશે તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અંજલિ અર્પી હતી. સાહિત્ય, લોકસાહિત્ય, પત્રકારત્વ તેમ જ આઝાદીની લડતમાં એમનું અનન્ય અને મહામૂલું પ્રદાન ક્યારેય વિસરાશે નહીં, સદાય અજરામર રહેશે તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અંજલિ અર્પી હતી.

## ખ્યાતિ હોસ્પિટલ કાંડ

# સરકારે આયુષ્માન યોજના માટેના નિયમોમાં ફેરફાર કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

તાજેતરમાં ખ્યાતિ હોસ્પિટલની બેદરકારીના કારણે ૨ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. ત્યારે રૂપિયાની લાલચમાં અને સરકાર પાસેથી રૂપિયા પડાવવાની લ્હાયમાં આ કરતૂત કરવામાં આવી હતી. ત્યારે સમગ્ર ઘટનાને લઈ સરકારે આયુષ્યમાન યોજનાને લઈ મહત્વનો નિર્ણય કર્યો હતો. જેમાં સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ ખ્યાતિ હોસ્પિટલની ઘટના પછી સરકારે આયુષ્માન યોજના માટેના નિયમોમાં ફેરફાર કર્યો છે.જેમાં આયુષ્માન યોજનામાં હવે માત્ર રિપોર્ટનો આધાર પૂરતો નહીં રહેતા હોસ્પિટલે પુરાવા આપવા પડશે. જેમાં હોસ્પિટલ દ્વારા એન્જિયોગ્રાફીની ઝઙ્ઘ પણ ડોક્યુમેન્ટ સાથે આપવાની રહેશે. જેની તપાસ બાદ જ કામગીરી આગળ વધારવામાં આવશે. આમ એક ખ્યાતિ હોસ્પિટલના પાપે હવે બાકીની બધી હોસ્પિટલો પણ દંડાશે. પાડાના વાંકે પખાલીને ડામ કહેવત આ કિસ્સામાં બરોબરની લાગુ પડે છે. એક હોસ્પિટલ અનેકને લઈને ડૂબશે.બીજી તરફ અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં ૨ દર્દીના મોત મામલે આરોપીઓને કડક સજા કરાવવા પોલીસનો એક્શન પ્લાન ઘડ્યો છે. જેમાં ખ્યાતિકાંડમાં તપાસ માટે હ્લજીન્ની મદદ લેવામાં આવનાર છે. ઉપરાંત જરૂર પડશે તો પોલીસ આરોપીના નાર્કો ટેસ્ટ કરાવશે. ત્યારે હાલ પોલીસે તપાસના તાર ગાંધીનગર સુધી લંબાવ્યા છે. જેમાં ગાંધીનગર આરોગ્ય વિભાગમાં પોલીસ દ્વારા તપાસ કરવામાં આવશે. તો પોલીસ આરોપીના નાર્કો ટેસ્ટ કરાવશે. ત્યારે હાલ પોલીસે તપાસના તાર ગાંધીનગર સુધી લંબાવ્યા છે. જેમાં ગાંધીનગર આરોગ્ય વિભાગમાં પોલીસ દ્વારા તપાસ કરવામાં આવશે.

# લૂંટના ઈરાદે વૃદ્ધાના ઘરમાં ઘૂસેલા પ્રેમી યુગલની વાડજ પોલીસે ધરપકડ કરી

### વાડજ પોલીસે આ મામલે તપાસ કરતા મહિલા આરોપીના સાગરિતના વાહનનો નંબર મળી આવ્યો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ઉસ્માનપુરામાં આવેલી શાંતિનગર સોસાયટીમાં રહેતા વૃદ્ધા ઘરે એકલા હતા ત્યારે બંગ્લોના ધાબેથી બુકાનીધારી મહિલા ઘરમાં ઘૂસી હતી. આ મહિલાએ લૂંટ કે ચોરીના ઈરાદે વૃદ્ધાની આંખમાં મરચાની ભૂકી નાખી ઝપાઝપી કરી હતી. બાદમાં વૃદ્ધાને બાથરૂમ અને રૂમમાં પૂરવાની પણ કોશિશ કરી હતી. આ મહિલા ચોરી કે લૂંટ કરવામાં સફળ ન થતાં ત્યાંથી ભાગી ગઈ હતી. વાડજ પોલીસે આ મામલે તપાસ કરીને ગણતરીના સમયમાં જ આરોપી મહિલાના સાગરીતના એક્ટિવાના નંબરથી પ્રેમી યુગલની ધરપકડ કરી છે. ઉસ્માનપુરા શાંતિનગર સોસાયટીમાં રહેતા પરાગબેન શાહના મકાનના નીચેના ભાગે તેમના પતિ નર્સિંગ હોમ ચલાવતા હતા. જે ચાર વર્ષથી બંધ હાલતમાં છે અને ત્યાં સ્ટાફના શાંતાબેન રહે છે. ગત શુક્રવારે સવારે પરાગબેન ઘરે એકલા હતા તેવામાં સાડા આઠેક વાગ્યે મકાનના ધાબાની સીડી વાટેથી એક બુકાનીધારી મહિલા ગોગલ્સ પહેરીને આવી હતી. આ મહિલાને બુકાની અને ગોગલ્સ કાઢવાનું કહેતા જ તેણે વૃદ્ધા પર હાથ મારીને ચશ્મા કાઢી નાખી આંખમાં મરચાની ભુકી નાખી દીધી હતી. બાદમાં તેમને ખેંચીને બાથરૂમ અને બેડરૂમમાં પૂરી દેવાની કોશિશ કરી હતી. વૃદ્ધા ભાગીને મુખ્ય રૂમમાં દોડી આવતા આ બુકાનીધારી મહિલા ઘરનો દરવાજો બહારથી બંધ કરીને ભાગી ગઈ હતી. વાડજ પોલીસે આ મામલે તપાસ કરતા મહિલા આરોપીના સાગરિતના વાહનનો નંબર મળી આવ્યો હતો. જેથી પોલીસે તે નંબર આધારે તપાસ કરી હતી અને ગણતરીના કલાકોમાં બે આરોપીની ધરપકડ કરી બે એક્ટિવા પણ કબજે કર્યા છે. પોલીસે યશ ઉર્ફે શિવમ કૈલાશભાઈ દેવીદાસ ભાવસાર (ઉ.૨૩, રહે. રાણીપ અને વડોદરા) તથા રાખી પરમેશભાઈ ખાંટ (ઉ.૨૪, રહે. ચાંદલોડિયા)ની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં જણાયુ છે કે વડોદરાના યશ ભાવસારે તેની પ્રેમિકાને સાથે રાખીને ઝડપથી પૈસા કમાવા માટે લૂંટ કે ચોરીનો પ્લાન કર્યો હતો.

# સુરતમા બોગસ ડોક્ટરોએ શરૂ કરી એક હોસ્પિટલ

। (એજન્સી) સુરત, તા.૧૮ ।

રાજ્યમાં નકલીની બોલબાલા ચાલી રહી હોય તેવું જણાઈ રહ્યું છે. જેમાં હવે સુરત પણ બાકાત રહ્યું નથી. સુરતમાં પણ નકલી પોલીસની સાથે પાલિકાના અધિકારીઓ બાદ હવે ઝોલા છાપ ડોક્ટરોનું કારસ્તાન સામે આવ્યું છે. આ બોગસ ડોક્ટરોને જાણ તંત્રનો કોઈ ડર કે ધાક ન રહ્યો હોય તે રીતે ક્લિનિકની જગ્યાએ ગરીબ દર્દીઓને લૂંટવા માટે થઈને હોસ્પિટલ જ શરૂ કરી દીધી છે.ઝોલા છાપ તબીબોએ પાડેસરમાં ભેગા મળી હોસ્પિટલ જ શરૂ કરી દીધી હતી. જન સેવા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ નામ આપી દીધું હતું. જેમાં ૨૪ કલાક ઈમરજન્સી સેવા આપવાનું બોર્ડ પણ મારી દીધું હતું. સાથે જ પોલીસ અધિકારીનું નામ પણ આમંત્રણ પત્રિકામાં આવ્યું હતું. દર્દીઓને લૂંટવા માટે શરૂ થયેલી આ હોસ્પિટલનો ભાંડો ફૂટી ગયો છે.આ હોસ્પિટલ શરૂ કરનારમાં બે સામે બોગસ મેડિકલ પ્રેક્ટિસ તો ત્રીજા સામે દારૂની ફેરાફેરીના કેસમાં અગાઉ ઝડપાઈ ચૂક્યો છે. એસઓજી દ્વારા બબલુ શુક્લા સામે બોગસ મેડિકલ પ્રેક્ટિસનો ગુનો નોંધાયો હતો. પાંડેસરા પોલીસે પણ આ જ રીતે રાજા રામ દૂબે સામે ફરિયાદ નોંધી હતી. બોગસ ડો. જી. પી. મિશ્રા સામે તો વર્ષ ૨૦૨૨ માં દારૂની ફેરાફેરીનો કેસ નોંધાયો હતો. બોગસ ડો. જી. પી. મિશ્રા સામે તો વર્ષ ૨૦૨૨ માં દારૂની ફેરાફેરીનો કેસ નોંધાયો હતો.

## અકસ્માતની ઘટના સામે આવી

# આસોદર પાસે ૧૧ વર્ષીય બાળકનું અજાણ્યા વાહનની ટક્કરે મોત

। (એજન્સી) આણંદ, તા.૧૮ ।

આણંદ નજીકના વિદ્યાનગર ત્રિવેણી કોમ્પ્લેક્સ પાછળ આશ્રય સોસાયટીની સાઈડ ઉપર ગબરુભાઈ પપ્પુભાઈ પલાસિયા પોતાની પત્ની અને પરિવાર સાથે રહે છે. તા. ૧૬મીએ આ લોકો આણંદથી આંકલાવ તાલુકાના આસોદર ગામ નજીક હાઈવે પર આવેલા સીએનજી પંપ પર દીવાલનું કામકાજ હોઈ ગયા હતા. ગબરુભાઈ પોતાની સાથે પોતાના કાકાના દીકરા મકનને પણ લઈ ગયો હતો. જે તેમના નાના દીકરા આયર્નને રમાડતો હતો. આશરે સાંજે ૦૪:૦૦ વાગ્યે નજીકના લોકો પતંગ ચગાવતા હતા. તે વખતે પતંગ લૂંટવા સારું મકન દોડીને ગયો હતો. આ દરમિયાન સિક્સલેન હાઈવે ઉપર અજાણ્યા વાહને મકનને ટક્કર મારતાં તે રોડ પર ફેંકાયો હતો.

તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. એકત્ર થઈ ગયેલા લોકોએ ૧૦૮ વાનને બોલાવી હતી જેમણે મકનને તપાસીને મૃત જાહેર કર્યો હતો. આ અંગે આંકલાવ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. જે તેમના નાના દીકરા આયર્નને રમાડતો હતો. આશરે સાંજે ૦૪:૦૦ વાગ્યે નજીકના લોકો પતંગ ચગાવતા હતા. તે વખતે પતંગ લૂંટવા સારું મકન દોડીને ગયો હતો. આ દરમિયાન સિક્સલેન હાઈવે ઉપર અજાણ્યા વાહને મકનને ટક્કર મારતાં તે રોડ પર ફેંકાયો હતો.

તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. એકત્ર થઈ ગયેલા લોકોએ ૧૦૮ વાનને બોલાવી હતી જેમણે મકનને તપાસીને મૃત જાહેર કર્યો હતો. આ અંગે આંકલાવ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. એકત્ર થઈ ગયેલા લોકોએ ૧૦૮ વાનને બોલાવી હતી જેમણે મકનને તપાસીને મૃત જાહેર કર્યો હતો. આ અંગે આંકલાવ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

